


JULY 09, 2016

VISIT…

LANZAROTE

Caliente.COM

(A page from a printed book)

‘આનન્દનું આકાશ’

‘Aanandnu Aakaash’

By : Dr. Shashikant Shah

●પાંચ આવૃત્તીઓ●

પ્રથમ આવૃત્તી : ડીસેમ્બર, 2015, પુનર્મુદ્રણ : જાન્યુ., ફેબ્રુ., ફરી ફેબ્રુ. અને માર્ચ, 2016

(આમ, ચાર જ માસમાં આ પુસ્તીકાની પાંચ આવૃત્તી થઈ !)

♦મુલ્ય♦

રુપીયા : 60/-

(આ પુસ્તક ભેટ આપવા માટે રુ. ૩૦/-માં મળી શકશે.)

●લેખક–પ્રકાશક●

ડૉ. શશીકાન્ત શાહ

35, આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, રાંદેર રોડ, સુરત – 395 009

સમ્પર્ક : 0261 – 277 6011 મોબાઈલ : 98252 33110

♦મુદ્રક♦

પ્રોગ્રેસીવ પ્રીન્ટીંગ પ્રેસ

શીવરામ ડાઈંગની ગલી, ખટોદરા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ખટોદરા,

સુરત – 395002 ફોન : 0261 – 263 1700

અર્પણ

‘ઉંઝા જોડણી’ના પ્રખર સમર્થક અને
દેશ–વીદેશમાં સદ્ વીચારોનો પ્રચાર–પ્રસાર કરનારી
‘સન્ડે–ઈ.મહેફીલ’ના પ્રણેતા આદરણીય વડીલમીત્ર



‘શ્રી. ઉત્તમ ગજ્જર’ને

તથા

અન્ધશ્રદ્ધા, વહેમ, ધર્મના નામે ચાલતાં પાખંડોને પડકારનારો બ્લોગ
‘અભીવ્યક્તી’ના સ્થાપક અને પ્રખર રૅશનાલીસ્ટ સન્મીત્ર



‘શ્રી. ગોવીન્દ મારુ’ને

ઉંડા ઋણસ્વીકારની લાગણી સાથે સપ્રેમ...

(A page for eBook)

eBook : ‘Aanandnu Aakaash’ By Dr. Shashikant Shah

●લેખક–પ્રકાશક●

ડૉ. શશીકાન્ત શાહ

35, આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, રાંદેર રોડ, સુરત – 395 009

સમ્પર્ક : 0261-277 6011 મોબાઈલ : 98252 33110

મુલ્ય : ‘આનન્દનું આકાશ’ના વાચનમાં વાચકોને આનન્દ સાંપડે તે..

●ઈ.બુક પ્રકાશક●

મણી મારુ,

405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી. – 396450 સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@gmail.com

♦ આ ઈ.બુકનું સમ્પુર્ણ સૌજન્ય♦ એક શુભેચ્છક તરફથી...

●માર્ગદર્શન અને પ્રુફવાચન●

ઉત્તમ ગજ્જર

ગુરુનગર, વરાછા રોડ, સુરત- 395 006

ફોન : 0261-255 3591 ઈ.મેઈલ : uttamgajjar@gmail.com

♦ઈ.બુક અક્ષરાંકન♦

‘મણી મારુ’ પ્રકાશન વતી : ગોવીન્દ મારુ ‘અભીવ્યક્તી’

સેલફોન : 9537 88 00 66 ઈ.મેઈલ : govindmaru@gmail.com

અમ દમ્પતીનાં વહાલાં ગ્રાંડ ચીલ્ડ્રનોને

આ ઈ.બુક

ભાવભર્યા આશીષ સાથે સમર્પીત...



સાક્ષી

પૌત્રી



પ્રીયંકા

દૌહીત્રી



રાહુલ

દૌહીત્ર

...કુમુદ અને શશીકાંત શાહ...

મારી કેફીયત

‘ગુજરાતમીત્ર’ની મારી બન્ને કૉલમોને અનહદ પ્રેમ અને આવકાર આપનારા પ્રીય વાચક મીત્રોનો હૃદયપુર્વક આભાર માનું છું.

‘ગુજરાતમીત્રે’ મારામાં વીશ્વાસ મુકીને મને કૉલમ લખવાની તક આપી તે માટે આદરણીય શ્રી. ભરતભાઈ રેશમવાળાનો, કેતકીબહેન રેશમવાળાનો અને ‘ગુજરાતમીત્ર’ પરીવારનો ભાવપુર્વક ઋણ સ્વીકાર કરું છું.

મારું સત્તરમું પુસ્તક પ્રગટ થઈ રહ્યું છે ત્યારે મારા ગુરુવર્ય ડૉ. ગુણવંત શાહસાહેબને તથા ડૉ. ભગવતીકુમાર શર્માને કૃતજ્ઞતા સાથે વંદન પાઠવું છું. હું આજે જે કંઈ પણ છું તે એમને કારણે અને એમના થકી છું. એમનો ખુબ ખુબ આભાર.

–શશીકાન્ત શાહ

35, આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, રાંદેર રોડ,

સુરત – 395 009

ફોન : 0261-277 6011 મોબાઈલ : 98252 33110

1 જાન્યુઆરી, 2016



‘આનન્દનું આકાશ’
ક્ષીતીજો વીસ્તારે છે...

‘આનન્દનું આકાશ’ હવે ઈ.બુકનો અવતાર ધારણ કરી દેશ–વીદેશની સરહદો ઓળંગવા શક્તીમાન બને છે ત્યારે હું અત્યંત પ્રસન્નતાની લાગણી અનુભવું છું.

પ્રીય વડીલમીત્ર શ્રી. ઉત્તમ ગજ્જર તથા એવા જ બીજા યુવાનમીત્ર શ્રી. ગોવીન્દ મારુએ ઈ.બુકના સર્જનમાં જે તકલીફ ઉઠાવી છે તેને વર્ણવવા શબ્દોનો ગજ ટુંકો પડે છે. ‘ગુજરાતમીત્ર’માં પ્રસીદ્ધ થતાં મારા લેખો પણ આ બન્ને મીત્રોની કૃપાથી દેશની સરહદો ઓળંગીને અસંખ્ય વાચકો સુધી પહોંચ્યા છે. એમના દ્વારા ગુજરાતી સાહીત્યની જે સેવા થઈ રહી છે તેની નોંધ કૃતજ્ઞ વાચકોએ લીધી છે. ઈ.બુકના પ્રકાશન ટાણે પુનઃ આનન્દ અને આભારની લાગણી પ્રગટ કરું છું.

–શશીકાન્ત શાહ
35, આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, રાંદેર રોડ,
સુરત – 395 009
ફોન : 0261-277 6011 મોબાઈલ : 98252 33110
15 જુન, 2016



અમારાં પ્રકાશનો

નવી દૃષ્ટી, નવા વીચાર, નવું ચીન્તન માણવા ઈચ્છતા વાચક બીરાદરો માટે ‘મણી મારુ પ્રકાશને’ ઈ.બુક્સનું પ્રકાશન કરવાનું કાર્ય ઉપાડી લીધું છે. અમારાં પ્રકાશનો માત્ર સદ્ વીચારોના પ્રસાર માટે વાચકોને ઘણું ખરું નીઃશુલ્ક મળતાં રહે તેવો અમારો પ્રયાસ છે અને રહેશે. અમે 3rd જુલાઈ, 2016 સુધીમાં નીચે મુજબની સાત ઈ.બુક્સનું પ્રકાશન કર્યું છે :

1. ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 25 લેખોની ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 01 (પાનાં : 113; મુલ્ય : મફત)

2. ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 25 લેખોની ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 02 (પાનાં : 108; મુલ્ય : મફત)

3. ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. મુરજી ગડાના 25 લેખોની ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 03 (પાનાં : 127; મુલ્ય : મફત)

4. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના ચીન્તનાત્મક 37 લેખોની (ઈ.બુક) – ‘વીવેક–વલ્લભ’ (પાનાં : 190; મુલ્ય : મફત)

5. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 18 વીષયો પર લખેલ ચીન્તનાત્મક લેખોમાંથી તારવી કાઢેલ 206 રૅશનલ મુદ્દાઓનો ગ્રંથ (ઈ.બુક) – ‘વીવેકવીજય’ (પાનાં : 131; મુલ્ય : મફત)

6. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘આનન્દની ખોજ’ (પાનાં : 53; મુલ્ય : મફત)

7. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘ટીન–એજ’માં બોયફ્રેન્ડથી સાવધાન’ (પાનાં : 51; મુલ્ય : મફત)

8. અત્યન્ત લોકપ્રીય લેખક શ્રી. રોહીત શાહની ઈ.બુક ‘અધ્યાત્મના આટાપાટા’ (પાનાં : 111; મુલ્ય : મફત)

9. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘આનન્દનું આકાશ’ (પાનાં : 116; મુલ્ય : મફત)

‘અભીવ્યક્તી’ બ્લોગના મથાળે **‘અભીવ્યક્તી–ઈ.બુક્સ’** વીભાગ http://govindmaru.wordpress.com/e-books/ માં ઉપરોક્ત **નવેય** ઈ.બુક્સ મુકી છે. ગુજરાતી સાહીત્યનો રસથાળ પીરસતી વેબસાઈટ **‘અક્ષરનાદ’** http://aksharnaad.com/downloads વેબસાઈટ પર અને ગુજરાતી–ભાષાનું જતન અને સંવર્ધન માટે સતત સક્રીય વેબસાઈટ **‘લેક્સિકોન’** http://www.gujaratilexicon.com/ebooks/ પર પણ મારા

'અભીવ્યક્તી' બ્લોગની તમામ **'ઈ.બુક્સ'** મુકવામાં આવી છે. સૌ વાચક બન્ધુઓને ત્યાંથી તે ડાઉનલોડ કરી લેવા વીનન્તી છે. ઘણા નવા શીખેલાઓને કે વયસ્કોને ઈ.બુક ડાઉનલોડના વીધીની ફાવટ નથી; તેવા વાચકમીત્રો, મને **govindmaru@yahoo.co.in** પર, પોતાનાં નામ–સરનામા સાથે મેલ લખશે તો સપ્રેમ ઈ.બુક્સ મોકલી આપીશ.

મણી મારુ

●'ઈ.બુક' પ્રકાશક●

405, સરગમ એપાર્ટમેન્ટ,

કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી. – 396 450

સેલફોન : 95 37 88 00 66

ઈ.મેઈલ : govindmaru@yahoo.co.in



Index

અનુક્રમણીકા

'લેખનું શીર્ષક' કૉલમમાં આપની પસંદગીના લેખ પર ક્લીક કરતાં જ તે લેખનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક લેખના અન્તે લખવામાં આવેલ 'અનુક્રમણીકા' શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણીકા ખુલશે. આ સુવીધાનો લાભ લેવા વાચકોને વીનન્તી છે.



અનુક્રમણીકા

01

યાદ રાખ કે તું ગરીબ છે : જીવતરનો નીચોડ

(રણજીત સીંહ સહેગલની એક અંગ્રેજી વાર્તાને આધારે આશા વીરેન્દ્રે 'ભુમીપુત્ર'ના સપ્ટેમ્બર, 2010ના અંકમાં *'જીવતરનો નીચોડ'* શીર્ષક ધરાવતી એક વાર્તા પ્રસીદ્ધ કરી. 'સન્ડે–ઈ.મહેફીલ'ના પ્રણેતા શ્રી. ઉત્તમ ગજ્જરે જુન–14, 2015ના 324માં અંકમાં એ વાર્તા દેશવીદેશના હજારો વાચકો તરફ રવાના કરી. એ વાચકોમાંના આઠ મીત્રોએ આ લખનારને ભલામણ કરી; 'આર.વાય.પી.'ની વીસ્તૃત ચર્ચા આપની લોકપ્રીય કૉલમમાં જરુરથી કરશો. એ બધી વાતો નવી પેઢીના મીત્રોને ઉપયોગી થાય એમ છે.' અહીં *'જીવતરનો નીચોડ'* વાર્તાનો સારાંશ રજુ કર્યો છે.)

સૌ પ્રથમ ફોન શ્રી. રાજેન્દ્ર કર્ણીકનો આવ્યો; 'સન્ડે–ઈ.મહેફીલ'ની વાર્તામાં સુચવાયેલા 'આર. વાય. પી.(RYP)' ની વીસ્તૃત ચર્ચા આપની કૉલમમાં ઉપાડો તો વાચકોને જરુર ગમશે. ત્યાર પછી એ જ સુચન અન્ય સાત વાચકો તરફથી આવ્યું. *'જીવતરનો નીચોડ'* વાર્તાના સર્જક આશાબહેન વલસાડમાં રહે છે. (ફોન : 02632–251719, સેલફોન : 94285 41137) મેં એમની સાથે વાત કરીને વાર્તાનો બોધપાઠ ચર્ચવાની અનુમતી માંગી તો એમણે તરત સમ્મતી આપી દીધી. વાર્તાનો સારાંશ આ પ્રમાણે છે :

'ડૉ. પ્રકાશ સીંહ કુટુમ્બીજનો, મીત્રો અને સગાંસ્નેહીઓમાં ઉંચો આદર ધરાવતા હતા. ડૉક્ટરસાહેબ 75 વર્ષ પુરાં કરીને 76માં વર્ષમાં પ્રવેશી રહ્યા હતા. સૌએ આ પ્રસંગ યાદગાર બની રહે એ રીતે ઉજવવાનું નક્કી કર્યું. પૌત્ર આકાશ અને એની પત્ની રુચીએ દાદાજી માટે કંઈક અનોખી ભેટ લાવવાની જવાબદારી સ્વીકારી. તેઓ એક ગીફ્ટ શૉપમાં ગયા. દુકાનદાર હસમુખો અને ગ્રાહકની વાત તરત સમજી લે એવો હતો. એણે એક એકથી ચડીયાતી પેન બતાવવા માંડી. રુચીએ જોયું કે કઈ પેનથી વધુ સારું લખાય છે એ જોવા માટે રફ રેપર પર લખતી વખતે આકાશ આર.વાય.પી. લખતો હતો. બન્નેએ ક્રૉસની એક પેન અને સુન્દર ફોટોફ્રેમ પસન્દ કર્યાં. રુચીનું સુચન હતું : 'ફ્રેમમાં દાદાજીનો ફોટો મુકાવીને નીચે 75નો આંકડો લખાવીએ.'

આકાશે દુકાનદારને કહ્યું; ‘હા, પણ ફ્રેમમાં સૌથી ઉપર આર.વાય.પી. અક્ષરો સોનેરી રંગમાં લખજો અને હા, આ પેન પર પણ RYP લખજો.’

રસ્તામાં રુચીએ પુછ્યું, ‘આકાશ, આ RYP અક્ષરોનો અર્થ શો છે ?’ આકાશે માથું ખંજવાળતા કહ્યું, ‘રુચી, સાચું કહું તો એની પાછળનું રહસ્ય મને પણ ખબર નથી. દાદાજીએ એમનાં બધાં પુસ્તકોનાં પહેલે પાને RYP લખ્યું છે. પપ્પા પણ કહેતા હતા કે, આ અક્ષરો પાછળનો ભેદ શો છે એ દાદાજીએ હજી સુધી કોઈને કહ્યું નથી.’ ડૉક્ટરસાહેબની વર્ષગાંઠની પાર્ટી બરાબર જામી હતી ત્યારે મોકો જોઈને રુચીએ ધડાકો કર્યો : ‘હવે દાદાજી આપણને એમના જીવન વીશે, એમના અનુભવો વીશે થોડી વાતો કરશે અને સાથે સાથે RYP અક્ષરો સાથે એમનો શો સમ્બન્ધ છે એની વાત પણ કરશે.’ પ્રકાશ સીંહના ચહેરા પર એક ભરપુર અને અર્થસભર જીન્દગી જીવ્યાનો સન્તોષ છલકાતો હતો. કંઈક સંકોચ સાથે એમણે શરુઆત કરી :

‘આજે જીન્દગીમાં જે મુકામ પર પહોંચ્યો છું એનું મોટા ભાગનું શ્રેય આ RYP અક્ષરોને આપી શકાય. ભારત–પાકીસ્તાનના લોહીયાળ ભાગલા પડ્યા ત્યારે અમારે બધું છોડીને ભાગવું પડ્યું. નીરાશ્રીતોની છાવણીમાં દીવસો ગુજારવા પડ્યા. ફક્ત પીતાજીની ધીરજને સહારે જ અમે ટકી ગયા. આ પ્રસંગે એમને યાદ કરીને હું નમન કરું છું.’ દાદાજીનું ગળું રુંધાઈ ગયું. રુચી દોડીને પાણીનો ગ્લાસ લઈ આવી.

‘જેમ તેમ કરતાં અમે નવા વાતાવરણમાં ગોઠવાયાં તો ખરાં; પરન્તુ હું બરાબર સમજતો હતો કે પીતાજી પર અસહ્ય બોજો આવી પડ્યો છે. ત્રણ ત્રણ સન્તાનોને ભણાવવાં–ગણાવવાં સહેલું નહોતું. તેઓ હમ્મેશાં હસતાં હસતાં માને કહેતા : ‘આજે ભલે મુસીબત વેઠવી પડે; પણ કાલે આપણા છોકરાઓ હીરાની માફક ઝળકી ઉઠશે.’

‘મને અમૃતસરની મેડીકલ કૉલેજમાં ઍડ્મીશન મળ્યું. મેં રાતદીવસ જોયા વગર સખત મહેનત કરવા માંડી. મીત્રો હૉટેલમાં જમવા કે આઈસ્ક્રીમ ખાવા બહાર જતા હોય કે સીનેમાની મજા માણવાના હોય ત્યારે, હું સતત મારા મનને સમજાવતો કે, ‘તને આ બધું ન પોષાય’ – ‘રીમેમ્બર યુ આર પુઅર’ (Remember You Are Poor). મેસનું બેસ્વાદ

ભોજન ખાઈખાઈને કંટાળેલા અને થાકેલા મારા મનને હું કાગળ પર RYP લખીલખીને સમજાવતો. હું વીચારતો કે પીતાના અથાક પરીશ્રમથી કમાયેલી એક પાઈ પણ વ્યર્થ ખર્ચવાનો મને અધીકાર નથી. એવા સંજોગોમાં મનને સમજાવવાનું અઘરું જરુર હતું, પણ અશક્ય તો નહોતું.'

સૌ આમન્ત્રીતો પ્રસંશાભરી નજરે પ્રકાશ સીંહ સામે જોઈ રહ્યા હતા અને એમનો એક એક શબ્દ ધ્યાનથી સાંભળી રહ્યા હતા.

'ડૉક્ટર થયા પછી ભલે મેં મારી પોતાની હૉસ્પીટલ બનાવી અને ખુબ ખ્યાતી મેળવી; પણ પેલા RYPને હું એક દીવસ માટે પણ ભુલ્યો નહીં. એ અક્ષરોએ જ મને નમ્ર, દયાળુ અને સંવેદનશીલ બનાવ્યો અને મારા સાથીઓ અને દર્દીઓએ આ અક્ષરોને કારણે જ મને અઢળક પ્રેમ આપ્યો. એમણે જ હમ્મેશાં મને મારાં મુળ સાથે જોડેલો રાખ્યો છે. હું તો માનું છું કે આ અક્ષરો જાણે **મારા જીવતરનો નીચોડ** છે.'

પ્રકાશ સીંહે પોતાની વાત પુરી કરી ત્યારે ત્યાં બેઠેલા બધાં સ્તબ્ધ થઈ ગયાં હતાં. આકાશ અને રુચીએ દાદાજીને પગે લાગીને એમના હાથમાં પેન અને ફોટોફ્રેમ મુક્યાં, ત્યારે ડૉક્ટરસાહેબ ભાવવીભોર થઈ ગયા. એમની આંગળીઓ મમતાપુર્વક RYP અક્ષરોને એક એક કરીને સ્પર્શી રહી હતી.

આશાબહેનની આ વાર્તા વાંચીને કેટલાક વીચારવન્ત વાચકોને એક સરખો વીચાર આવ્યો કે આ RYPનો જાદુ આપણી 'માણસ નામે ક્ષીતીજ' કૉલમના યુવાવાચકો સુધી પહોંચવો જોઈએ.

અમારા પુષ્ટી સમ્પ્રદાયમાં દીનતાનું મહત્ત્વ છે. પ્રત્યેક માણસે નમ્રતા અને દીનતા ધારણ કરીને જીવવું જોઈએ. અહંકારમુક્ત વર્તનનો પુરાવો દીનતામાંથી પ્રાપ્ત થાય છે. પીતાજી પાસે પુષ્કળ પૈસા હોય કે ન હોય... જે અઢાર વર્ષનો દીકરો સ્વયં કમાતો નથી એ તો ગરીબ જ છે. પચાસ લાખની કાર હાંકવાનો અધીકાર એને ક્યાંથી મળે ? કોઈ ધનીક માણસનો દીકરો ફુટપાથ પર સુતેલા ગરીબ માણસોને કચડી નાંખે તેનું કારણ, 'હું ગરીબ છું' એ હકીકત ભુલી જવાઈ છે તે સીવાય બીજું કયું હોઈ શકે ? RYP સુત્ર તો પ્રત્યેક માણસે

માદળીયું બનાવીને ગળે લટકાવવા જેવું છે. કોઈ પણ માણસ પોતાને ગરીબ સમજીને કરકસરથી જીવે તો કોઈની પાસે હાથ લાંબો કરવાનો વખત ન આવે. રાજેન્દ્ર કર્ણીક પુછે છે : 'કૉલેજમાં અભ્યાસ કરવા લોન કે સ્કૉલરશીપ માંગતાં છોકરા–છોકરીઓ, પીતાજીની વાર્ષીક આવક દસ હજાર કે બાર હજાર દર્શાવે છે; પરન્તુ જ્યારે તેમને સ્કૉલરશીપના રુપીયા આપવા બોલાવવામાં આવે છે, ત્યારે તેમના હાથમાં પંદર હજારનો તો સ્માર્ટ ફોન હોય છે !'

આજે તો ગરીબ માણસને પણ પોતાને ગરીબ ગણાવામાં શરમ આવે છે, ધનવાનોની તો વાત જ ક્યાં કરવી ? મોટી હૉસ્પીટલ ધરાવતા ડૉક્ટર સાહેબ RYPને કારણે લોકોમાં અને દર્દીઓમાં લોકપ્રીય બન્યા. કેટલો મહાન મેસેજ છે, આ નાનકડી વાર્તામાં ! ખરેખર શ્રી. ઉત્તમ ગજ્જર, શ્રી. ગોવીન્દ મારુ, આશાબહેન અને અન્ય ઘણા મીત્રો પ્રેરણાદાયક વાતોનો સમાજમાં ફેલાવો કરીને સમાજની ખુબ મોટી સેવા કરી રહ્યા છે. પરીવારના વડીલો, ચાહે તેઓ ધનીક હોય કે ગરીબ હોય, પોતાનાં સન્તાનોને સંસ્કાર આપે અને વારસામાં RYPનો મન્ત્ર આપે તો જીન્દગીમાં કદી દુઃખ–દર્દનો અનુભવ ન કરવો પડે. આમીન.

મેઘધનુષ

એક સન્તે ચાર ધામની યાત્રાને આ રીતે રજુ કરી છે :

1. બધાંને રાજી કરીને રાજી થાય, તે પહેલા ધામની યાત્રા.
2. જીવનમાંથી જક અને ઝઘડો કાઢી નાખે, તે બીજા ધામની યાત્રા.
3. ઉષ્માભર્યું જીવન જીવે અને દયાળુ સ્વભાવ રાખે, તે ત્રીજા ધામની યાત્રા.
4. જરુર પુરતું અને હીત, મીત અને કલ્યાણકારી બોલે, તે ચોથા ધામની યાત્રા.

–'જીવનગીતા'માંથી સાભાર..

અનુક્રમણીકા

02

કોઈના ગેરવર્તન અંગે
આપણે શા માટે દુ:ખી થવાનું ?

એક પુત્રવધુની વેદના દર્શાવતો પત્ર આજે ચર્ચા માટે રજુ કરું છું. સાસુજીની લાંબી માંદગી દરમીયાન પતી, નણંદ, સગાં–સમ્બન્ધી તરફથી જે ગેરવર્તનો થયાં તેની દર્દનાક વાતો સંભળાવ્યા પછી એમણે પ્રશ્ન રજુ કર્યો : 'આ બધાંને સહન કરવાની મારે શી જરુર ? બે મહીનાની રજા લઈને સાસુની સેવામાં રહી; પરન્તુ કદરના બે શબ્દો સાંભળવાના દુર રહ્યા; હું સાસુનું ધ્યાન નથી રાખતી, એવી અફવાઓ સૌ ફેલાવતાં રહે છે !' *એમણે પ્રથમ પોતાની કરમકથા લખી મોકલાવી. ત્યાર પછી એક કલાકનો સમય માંગીને મને મળવા માટે આવ્યાં. લાંબી ચર્ચાને અન્તે મેં એમને સમજાવ્યું :* 'કોઈના ગેરવર્તન અંગે આપણે શા માટે દુ:ખી થવાનું ? એમની ઉપેક્ષા કરવાનું શીખી જાઓ...'

વેઈન ડાયર અમેરીકાના ખ્યાતનામ લેખક અને મોટીવેશનલ સ્પીકર હતા. એક વાર પોતાના પ્રવચનમાં એમણે મજાકમાં કહેલું : 'જે બધા લોકો તમને સતાવે છે, તમારી નીન્દા–ટીકા કરે છે, એ બધાંને પકડીને મારી સામે હાજર કરો. હું એમનું 'કાઉન્સેલીંગ' કરીશ અને તમારાં બધાં દુ:ખ–દર્દ ગાયબ થઈ જશે !' એમનું એક ક્વોટેશન જગમશહુર છે અને વારમ્વાર ટાંકવામાં આવે છે; 'લોકો તમારી સાથે કઈ રીતે વર્તે છે એ એમનું કર્મ છે અને તમે એમનો કઈ રીતે પ્રતીભાવ આપો છો એ તમારું !' એમણે એક પ્રવચનમાં એવું પણ કહેલું; 'જ્યારે તમે અન્યનો ન્યાય તોળવા બેસો છો ત્યારે, અન્યને નહીં; પોતાને જ વ્યાખ્યાયીત કરો છો !'

ચાળીસ વર્ષની ઉમ્મર ધરાવતી એક પુત્રવધુએ પોતાની ગમ્ભીર ફરીયાદો રજુ કરી તેના સન્દર્ભે વેઈન ડાયરનું સ્મરણ થઈ આવ્યું. એ સન્નારીએ લખેલા પત્રનો સારાંશ આજની ચર્ચાને આગળ વધારવા માટે ટાંકું છું. 'મારી સાસુની ઉમ્મર પંચોતેર વર્ષ છે. હું કૉલેજમાં લેક્ચરર તરીકે સેવા આપું છું. વયસહજ માંદગીને કારણે સાસુને હૉસ્પીટલમાં રાખવા પડ્યાં. હું કૉલેજમાંથી બે મહીનાની રજા લઈને સાસુની સારવારમાં વ્યસ્ત છું.

પરીવારના સભ્યોનો સપોર્ટ મળતો નથી. પતી વકીલાતમાંથી ઉંચા નથી આવતા. નણંદ વડોદરાથી બે દીવસ માટે મહેમાનની જેમ આવી અને ચાલી ગઈ. એ હતી ત્યારે મારે એકને બદલે બે જણની સેવામાં રહેવું પડ્યું. હું કામ કરવાથી થાકતી નથી; પરન્તુ જશને બદલે જુતીયાં મળે તેનો થાક લાગે છે. નણંદ મન્દીરે ગઈ ત્યારે સૌની સામે મારી ભારે વગોવણી કરી. મારી ઈર્ષ્યા–અદેખાઈથી પીડાતાં સગાં–સમ્બન્ધીઓ પણ મને ભાંડવાની એક પણ તક છોડતાં નથી. મારે જીવવું કઈ રીતે ?'

મેં એમને ઈ.મેલથી વેઈન ડાયરને ટાંકીને લાંબો જવાબ મોકલ્યો. પરન્તુ સન્તોષ ન થવાથી તેઓ રુબરુ મળવા આવીને હૈયાંવરાળ ઠાલવી ગયાં અને પ્રતીભાવો દાખવવા માટેનો શ્રેષ્ઠ ઉપાય સમજીને વીદાય થયાં. એમનો સૌથી મહત્ત્વનો પ્રશ્ન આ હતો : 'જેમનું મેં કંઈ જ બગાડ્યું નથી, જેમની સાથે મારે કોઈ વેરઝેર નથી, તેવાં સગાં–સમ્બન્ધીઓ પણ આ તક ઝડપી લઈને મારી વગોવણી કરતાં ફરે છે. 'હું સાસુનું ધ્યાન નથી રાખતી, દીલ દઈને સેવા નથી કરતી, વૃદ્ધ સાસુને ખાટલે સુવડાવી મુકી છે, સરખું ખાવાનું પણ આપતી નથી, વગેરે... વગેરે... મારી પાછળ એવી એવી વાતો ચાલે છે કે એ બધું સાંભળીને હું ગાંડી થઈ જઈશ એવું લાગે છે !'

પુત્રવધુનો આ અનુભવ કોઈ નવી વાત નથી. આપણે સૌ સમાજની આ પ્રીય ખાસીયતોથી પરીચીત છીએ. સગાં–સમ્બન્ધીઓને જે શુળ ઉપડ્યું છે તેનાં મુળ કારણો આ બધાં છે :

–એ બહેન એમ.સી.એ., એમ.ફીલ.ની ડીગ્રી ધરાવે છે અને કૉલેજમાં મહીને ચાળીસ હજારનો પગાર મેળવે છે.

–એમનો દીકરો બાર સાયન્સની પરીક્ષા પાસ કરીને ગવર્નમેન્ટ મેડીકલ કૉલેજમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરે છે.

–જ્ઞાતીમાં કોઈ કાર્યક્રમ હોય ત્યારે તેઓ છટાદાર પ્રવચનો આપે છે.

–પ્રતીભાશાળી વ્યક્તીત્વ ધરાવે છે.

‘મેં સગાં–સમ્બન્ધીઓનું કંઈ બગાડ્યું નથી; છતાં સૌ કેમ મારી પાછળ પડી ગયાં છે ?’ એ પ્રશ્નનો ઉત્તર પુત્રવધુને મળી ગયો. આપણે સૌએ આ વાત સમજી લેવાની જરુર છે. જેમણે કોઈ નોંધપાત્ર સીદ્ધી મેળવી છે, જેનાં સન્તાનો તેજસ્વી છે, જેઓ પ્રસન્ન પરીવાર ધરાવે છે, જેમની પાસે મનગમતું કામ છે, એમણે પેલા દુઃખી જીવોનું કંઈ નથી બગાડ્યું એમ કેવી રીતે માની શકાય ? જેમને ઘરમાં પત્નીનું સુખ નથી, દીકરો, વહુ કજીયાખોર છે, જીન્દગી કંટકમય અને તણાવગ્રસ્ત છે, એમને માટે આવી પુત્રવધુઓ આત્મવંચનાનું અને નીન્દા–ટીકા કરીને જાતને આશ્વાસન આપવા માટેનું સાધન બની જાય છે.

‘અન્યોનાં વર્તન–વ્યવહાર મને સમજાતાં નથી’ એવી ફરીયાદ કરનારા એકલદોકલ નથી, અસંખ્ય માણસો છે. કોઈના વર્તન પર આપણો કાબુ નથી; આપણે તો આપણાં સંવેગો પર અંકુશ રાખવાનો છે. સામેના માણસનું વર્તન આવું કેમ છે ? એવા પ્રશ્નો ઉદ્‌ભવે ત્યારે એ અનીચ્છનીય વર્તનને જોવાનો દૃષ્ટીકોણ બદલો. એ પ્રકારના વર્તનનાં મુળ તપાસો તો તમને સામેની વ્યક્તી ઘૃણાને નહીં; દયા અને સહાનુભુતીને પાત્ર જણાશે. કોઈના ગેરવર્તનથી દુઃખી થવાનો અર્થ એ છે કે એમના અપરાધની સજા આપણે પોતાને આપી રહ્યાં છીએ. આવા સમયે વીનમ્રતા જાળવી રાખીએ, પ્રતીભાવો દાખવવાથી દુર રહીએ અને મનની શાન્તી બરકરાર રાખીએ. અન્યોનું ગેરવર્તન એમની અસલામતીની લાગણીમાંથી જન્મેલું હોય છે. પોતાની આપત્તીઓ માટે બીજાં બધાં જવાબદાર છે એ પ્રકારની વીચારધારા એમને આક્ષેપો કરવા તરફ દોરી જાય છે. પુત્રવધુને પજવનારાઓ પણ આ ગ્રંથીનો ભોગ બનેલા હોય છે. એમને પ્રેમ તથા સહાનુભુતી સાથે જોવા સમજવાની જરુર છે. આપણા વીરોધીઓને ધીક્કારવા એ સમસ્યાનો ઉકેલ નથી. કોઈના ગેરવર્તનથી દુઃખી થવાનો સીલસીલો ચાલુ થશે, તો કદી અટકવાનું નામ નહીં લે. દુઃખી થવામાં કે ઉશ્કેરાઈ જવામાં જમ પેંધો પડવાનો ભય છે. મેં એ બહેનને સફળતાપુર્વક સમજાવ્યું : ‘નણંદ કે સગાં–સમ્બન્ધીઓની વાતો સાંભળીને તમે દુઃખી થઈ જશો કે નોકરી છોડવાનો વીચાર કરવા માંડશો, તો એમને એવું લાગવા માંડશે કે તમારાં બધાં સુખ–દુઃખનું રીમોટ કંટ્રોલ એમના હાથમાં છે ! તેઓ પોતાનું ગેરવર્તન વણથંભ્યું ચાલુ રાખશે અને તમારી તકલીફોનો કદી અંત નહીં આવે.’

'એક જાણીતી ઉક્તી છે, 'આપણે આપણાં વર્તન–વ્યવહાર થકી બધાંને ખુશ રાખી શકીએ નહીં.' લાખ કોશીશ કરો તોયે જેઓ દુભાવાના છે તેઓ દુભાશે જ. એમને દુભાવા દો અને એમના વર્તન–વ્યવહારને નજરઅંદાજ કરીને મસ્તીથી જીવવાનું ચાલુ રાખો.' એ બહેનને સૌથી વધુ મુંઝવનારો પ્રશ્ન આ હતો; 'ચોરે ને ચૌટે મારો જ વાંક કાઢનારાઓને હું જવાબ ન આપું અને મૌન જાળવું તો હું જ દોષીત છું એવું લોકો માની લેશે તેનું શું ? હું ગુનેગાર ન હોઉં તો પણ મારે ચુપ શા માટે રહેવાનું ?' તમામ તત્વચીન્તકો એક વાત કરે છે કે, પ્રતીભાવ આપવાથી વાતો અટકવાની નથી. મીત્રોને ખુલાસાની જરુર નથી અને દુશ્મનોએ મનાવવાની જરુર નથી. તો પછી નીરર્થક ઉર્જા વેડફવાની શી જરુર છે ? બધું સ્થીતપ્રજ્ઞ ભાવથી સાંભળો. તમે જે સાંભળો છો, મીત્રો અને શુભેચ્છકો તમને જે બાતમી આપે છે, તે પણ પુરેપુરી સાચી હોવાનો સંભવ નથી.

'અહીંનું ત્યાં અને ત્યાંનું અહીં' કરનારાઓની આખી જમાતને ઓળખી લઈએ તો ઉચાટ અને અજંપાથી બચી શકાય.

અમારી કાઉન્સેલીંગ માટેની મુલાકાતને ગયા અઠવાડીયે ત્રણ મહીના પુરા થયા. એ બહેનનો હમણાં જ મેસેજ આવ્યો, 'ત્રણ મહીનામાં ઘણું બદલાઈ ગયું છે. હવે બાહ્ય સંજોગો મને વ્યથીત નથી કરી શકતા. હું સ્વસ્થ રહી શકું છું.' મેં જવાબમાં એમને કહ્યું, 'કંઈ જ બદલાયું નથી. સંજોગો પણ એવા ને એવા જ છે. માત્ર તમે બદલાયાં છો; તેથી તમે સુખી અને સ્વસ્થ રહી શકો છો. તમારી આનન્દની આ અવસ્થા કાયમ ટકે એ માટે મારી શુભેચ્છા છે અને મારી શુભેચ્છા ફળવાનો આધાર સ્વયં તમારાં વર્તન–વ્યવહાર પર છે !'



મેઘધનુષ

પ્રશંસાના બે બોલ એ સામાજીક વહેવારનું એક ઉત્તમ સાધન છે. સાચા દીલની કદર આપણી વાતચીતમાં સુવર્ણ મહોરના જેવી મુલ્યવાન નીવડતી હોય છે. પરન્તુ તેના દુરુપયોગને કારણે તેમ જ ઉપયોગના સમુળગા અભાવને પરીણામે; તે ચલણમાંથી નાબુદ થતી જાય છે. પ્રશંસા કરનાર અને તે મેળવનાર, બન્નેની શોભા વધારે તે પ્રશંસા સાચી. કોઈ એક ક્ષેત્રની નીષ્ણાત વ્યક્તી અમુક મનુષ્યની કદર કરે, ત્યારે એ અભીવાદનનો ઉત્તમ પ્રકાર

બની રહે છે; પણ તે જવલ્લે જ જોવા મળે છે. કદર કરવામાં યોગ્ય સમયનું પણ મહત્ત્વ હોય છે. કોઈએ સરસ ભાષણ કર્યું હોય, તમે સ્વાદીષ્ટ ભોજન કરાવ્યું હોય કે તમારો કાગળ સુન્દર રીતે ટાઈપ કરી આપ્યો હોય, તો એની કદર કરવામાં વખત ગુમાવશો નહીં. પ્રશંસાની આપણી મુડી સાચવી સાચવીને વાપરવાની છે. અને એ પણ યાદ રાખવાનું છે કે કોઈ પણ માણસ એટલો બધો મહાન તો નથી હોતો કે સાચી કદરના એક બોલની તેને પડી(ચોપડીમાં જોઈને અહીં જો 'ન' શબ્દ હોય તો ઉમેરવો. વાક્યનો આખો અર્થ જ બદાઈ જાય છે !) હોય.

–જેક ડેન્ટન સ્કૉટ



અનુક્રમણીકા

03

કમ્ફર્ટ ઝોન પુરો થાય ત્યાંથી જીન્દગી શરુ થાય છે

“જીન્દગીમાં જેમણે નોંધપાત્ર સીદ્ધી કે સફળતા મેળવી છે એમણે સલામતીનું ક્ષેત્ર અતીક્રમીને જોખમો લેવાનું સ્વીકાર્યું હોય છે. આપણાં રંગબેરંગી સ્વપ્નો સીદ્ધ થતાં થતાં ક્યારેક અડધી જીન્દગી પુરી થઈ જાય છે. સરકારી નોકરી છોડીને સ્વતન્ત્ર વ્યવસાય શરુ કરવામાં સલામતી જોખમાય છે; પરન્તુ વીકાસની તકો વધે છે. અજાણ્યા સાહસમાં ઝંપલાવતી વખતે ભયની લાગણી જન્મે છે; પરન્તુ ભયને વશ થયા વગર આગળ વધવાનો નીર્ણય લેવામાં આવે તો સીદ્ધી અને સફળતા આપણને આવકારવા તૈયાર બેઠાં હોય છે. અન્ય રાજ્યમાં મળેલા ઍડ્‌મીશનને જતું કરનારા કેટલાયે વીદ્યાર્થીઓ યશસ્વી કારકીર્દી ગુમાવવા માટે આજે પસ્તાય છે.”

‘કમ્ફર્ટ ઝોન પુરો થાય ત્યાંથી જીન્દગી શરુ થાય છે’ એ પ્રેરક વીચાર નીએલ ડોનાલ્ડ વોલ્સ્ચે આપ્યો અને કેટલાયે યુવામીત્રોએ તેને અનુસરીને પોતાની કારકીર્દીને ટોચ પર પહોંચાડી દીધી. બાર સાયન્સની પરીક્ષા પાસ કરીને કૅનેડા ઉચ્ચ શીક્ષણ મેળવવા જવાની તક એક તરુણીને પ્રાપ્ત થઈ... માતા–પીતા અને સ્વયં તરુણી સામે વીકટ સમસ્યા ઉભી થઈ. અહીંની કૉલેજમાં અભ્યાસ કરીને બી.ઈ., એમ.ઈ.ની ડીગ્રી મેળવી શકાય એમ છે, ત્યારે કૅનેડા જવાનું જોખમ શા માટે લેવું ? સૌથી મોટો પ્રશ્ન એ હતો કે ત્યાંની કૉલેજમાં ઍડ્‌જસ્ટ થઈ જવાય તેની કોઈ ગૅરંટી છે ? મોટે ઉપાડે કૅનેડા પહોંચી જઈએ અને પછી નીષ્ફળતા મળે તો ?

એવો જ એક કીસ્સો એમ.બી.એ. થઈને સુરતની એક કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે સેવા આપતી યુવતીનો છે. યુવતીની મમ્મી છોકરી માટે સારો મુરતીયો શોધી રહી છે. શરત શી છે ? ‘અમારે સુરતની બહાર નથી જવું !’ યુવતીએ જણાવ્યું, ‘હું બધી રીતે યોગ્ય એવો છોકરો મળતો હોય તો ગમે ત્યાં જવા તૈયાર છું.’ અત્યંત પ્રભાવશાળી છોકરી કૅનેડામાં અંકલને ત્યાં રહીને કૉલેજનું શીક્ષણ મેળવવાની તક ઝડપવા નથી ઈચ્છતી. યુવતીની મમ્મી દીકરીને સુરતની સરહદ ઓળંગીને લગ્ન કરવાની છુટ આપવા તૈયાર નથી. બૅન્કના ઑફીસરને ગુજરાતની બહાર મૅનેજર બનવાની ઈચ્છા નથી. કારણ ? મારે મારું શહેર નથી

છોડવું ! કુંડાળામાં રહીને ખેલ ખેલતા રહેવામાં શું શું ગુમાવવાનું આવે છે તેનો વીચાર થવો જોઈએ :

(1) પરીવર્તનથી અને અજાણ્યાં સ્થીતી–સંજોગોથી ડરી જઈને કમ્ફર્ટ ઝોનને વળગી રહેતાં માણસો પોતાના મહત્તમ વીકાસની તક ગુમાવે છે.

(2) ચાળીસ, પચાસ કે સાઠમા વર્ષે સાચી પરીસ્થીતીનો ખ્યાલ તો આવે છે કે, મેં પ્રાપ્ત થયેલી ઉત્તમ તકને ગુમાવી દીધી હતી; પરન્તુ આ શાણપણ લાધે ત્યારે ખુબ મોડું થઈ ગયું હોય છે.

(3) કાલ્પનીક ભય અને અવીશ્વાસ (આત્મવીશ્વાસનો અભાવ) નુતન સંભાવનાઓનો સ્વીકાર કરતાં રોકે છે; કારણ કે કમ્ફર્ટ ઝોનમાં પુરાયેલો માણસ પોતાની ક્ષમતાને યોગ્ય રીતે મુલવી શકતો નથી.

(4) 'મને જે મળ્યું છે તેનાથી મને સંતોષ છે' એવી આત્મવંચના પ્રગતીને અવરોધક બને છે. વાસ્તવમાં, કમ્ફર્ટ ઝોનની બહાર નીકળવાની અનીચ્છા આ પ્રકારની બચાવ પ્રયુક્તીને જન્મ આપે છે.

(5) 'કમ્ફર્ટ ઝોન'માં પુરાયેલા રહીને રમવાનો સૌથી મોટો ગેરલાભ એ છે કે, આપણે ભાગે કમ્ફર્ટ ઝોનની બહાર નીકળીને વીરલ સીદ્ધીઓ મેળવતા વીજેતાઓને વધાવતા રહેવાની ફરજ બજાવવાની આવે છે. આપણે સ્વયં તો વીજેતા બની શકતા નથી !

માણસ 'કમ્ફર્ટ ઝોન' છોડીને બહાર નીકળવાનું કેમ પસન્દ કરતો નથી ? મુખ્ય કારણ એક જ છે; અહીં તે પોતાને મોસ્ટ કમ્ફર્ટેબલ મહેસુસ કરે છે. તે પોતાની મર્યાદાઓની સીમા બાંધીને બેસી જાય છે. મારે જે મેળવવું હતું તે મેળવી લીધું... હવે વધારે કંઈ જોઈતું નથી... પોતાની મહત્તમ સીમાઓ કઈ છે તેનો એમને ખ્યાલ હોતો નથી અને તેથી શ્રેષ્ઠને પામવાથી વંચીત રહી જાય છે. જેક કેનફીલ્ડ નીષ્ફળ કે અર્ધસફળ માણસોના વર્તનવ્યવહાર

અંગે પોતાનું અવલોકન નોંધતાં કહે છે : 'કેટલાક માણસો પોતાની જીન્દગીમાં મનોવૈજ્ઞાનીક ઈમર્જન્સી બ્રેક દબાવેલી રાખીને જીન્દગીને આગળ વધારવાની કોશીશ કરે છે. તેઓ આગળ કઈ રીતે વધી શકે ? પોતાના અંગેની નકારાત્મક ઈમેજ, પુર્વાનુભવને કારણે પેદા થયેલી ગ્રંથીઓ, પોતાની શક્તી અંગેની ગલત ધારણાઓ અને પોતે રચેલો 'કમ્ફર્ટ ઝોન'... આ બધી બ્રેક્સ માણસની જીન્દગીને જકડી રાખે છે. આ પ્રકારના માણસોને પોતે રચેલા 'કમ્ફર્ટ ઝોન'માં શાન્તી અને સલામતીનો અનુભવ થાય છે. તેઓ વીચારે છે, 'કમ્ફર્ટ ઝોન'ની બહાર જઈને જોખમ શા માટે લેવું ? જેઓ જોખમ લેવાથી ડરે છે તેઓ ઉંચાં લક્ષ્યો સાથે સફળતાની દીશામાં આગળ વધવાનો વીચાર સુધ્ધાં કરી શકતા નથી.

'કમ્ફર્ટ ઝોન'માંથી બહાર નીકળવું એટલે શું ? જેક કેનફીલ્ડ પાસેથી સાંભળીએ : '1981માં હું પહેલી વાર લૉસ એન્જેલસ ગયો ત્યારે મારા નવા બૉસ મને શર્ટ ખરીદવા મને ઉંચા ભાવની શૉપમાં લઈ ગયા. ત્યાં એમણે ઘણી વસ્તુઓ ખરીદી અને મને પણ કંઈક ગમતું હોય તો ખરીદવા કહ્યું. મેં એક શર્ટ જોયું, તેની કીંમત 95 ડૉલર્સ હતી. હું ખુબ ગભરાઈ ગયો; કારણ કે હું મારા 'કમ્ફર્ટ ઝોન'ની બહાર જઈ રહ્યો હતો. અત્યાર સુધી મેં ત્રીસ–પાંત્રીસ ડૉલર્સનાં શર્ટ જ પહેર્યાં હતાં. મને કદી પાંત્રીસની ઉપર – 'કમ્ફર્ટ ઝોન'ની બહાર–જવાનો વીચાર જ નહોતો આવ્યો. પરન્તુ એ દીવસે મેં હીમ્મત કરીને 95 ડૉલર્સનું શર્ટ ખરીદી જ લીધું. થોડા દીવસ પછી મેં એ શર્ટ પહેલી વાર પહેર્યું તો હું આશ્ચર્યમાં પડી ગયો. શું એનું ફીટીંગ હતું ! એ શર્ટ ખુબ આકર્ષક અને ભવ્ય લાગતું હતું. 95 ડૉલર્સનું શર્ટ પહેરીને મને ખુબ સારું લાગ્યું. ત્યાર પછી તો મેં બીજું એવું જ શર્ટ ખરીદ્યુ અને હવે એવી સ્થીતીએ પહોંચ્યો છું કે મને એ ક્વૉલીટીથી ઉતરતાં હોય એવાં શર્ટ ખરીદવાનું કે પહેરવાનું ગમતું નથી. હું મારા 'કમ્ફર્ટ ઝોન'ની બહાર નીકળી ચુક્યો હતો.'

'ધ વન મીનીટ મીલ્યનેર' પુસ્તકના સહલેખક રોબર્ટ એલન લખે છે : 'તમારું જે શ્રેષ્ઠ છે અને તમે જે મેળવવા ઈચ્છો છો એ બધું જ તમારા 'કમ્ફર્ટ ઝોન'ની બહાર પડેલું છે. કમ્ફર્ટ ઝોન કોઈ પણ માણસ માટે એક સ્વરચીત જેલ છે અને તેમાં પોતે કેદી બનીને પડી રહે છે. માણસ જ્યાં સુધી આ જેલમાંથી બહાર ન નીકળી શકે ત્યાં સુધી અસાધારણ સીદ્ધીઓ મેળવવાનો હક્કદાર બનતો નથી.

‘કમ્ફર્ટ ઝોન’માંથી બહાર નીકળવા આ છ ટીપ્સને ધ્યાનમાં રાખો :

(1) જોખમી નીર્ણય લઈને મુર્ખ બનવાની તૈયારી રાખો.

(2) જ્યારે તમે કંઈ પણ નવું કરો છો ત્યારે નીષ્ફળતા મળવાથી વીશેષ ખરાબ કંઈ બનવાનું નથી ને ? તે જાણી રાખો.

(3) તમારા ભયોનો સામનો કરો.

(4) જોખમો લેતી વખતે નીરાન્તની લાગણી અનુભવો.

(5) જીન્દગીના મહાનતમ પાઠો જોખમો લઈને તથા ‘કમ્ફર્ટ ઝોન’ની બહાર જઈને શીખી શકાય છે.

(6) અજ્ઞાતનો આનન્દ માણો.

કમ્ફર્ટ ઝોનની બહાર કુદકો મારતી વખતે ગણતરીપુર્વકનાં જોખમો લેવાનાં છે તે હમ્મેશાં યાદ રહે.



મેઘધનુષ

તમે મૃત્યુથી ડરો છો
અને
જીન્દગી જીવવાથી
પણ ડરો છો !
હયાત રહેવાનો
આ તે
કેવો અભીગમ !!



અનુક્રમણીકા

04

આપવાથી આનન્દ મળે છે; મેળવવાથી નહીં...

'વેનકુવર(કૅનેડા)ની યુનીવર્સીટી ઑફ બ્રીટીશ કોલમ્બીયામાં એલીઝાબેથ ડુન દ્વારા એક સંશોધન હાથ ધરાયું. તેમાં એવું જાણવા મળ્યું કે પોતાને માટે પૈસા ખર્ચવાને બદલે, બીજાઓ માટે ધન વાપરવાથી વધુ આનન્દ મળે છે. સાચો આનન્દ આપવામાં આવે છે; મેળવવામાં નહીં. એ નીષ્કર્ષ પશ્ચીમના સંશોધનોમાંથી અને ભારતના ધર્મશાસ્ત્રોમાંથી નીરન્તર પ્રાપ્ત થતો રહ્યો છે. સમાજની રીતીનીતીઓનું ધારદાર અવલોકન કરવાથી જણાઈ આવશે કે, સાધારણ આર્થીક સ્થીતી ધરાવતા માણસો પણ વાર–તહેવારે નાનીમોટી રકમનું દાન આપ્યા કરે છે. બીજાને આપનારાઓ પુણ્ય કમાવા માટે નહીં; નીજાનન્દ માટે ચૅરીટી કરે એ નીષ્કર્ષ પણ ધ્યાનમાં લેવો ઘટે.'

સીત્તેર વર્ષની ઉમ્મરના એક વરીષ્ઠ નાગરીક ગુજરાત ક્વીનની એ. સી. ચૅર કારના કમ્પાર્ટમેન્ટમાં મારી બાજુની સીટ પર બેઠા હતા. સમય પસાર કરવા એમણે વાત શરુ કરી, 'હું પુનમ ભરવા આણંદ થઈને ડાકોર જઈ રહ્યો છું. બાવીસ વર્ષનો હતો ત્યારથી આ વ્રત સ્વીકાર્યું છે. તમે પણ ડાકોર દર્શન કરવા જઈ રહ્યા છો?' એમણે મને પુછ્યું. મેં મારો પરીચય આપીને કહ્યું, 'હું 'આનન્દની ખોજ' વીષય પર પ્રવચન આપવા જઈ રહ્યો છું.' જ્ઞાન અને અનુભવથી સમૃદ્ધ એવા એ મહાશયે સ્મીત સાથે કહ્યું, 'અચ્છા, તો તમે (પૈસા) લેવા જઈ રહ્યા છો અને હું આપવા જઈ રહ્યો છું.' એમણે પોતાની ફીલોસોફીને રસપ્રદ માર્ગે આગળ વધારતાં કહ્યું, 'તમે આનન્દની ખોજ' પર પ્રવચન ભલે આપો. બાકી, આપવાથી જે આનન્દ મળે છે તે બીજી કોઈ રીતે મળતો નથી. જીન્દગીમાં મારો પગાર કદી મહીને ત્રીસ હજારથી વધ્યો નથી. પરન્તુ મારાં મમ્મી મૃત્યુ સમયે સંકલ્પ લેવડાવીને ગયાં કે મહીને એકવાર પુનમ ભરવા ડાકોર જવાનું અને ત્યાં ગરીબગુરબાંઓને ભોજન માટે, ચા–નાસ્તા માટે એક હજાર રુપીયાનું દાન આપવું. હું એકલો જ છું. દર મહીને પંદર હજાર રુપીયા મળે છે; છતાં તેમાંથી ત્રણ હજાર રુપીયા ડાકોર જવા–આવવામાં અને ત્યાં જઈને ગરીબોને દાન આપવામાં ખર્ચી નાખું છું. ગરીબોના ચહેરા પર જે આનન્દ છલકાય છે, તે આનન્દ જોઈને મને અનહદ ખુશી

થાય છે. ફરીથી કહું છું, જે આનન્દ મેળવવામાં નથી, કોઈની પાસે હરામના પૈસા પડાવી લેવામાં નથી; તે આનન્દ બીજાને આપવાથી મળે છે.'

ઈંગ્લૅન્ડમાં બે વર્ષ પુર્વે થયેલા એક સર્વેક્ષણમાં જણાયું કે પુખ્ત વયના 09 ટકા નાગરીકો સખત નાણાભીડ અનુભવે છે. 'મની ઍડ્વાઈસ્ સર્વીસ' દ્વારા હાથ ધરાયેલાં એક સંશોધનને અંતે જાણવા મળ્યું કે અભ્યાસ હેઠળના બાવન ટકા માણસો નાણાકીય ખેંચ અનુભવે છે, જેમની સંખ્યા બે કરોડ સાઠ લાખ જેટલી છે. આ માણસો માટે અન્યોને મદદરુપ બનવાની વાત તો ખુબ દુરનું સ્વપ્ન છે. છતાં પૈસા ન હોય એટલે બીજાને મદદરુપ ન બનાય એવા તર્કમાંથી આપણે બહાર નીકળી જવાની જરુર છે.

પાસે પુરતા પૈસા ન હોય છતાં સમાજને શું શું આપી શકાય તેની યાદી બનાવવા જેવી છે. વરીષ્ઠ નાગરીકને રોજ પન્દર મીનીટ પુરતું તમારા 'કાન' આપો એવું મેં વારંવાર શાળા–કૉલેજોના યુવામીત્રોને કહ્યું છે. પંચોતેર કે એંસીની વય વટાવી ચુકેલા જાણીતા કે અજાણ્યા દાદા–દાદીને ધ્યાનથી સાંભળવાં અને વાતો કરવા પંદર મીનીટ આપવી એ પંદર હજારનું દાન કરવા જેવું જ પુણ્યનું કામ છે. એક સદ્ગૃહસ્થનો યુવાન પુત્ર માર્ગ દુર્ઘટનામાં માર્યો ગયો. તેઓ એ વાતનું સ્મરણ કરતાં રડી પડે છે અને કહે છે કે, 'મારો એક મીત્ર લગાતાર બે મહીના સુધી રોજ રાત્રે આવીને મારું દુ:ખ હળવું થાય એવી ધર્મની વાતો કરતો.' મીત્રે, એક દુ:ખી પીતાને આશ્વાસન આપવા એકસો વીસ કલાક આપ્યા ! તેની કીંમત કેટલી આંકશો? રોજેરોજ આપણને એવા અવસર મળે છે, જ્યારે આપણે બીજાઓને કંઈક આપી શકીએ.

એલીઝાબેથ દુને પ્રયોગ દરમ્યાન તમામ પ્રયોગપાત્રોને પાંચથી વીસ ડૉલર વાપરવા માટે આપ્યા. જેમણે જેમણે એ પૈસા પોતાને માટે કંઈક ખરીદવા કે ભોજન માટે વાપર્યા તેમની તુલનામાં, જેમણે જેમણે એ પૈસા બીજાનું દુ:ખ હળવું કરવા માટે વાપર્યા; તેમને નોંધપાત્ર રીતે વધુ આનન્દ મળ્યો. એ આનન્દનો જથ્થો કઈ રીતે મપાયો હશે તે વીચારવાની જરુર નથી. આનન્દ તો મનની અનુભુતીનો વીષય છે. 'ડૉલર પોતાને માટે ખર્ચવાને બદલે બીજાને મદદરુપ બનવા ખર્ચાયા તેથી મને ખુબ આનન્દ મળ્યો' એમ કોઈ કહે એટલું જ પુરતું છે. એલીઝાબેથે 'પ્રો–સોશીયલ સ્પેન્ડીંગ' (સમાજ અભીમુખ ખર્ચ... સમાજને માટે થતો ખર્ચ)નો ખ્યાલ પ્રચલીત કર્યો. એમણે ભારપુર્વક જણાવ્યું, સ્થુળ ચીજવસ્તુઓ ખરીદવા માટે

પૈસા ખર્ચવાને બદલે કે મીઠામધુર અંગત અનુભવો મેળવવા માટે પૈસા ખર્ચવાની તુલનામાં; નીકટના મીત્રો કે સ્વજનો પાછળ પૈસા ખર્ચવાથી વીશેષ આનન્દ મેળવી શકાય છે. કારણ કે, બીજા કીસ્સામાં મદદ સ્વીકારનાર સાથે તમારી વાતચીત થાય છે. તેઓ અહોભાવથી કહેશે : 'તમે હતા એટલે સારું થયું. મારી પૈસાની ચીન્તા ટળી ગઈ અને હું દીકરાની સારવાર કરાવી શકી.' અજાણ્યા માણસો માટે કંઈક આપો છો ત્યારે આનન્દ જરુર મળે છે; પ્રતીસાદ (ફીડબૅક) ભલે મળતો નથી.

જાગૃત અને ઉત્સાહી પરીવારો તથા ગુણવત્તા સાથે નીસબત ધરાવતી શૈક્ષણીક સંસ્થાઓ પોતાનાં બાળકોને, આપવાથી મળતા આનન્દની પ્રતીતી કરાવી શકે તે માટે, એલીઝાબેથ ડુને ચાર સપ્તાહનો એક પ્રોજેક્ટ સુચવ્યો છે.

પ્રથમ સપ્તાહ :

આ સપ્તાહ દરમ્યાન બાળકોને પોતાને માટે ખરીદી કરવા પ્રોત્સાહીત કરો. તેઓ કોઈ કારણ વગર અને જરુરીયાત ન હોય તો પણ, પોતાને માટે ચીજવસ્તુ ખરીદવા પૈસા ખર્ચે છે. એમને કેટલા પૈસા વાપરવા દેવા તેની મર્યાદા નક્કી થઈ શકે. પ્રથમ સપ્તાહને અન્તે તેમને પોતાને માટે પૈસા ખર્ચવામાં કેટલો આનન્દ મળ્યો તેની નોંધ કરવા કહો. જો તેમને બીલકુલ ખુશી ન મળી હોય, ખરાબ લાગ્યું હોય તો શુન્ય માર્ક્સ મુકવાની સુચના આપો. જો થોડો થોડો સાધારણ આનન્દ પણ મળ્યો હોય તો પાંચ માર્ક્સ મુકવા કહો અને અનહદ આનન્દ મળ્યો હોય તો દસ માર્ક્સ મુકવા કહો.

સપ્તાહ 2 થી 4 :

આ ત્રણ સપ્તાહ દરમ્યાન બાળકોને બીજાઓને કંઈ આપવા માટેની તાલીમ આપીને પોતાને માટે નહીં; પરન્તુ બીજાઓ માટે પૈસા ખર્ચવાનું કહો. રોકડા પૈસા આપવાને બદલે ચીજવસ્તુઓ ખરીદીને ભેટમાં આપવાનું શીખવો. લોકપ્રીય નીવડેલી ફીલ્મની ટીકીટ આપી શકાય, નાટકના શૉ માટે પૈસા આપી શકાય, જીવનજરુરીયાતની કોઈ પણ ચીજવસ્તુ આપી શકાય. એમને એવું પણ શીખવો કે જ્યારે તમે બીજા માટે પૈસા ખર્ચો છો ત્યારે પૈસા ખર્ચતા નથી; આનન્દપ્રદ અનુભવ ખરીદો છો. પ્રોજેક્ટના આ ત્રણ સપ્તાહ પુરા થાય પછી, એમને એ પ્રક્રીયા દરમ્યાન કેટલો આનન્દ મળ્યો તેની નોંધ કરો. પ્રથમ સપ્તાહને અન્તે પ્રાપ્ત થયેલો આનન્દ અને છેલ્લા ત્રણ સપ્તાહ દરમ્યાન અનુભવેલા આનન્દની તુલના કરવા કહો.

વળી, સમગ્ર પ્રોજેક્ટના સુચીતાર્થો અંગે વર્ગમાં અથવા પરીવારમાં સમુહચર્ચાનું આયોજન કરો.

ડૉ. સ્ટીવ ટાયલર ઈંગ્લૅન્ડની લીડ્સ બૅકેટ યુનીવર્સીટીમાં, મનોવીજ્ઞાનના વરીષ્ઠ અધ્યાપક છે. એમણે એક અભ્યાસપુર્ણ લેખમાં એલીઝાબેથ ડુનના વીચારોને સમર્થન આપ્યું છે. 'આનન્દ આપવાથી મળે છે. ખરીદી કરવાથી કે (ચીજવસ્તુઓની) માલીકી ધરાવવાથી નહીં' એ શીર્ષક હેઠળના લેખમાં એમણે ભારપુર્વક નોંધ્યું છે : 'સમ્પત્તી અને સુખાકારીને કોઈ સીધો સમ્બન્ધ નથી.'

કમનસીબે સરકાર, અર્થતન્ત્ર અને મીડીયા આપણને એક જ વાત ઠસાવી રહ્યા છે કે ખુબ ધન જમા કરો, ખુબ સમ્પત્તી ભેગી કરો. કારણ કે એવું કરવાથી તમને આનન્દનો ખજાનો પ્રાપ્ત થઈ જશે. જ્યારે માણસને જાણ થાય છે કે ખોટે માર્ગે અઢળક પૈસા કમાવા એ તો ઉપાધી વહોરવા જેવું છે; ત્યારે એને ભયંકર આઘાત લાગે છે અને એ દુઃખી દુઃખી થઈ જાય છે. જ્યારે આપણી મુળભુત જરુરીયાતો સન્તોષાય એટલા પૈસા મળી જાય ત્યારે અટકી જવાની જરુર છે. કારણ કે ત્યાર પછી ઉમેરાતા પૈસા આપણા આનન્દની માત્રામાં તસુભાર પણ વધારો કરતા નથી. ધનને સારા માર્ગે વાપરતાં રહેવું, આપતાં રહેવું એ જ કલ્યાણનો એકમાત્ર માર્ગ છે. આપવાથી ધનનો બોજો હળવો થાય છે અને આનન્દની માત્રા વધે છે. ચીજવસ્તુઓની માલીકી ધરાવવાથી આનન્દ નહીં; આતન્ક વધે છે. બીજાઓનાં કલ્યાણ માટે એ બધું છોડતાં જઈએ એમાં જ શોભા અને શાણપણ છે. બાળકોમાં સદ્‌ગુણોનું સીંચન આપમેળે થતું નથી; એ માટે તો આપણે સૌએ સહીયારા પ્રયત્નો કરતા રહેવું જોઈએ.



મેઘધનુષ

નીવૃત્ત આચાર્ય લાકડીને ટેકે સડક પાર કરી રહ્યા હતા. ત્યાં જ પાછળથી એક અત્યન્ત વૈભવશાળી કાર એમની પાસે આવીને ઉભી રહી. ત્રીસેક વર્ષનો નવયુવાન એમાંથી બહાર આવ્યો અને આચાર્યના ચરણસ્પર્શ કરીને અણીશુદ્ધ અંગ્રેજીમાં બોલવા લાગ્યો, 'સર,

હું રાહુલ, આપનો ડફોળ વીદ્યાર્થી... સર, દસમા ધોરણમાં આપે મારું અંગ્રેજી છોડાવી દીધું હતું, યાદ છે ને? મારા પપ્પાજીએ મને અંગ્રેજીનો વીષય રાખવા દેવા આપને ખુબ વીનવણી કરી, ત્યારે માંડ માંડ આપ સમ્મત થયા હતા, મને અંગ્રેજીનો વીષય રાખવા દેવા માટે.'

ચશ્માં ઉતારીને આચાર્યએ આશ્ચર્યથી પુછ્યું; 'હમણાં શું કરે છે, ભાઈ ?'

'સર, હું અમેરીકામાં ત્યાંની એક મલ્ટીનૅશનલ કમ્પનીમાં એચઆરડી વીભાગનો જનરલ મૅનેજર છું, મહીને પાંચ લાખ રુપીયા કમાઉં છું અને ક્યારેક મારા અમેરીકન કર્મચારીઓને અંગ્રેજીમાં કૉમ્યુનીકેશન શી રીતે કરવું તેની તાલીમ પણ આપું છું.' રાહુલે જવાબ આપ્યો. પશ્ચાત્તાપનાં આંસુઓને અવરોધતા આચાર્ય, આશીર્વાદના બે શબ્દો ઉચ્ચારે તે પહેલાં જ, રાહુલે પુનઃ ચરણસ્પર્શ કરીને કહ્યું; 'સર, અમેરીકામાં મારા મહેમાન બનીને આવો, આજે હું જે કંઈ પણ છું તે આપે ફરમાવેલી પેલી સજાનું પરીણામ છે. મને ઋણમુક્ત થવાની તક આપજો. હું આપની અને મૅડમની રીટર્ન ટીકીટ પણ મોકલી આપીશ.' આનન્દ અને આઘાતના મીશ્રભાવો સાથે ઢગલો થઈને આચાર્ય ફસડાઈ પડ્યા !



અનુક્રમણીકા

05

કરકસરથી જીવન જીવવામાં ખોટું શું છે ?

પુષ્કળ ધન હોવા છતાં સાદાઈથી જીવન જીવતાં માણસો મજાક–મશ્કરીને પાત્ર ગણાય કે આદરને ? પોતાનાં સન્તાનોને 'સીમ્પલ લીવીંગ ઍન્ડ હાઈ થીન્કીંગ'ની તાલીમ આપતાં વડીલો ધન્યવાદને પાત્ર છે. પોતાની પાસે ધન હોય છતાં, ધનનું પ્રદર્શન ન થાય એ તો પ્રશંસનીય સદ્ગુણ ગણાય. પરીવારનો પ્રત્યેક સભ્ય બેફામ પૈસા ઉડાવતો હોય ત્યારે (1) બાળકોને ખોટો સંદેશો પહોંચે છે અને (2) વડીલો રુપીયા કમાવા રાત–દીવસ વૈતરું કરતાં રહે છે, જીન્દગીનો આનન્દ 'કમાવાથી' વંચીત રહે છે. બાળકોને પોતાના ખીસાખર્ચ પર નજર રાખવાની તાલીમ શાળામાંથી મળવી જોઈએ. 'સાદાઈ એ ઉચ્ચ જીવન જીવવા માટેનું પહેલું પગથીયું છે' એવું ગાંધીજી જીન્દગીના અન્ત સુધી કહેતા રહ્યા.

ગુજરાતીના વીષય સાથે એમ.એ.માં અભ્યાસ કરતા એક યુવાને સુન્દર, મરોડદાર અક્ષરોમાં લખીને જણાવ્યું કે 'રીમેમ્બર, યુ આર પુઅર'નો મેસેજ આમ તો સ્પષ્ટ છે; પરન્તુ હમ્મેશાં ગરીબીનો અહેસાસ લઘુતાનો ભાવ જન્માવે એવું ન બને ? બીજી તરફ એક શાળાના આચાર્યે પોતાને ત્યાં ચોથા ધોરણમાં અભ્યાસ કરતા બાળકનો કીસ્સો સંભળાવતાં કહ્યું, 'બાળકના પીતાજી પાસે પુષ્કળ પૈસા છે, કાર છે અને ડ્રાઈવર પણ છે. છતાં બાળક સાયકલ પર સ્કુલે આવે છે અને તેનો મીજાજ પણ ધનીકપુત્ર જેવો નથી. વીશ્રાન્તીના સમય દરમ્યાન બહાર લારી પર નાસ્તો કરવા જવાની કુટેવ એનામાં જોવા મળતી નથી. નવમા ધોરણમાં અભ્યાસ કરતી એક ધનીકપુત્રી નીયમીત રીતે ડાયરી લખે છે અને રોજીન્દા ખર્ચનો હીસાબ રાખે છે.' કેટલીક શાળાઓમાં આચાર્ય પ્રાર્થના–સમ્મેલનમાં બાળકોને વારંવાર એ વાત સમજાવે છે કે જીવનમાં સાદાઈ અપનાવવી, ખોટી રીતે પૈસા વેડફવા નહીં, ખીસાખર્ચ પર નજર રાખવી.

બાળકોને વૈભવી જીવન જીવવા માટેના સંસ્કાર ક્યાંથી મળે છે ? વડીલો ધનને પ્રદર્શનની ચીજ સમજે, પોતાની પાસે શું છે તેનો દેખાડો કરતાં ફરે અને બીજાને પ્રભાવીત કરવા જરુરી કે બીનજરુરી ચીજવસ્તુઓ ખરીદતાં રહે, તો બાળકો એ જીવનપદ્ધતી અપનાવવા તરફ વળે જ વળે. એક શાળામાં છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી કન્યા દફ્તરમાં

સ્માર્ટ ફોન લઈને આવતી હતી અને બે વખત શીક્ષીકાએ તેને ચેતવણી આપી. આચાર્યે પીતાજીનું ધ્યાન દોર્યું ત્યારે જવાબ મળ્યો, ‘શાળામાં ફોનનો ઉપયોગ નહીં કરવાની અમે તેને સુચના આપી છે. એની એક ફ્રેન્ડ પાસે ફોન છે એટલે અમારે અપાવવો પડ્યો.’

બાળકોને વૈભવી જીવન જીવવાની તાલીમ ઘરમાંથી લગાતાર મળતી રહે છે. બાળક જુએ છે કે મમ્મી પાસે સોથી વધારે સાડી છે. સાઠ જોડી ચંપલ છે. પપ્પા પાસે બાર સુટ છે, પાંચ કાર છે અને ચાળીસ ટાઈ છે. બાળકો એ પણ જુએ છે કે પપ્પા–મમ્મી વારમ્વાર આ બધી ચીજવસ્તુઓનું ઘરે આવનારા મહેમાનો સમક્ષ પ્રદર્શન કરે છે અને પોતાના આ નમુનેદાર સંગ્રહ માટે ગૌરવ લે છે. શાળામાં અપાતું શીક્ષણ નીષ્ફળ જાય છે તેનું એક કારણ, કુટુમ્બમાંથી પ્રાપ્ત થતા કુસંસ્કાર છે. પોતાનાં વર્તન–વ્યવહારની અને પોતાની જીવનશૈલીની સીધી અસર, બાળકોના જીવનમાં સંક્રાન્ત થાય છે; એ હકીકત માતાપીતાનાં ધ્યાન પર આવતી નથી એ ભારે નવાઈની વાત ન કહેવાય, વારુ !

વીદ્યાર્થી અવસ્થામાં વૈભવી જીવન જીવવાની આદત પડી જાય, પછી બાળકોમાં સમવયસ્ક મીત્રો સાથે સ્પર્ધાનો ભાવ જન્મે છે. ‘હું તારાથી બધી રીતે આગળ છું’ એવું સાબીત કરવાની હોડમાં તરુણ–તરુણી કંઈ પણ કરવા માટે અને કોઈ પણ હદે જવા માટે તૈયાર રહે છે. આ એક આત્મઘાતી પ્રક્રીયા છે અને તેનો અંજામ સૌને આઘાત પહોંચાડનારો હોય છે. વૈભવી જીવન માણસને સ્વકેન્દ્રી બનાવી મુકે છે. અન્યનો વીચાર કરવો, અન્યને મદદરુપ બનવું, સુખની વહેંચણી કરવી, ત્યાગવૃત્તી દાખવીને સમાજસેવામાં પ્રવૃત્ત થવું – એ બધા સદ્ગુણો સ્પર્ધા અને વૈભવને કારણે જીવનમાંથી વીદાય લે છે અથવા જીવનમાં પ્રવેશતા જ નથી.

ચીજવસ્તુઓનો સંગ્રહ અને તેનું પ્રદર્શન તથા ધનસમ્પત્તીની વીપુલતા માણસને અહંકારી બનવા પ્રેરે છે અને આ તમામ સંસ્કારોને બાળક આબાદ ઝીલતું રહે છે. કોઈ એક તબક્કે માતા–પીતાને એવો ચીન્તાપ્રેરક વીચાર સતાવે છે કે, ‘અરે, મારું સન્તાન આવું બધું વીચારે છે અને આવું જીવે છે ? આ સંસ્કાર એણે ક્યાંથી મેળવ્યા ? આવી વીનાશક જીવનશૈલીમાંથી એમને કેવી રીતે પાછા વાળવા ?’ વડીલોને આ વીચારો સ્ફુરે ત્યારે ખુબ મોડું થઈ ગયું હોય છે અને સન્તાનો ગલત જીવનપદ્ધતીની તમામ હદ વટાવી ચુક્યાં હોય છે.

ચીત્ર–વીચીત્ર વસ્ત્રોનો શોખ, જંગલી પ્રાણીઓની નજીક નજીક ખેંચી જાય એવી હેર સ્ટાઈલ, હૉટેલોમાં જઈ જઈને હજારો રુપીયાનું બીલ ચુકવી ‘કચરો’ આરોગવાની આદત, ખર્ચાળ વ્યસનો, ખર્ચાળ મીત્રમંડળ, ખર્ચાળ પ્રવાસો આ બધું જ સંસ્કારગત છે અને બાળકોને વડીલો તરફથી મળેલી ઘાતક ભેટ–સોગાત છે.

ગાંધીજીએ કહ્યું હતું, ‘માણસની જરુરીયાતો સન્તોષવા પ્રકૃતી પાસે બધું જ છે; પરન્તુ માણસનો લોભ સન્તોષવા નથી.’ સારું છે કે આપણો લોભ અને આપણી સંગ્રહવૃત્તીને માપવા માટેનું કોઈ સાધન નથી. જો હોત તો કેટલાં બધાં માણસો ઉઘાડા થઈ ગયાં હોત ! વીપુલતાનું ગાંડપણ માનવતા વીરુદ્ધનું કૃત્ય છે. એક માણસ જરુરીયાતની લઘુતમ ચીજવસ્તુઓથી વંચીત રહી જાય છે.

તાજેતરમાં એક શાળાના આચાર્યને મેં ઉચ્ચતર માધ્યમીક વીભાગના વીદ્યાર્થીઓ માટે એક પ્રોજેક્ટનો વીચાર આપ્યો. પ્રત્યેક વીદ્યાર્થી પાંચ પરીવારોની મુલાકાત લઈને એ જાણવાની કોશીશ કરે કે કુટુમ્બના પ્રત્યેક સભ્ય પાસે કેટલી સંખ્યામાં જીવન જરુરીયાતની ચીજવસ્તુઓ છે, અને એ વીપુલતાની કે ન્યુનતાની માનસીક સ્થીતી પર તથા આન્તરીક આનન્દની અવસ્થા પર શી અસર થાય છે ? જરુર કરતાં વધારે ચીજવસ્તુઓ ખરીદવાની પ્રેરણા ક્યાંથી મળી અને એવું કરવાને કારણે કેટલો બગાડ થયો, કેટલા રુપીયા વેડફાયા તેનો પણ હીસાબ મેળવવામાં આવે.

વાત નાની અમસ્તી છે; પરન્તુ આપણે રોજ પાણીનો કેટલો દુર્વ્યય કરીએ છીએ તેનો આપણને ખ્યાલ છે ખરો ? હાથ ધોવા માટે, સ્નાન કરવા માટે કે વાસણ સાફ કરવા માટે પાણીનો કેટલો અને કઈ રીતે ઉપયોગ કરવો તેની ચર્ચા કરવાનો સમય કેટલાં પરીવારો પાસે અને કેટલી શૈક્ષણીક સંસ્થાઓ પાસે છે ? જીવનમાં કરકસર કરવી અને ઓછામાં ઓછા ખર્ચથી ચલાવવું એ સદ્‌ગુણ છે અને એવું કરનારે કોઈ રીતે લઘુતા કે અપરાધભાવ અનુભવવાની જરુર નથી.

એક શાળાએ પ્રત્યેક વીદ્યાર્થીને ડાયરી લખવાની ટેવ પાડવા માટે અને દૈનીક ખર્ચનો હીસાબ રાખવા માટે તાલીમ આપવાનું આયોજન કર્યું છે. ડાયરી કઈ રીતે લખાય

અને દૈનીક બનાવોની નોંધ રાખવાથી કયા લાભ થાય તેની ચર્ચા આ કાર્યશીબીરમાં થશે. સમયાન્તરે બાળકોની ડાયરી તપાસવાનું પણ આયોજન છે. રોજનીશી લખવા માટે દરરોજ માત્ર દસ મીનીટ ફાળવવી પડે એવો મારો અનુભવ છે. આ પ્રકારનો ક્રમ આપણાં વર્તન–વ્યવહાર તપાસવા અને આન્તર્નીરીક્ષણ માટે ઉપકારક નીવડે છે. અઠવાડીયે એકાદ બે વાર બાળકો સાથે ડાયરીનું વાચન થાય અને બનેલા પ્રસંગો પર ચર્ચા થાય તો બાળકોને ચારીત્ર્ય–ઘડતરની દીશામાં સારું માર્ગદર્શન મળી રહેશે.

સમયની બચતમાં પણ કરકસરનો કસબ અપનાવવા જેવો છે. આ અંગેની ચર્ચા સ્વતન્ત્ર લેખની હક્કદાર છે.



મેઘધનુષ

કેટલીક વ્યક્તીઓની રીતભાત, રંગઢંગ ન્યારાં જ હોય છે. તેઓનામાં મૅનર્સ જેવું કશું હોતું નથી. તેઓ ઘરમાં મા–બાપ, ભાઈ–બહેન, નણન્દ–ભોજાઈ, પતી–પત્ની બાળકો સાથે પણ લડે અને નોકરી કરતાં હોય તો સહકર્મચારીઓ સાથે પણ સતત શીંગડાં જ ભેરવ્યાં કરે ! પટાવાળાઓનેય તતડાવે અને સાથીદારોને જાણે બચકાં જ ભરે ! છાશીયાં અને છણકા એ જ જાણે તેઓની એકમાત્ર અભીવ્યક્તી ! ગુસ્સા સીવાયના કોઈ ટોન અને કોઈ મુડને તેઓ ભાગ્યે જ સમજતાં હોય છે. તેઓની પાસે એ. કે. 56 રાઈફલ નથી હોતી; પણ છાશીયાં, છણકા, વડછકાં, અપમાનયુક્ત વાણી, ત્રાગાં વગેરે શસ્ત્રોથી તેઓ સહકાર્યકરોને સતત પરેશાન કરે છે. વળી, ઉપરથી દેખાવ એવો કરે છે કે જાણે પોતે જ સતત અન્યાય, શોષણ, ઉપેક્ષા અને અપમાનનો ભોગ બને છે !

આવા લડાયક, શીંગડાંમારુ, કોહ્યું કોહ્યું બોલનારા, કડવા, તોરીલા, મમતીલા, ગુસ્સેબાજ માણસો પોતાને જ સચ્ચાઈનો અવતાર સમજે છે. આવા માણસો ઘણુંખરું કશીક આન્તરીક ઓછપ અનુભવે છે, અસલામતી અને લઘુતાગ્રંથીથી પીડાતા હોય છે; પણ તેને છાવરવા–છુપાવવા માટે તેઓ આવા હડકાયાંવેડાનો આશરો લે છે. આવા માણસો વધારે હાની તો પોતાની આન્તર્સમ્પદાને જ પહોંચાડે છે. **–ભગવતીકુમાર શર્મા**

અનુક્રમણીકા

06

માણસને ભગવાન સમજીએ

વીર નર્મદ યુનીવર્સીટીના શીક્ષણ વીભાગમાં હેડ બન્યા પછી, મેં પહેલું કામ મારી ઑફીસના દરવાજે એક બોર્ડ લટકાવવાનું કર્યું; જેના પર લખ્યું હતું : ‘અન્દર પ્રવેશવા માટે અનુમતીની જરુર નથી.’ કલાર્ક અને પટાવાળાને સુચના આપી હતી કે વીદ્યાર્થીઓ, સર્ટીફીકેટ્સની ફોટો કોપી પ્રમાણીત કરાવવા આવે એમને, મારી સહી લઈ, સીક્કા મારી આપી, ત્રણ મીનીટમાં રવાના કરવા. મને મળવા આવવા ઈચ્છતા વીદ્યાર્થીને કે નાગરીકને, દરવાજે ટકોરા માર્યા વગર સીધા ઑફીસમાં પ્રવેશવા દેવા. શીક્ષણ વીભાગમાં કોઈ પણ પ્રકારનાં પ્રમાણપત્રો કે દસ્તાવેજ લેવા આવતા વીદ્યાર્થીને પન્દર–વીસ મીનીટમાં એમનું કામ પતાવીને તરત વીદાય કરવા. ‘કાલે આવજો, ચાર દીવસ પછી તપાસ કરી જજો’ એવા વાયદા કરી કોઈને પણ ધક્કા ખવડાવશો નહીં. સૌને બીજી પણ એક સુચના આપી રાખેલી; ‘ચહેરા પર સ્મીત જાળવી રાખીને વીધાર્થીઓને તમારી સેવા આપજો.’ એમ. ઍડ્.ના ભુતપુર્વ વીદ્યાર્થીઓ કે પીએચ.ડી. કરતા વીદ્યાર્થીઓ મને મળવા આવે ત્યારે એમને મેં સ્પષ્ટ ‘વૉર્નીંગ’ આપી હતી કે : અહીં તમે મારા મહેમાન છો. ચા–નાસ્તાના પૈસા આપવા માટે કદી તમારા ખીસામાં હાથ નાંખશો નહીં... એવું કરવાની કોશીશ, એ મારું અપમાન ગણાશે. આજ–કાલ પીએચ.ડી.નું રજીસ્ટ્રેશન કરાવવા ઈચ્છતા વીદ્યાર્થીઓ પાસે ત્રણથી પાંચ લાખ રુપીયા આંચકી લેવાનો રીવાજ છે. ભારતની યુનીવર્સીટીઓના સત્તાધીશો કેવા છે અને શું શું કરે છે, આપણે ક્યાં નથી જાણતા ?

હું વીશ્વના પન્દરેક દેશોમાં ફર્યો છું. પાંચ વાર અમેરીકાની મુલાકાત લીધી. ત્યાં પ્રત્યેક કર્મચારી, ચહેરા પર સ્મીત ઓઢીને ફરજ પર હાજર થાય છે, સામે ઉભેલા ગ્રાહકને ‘ભગવાન’ સમજે છે અને આદર સાથે પુછે છે : ‘હું આપની શી સેવા કરી શકું ?’ ગયા અઠવાડીયે સુરતમાં મને એવો અનુભવ થયો. હું વહેલી સવારે એક પ્રોવીઝન સ્ટોરમાં થોડી ચીજવસ્તુઓ ખરીદવા ગયો હતો. દુકાનદાર હજી તો દુકાન ખોલીને ભગવાનની પુજા જ કરી રહ્યો હતો. મને જોઈને તરત પુજા પડતી મુકી, મારી તરફ વળીને, અદબથી પુછ્યું, ‘પ્રભુ ફરમાવો, આપને શું જોઈએ છે ?’ મેં આંખો ચોળીને તપાસી લીધું કે હું સ્વપ્ન તો નથી જોઈ

રહ્યોને ! એક ક્ષણ તો હું અમેરીકામાં હોવાનો મને અહેસાસ થયો. મેં દુકાનદારને ભગવાનની પુજા પતાવી દેવા વીનન્તી કરી. તો એમણે કહ્યું; ‘પ્રભુ’, ‘તમારા આંગણે આવેલો ગ્રાહક એ તમારો ભગવાન છે’ એવું ગાંધીજીનું વીધાન મેં દુકાનમાં અમસ્તું નથી લટકાવ્યું. ભગવાનની પુજા એટલા માટે કરવાની કે દુકાનમાં ગ્રાહકો આવે. પણ આપ વગર પુજાએ પધાર્યા છો ! ત્યારે પ્રથમ આપને એટેન્ડ કરવા એ મારી ફરજ બને છે.’

એમ. એડ્. અને પીએચ.ડીમાં જેમના વીદ્યાર્થી બનવાની તક મળી એ અમારા ગુરુજી, ડૉ. ગુણવંત શાહે શીખવેલી ચાર વાતો આજે પણ હૃદયના ઉંડાણમાં દૃઢ રીતે કોતરાઈને પડી છે :

(1) જો ઑફીસનો સમય અગીયારનો હોય તો અગીયારમાં પાંચે ઑફીસમાં પહોંચી જજે.

(2) ઑફીસ છુટવાનો સમય પાંચનો હોય તો પાંચને પાંચ મીનીટે ઑફીસ છોડવાનું રાખજે.

(3) તારા ટેબલ પાસે આવેલા ઈસમનું કામ સ્મીત સાથે કોઈ પણ જાતનો વીલમ્બ કર્યા વગર કરી આપજે.

(4) જીન્દગીમાં એક પણ રુપીયાની લાંચ લઈશ નહીં.

આ ચારેચાર સુચનાઓનું મેં અક્ષરશઃ પાલન કર્યું.

‘ભારત અને અમેરીકા વચ્ચે તમને મુખ્ય કયો તફાવત જોવા મળ્યો ?’ એવું મને જ્યારે જ્યારે પુછાય છે ત્યારે ત્યારે મેં ક્ષણનોયે વીલમ્બ કર્યા વગર કહ્યું છે : ‘ત્યાં ગ્રાહકને ‘ભગવાન’નો દરજ્જો અપાય છે; જ્યારે અહીં ગ્રાહકને ‘ધક્કે ચડાવવા’નો રીવાજ છે. ત્યાં સામે ઉભેલા નાગરીક સાથે સરકારી કર્મચારી ગુસ્સે થઈને વાત કરે કે ઉદ્ધતાઈથી વર્તે તો નોકરી ગુમાવે છે. અહીં સરકારી કર્મચારી કે બૅન્કનો ઑફીસર, સ્કુલ–કૉલેજનો પ્રીન્સીપાલ કે પોલીસ અધીકારી, સામાન્ય નાગરીક સાથે સ્મીતપુર્ણ વ્યવહાર કરે તો સમજવું કે આજે

સુર્ય પશ્ચીમમાં ઉગ્યો છે! અહીં ફરજ પર બેઠેલો માણસ આખો દીવસ મોબાઈલ ફોન પર ‘ગુટર–ગુ’ કર્યા કરે તો એનો જવાબ માંગનારું કોઈ નથી.’

ભારતમાં આજે સૌથી મોટી સમસ્યા કઈ છે ? ગ્રાહકના, વીદ્યાર્થીના, ક્લાયન્ટના, પેશન્ટના કે વરીષ્ઠ નાગરીકના આત્મગૌરવને પ્રત્યેક ક્ષણે હણવામાં આવે છે, ઠેસ પહોંચાડવામાં આવે છે. વીદ્યાર્થી પોતાના પ્રીન્સીપાલને કે કુલપતીને મળવા ઈચ્છે છે, દીનદુઃખીયો નાગરીક પ્રધાનને મળવા ઈચ્છે છે તો દરવાજા પર દ્વારપાળ એમને અટકાવીને કહેશે; ‘સાહેબે અન્દર પ્રવેશવાની મનાઈ ફરમાવી છે.’ તમારે કારણ પુછવાની જરુર નથી. કાં તો સાહેબ ખુશામદખોરોનો દરબાર ભરીને બેઠા હશે; કાં તો ફોન પર એમની અંગતઅંગત ગુટર–ગુ ચાલતી હશે. આપણે ત્યાં ગ્રાહકને ભગવાન ગણવાનો રીવાજ નથી. કેટલાક મોટ્ટા સાહેબો મુલાકાતીને દરવાજાની બહાર કલાક–દોઢ કલાક બેસાડી રાખે છે. તેઓ અન્દર કંઈ જ કરતા નથી હોતા, એમની પાસે કોઈ કામ પણ નથી. હા, એમની પાસે એક પ્રશ્ન જરુર છે; ‘કોઈને તરત મુલાકાત આપી દઈએ, તો આપણા મોભાનું શું?’ મુફલીસ રૈયતને લાગવું જોઈએ કે ‘સાહેબ બહુ મોટા માણસ છે, મારે બહાર બાંકડા પર દોઢ કલાક તો બેસવું પડ્યું!’

સરકારી અમલદારો, પ્રજાના પ્રતીનીધીઓ, પ્રધાનો અને શૈક્ષણીક સંસ્થાઓના વડાઓ સામાન્ય માણસો સાથે, પ્રજાજનો સાથે આદરપુર્વક વર્તે અને માનવતાપુર્ણ વ્યવહાર કરે તો ભારતમાં પણ સ્વર્ગનો અનુભવ થઈ શકે. સરકારી ખુરસીમાં બેઠેલો ઑફીસર એક તરફ કથાઓ સાંભળે છે, ભગવાનની પુજા કરે છે, પથ્થર એટલા દેવ પુજે છે અને બીજી તરફ પોતાનું નીતી– નીયમ પ્રમાણેનું કામ કરાવવા આવેલા માનવ–દેવતાને ધક્કે ચઢાવે છે, એની પાસે લાંચ માંગે છે અને એને હડધુત કરે છે. ઑફીસમાં ઈષ્ટદેવના ફોટા લટકતા હોય અને સામે ઉભેલા દીન નાગરીક સામે ઑફીસર પોતે આખી દુનીયાનો શહેનશાહ હોય એવું વર્તન કરે એ કેટલું ઘૃણાજનક છે ! આપણા દેશને હવે ડૉક્ટર, ઈજનેર, વકીલ કે પ્રૉફેસરની જરુર નથી; સારા અને સાચા ‘માણસો’ની જરુર છે; નેકદીલ, ઈમાનદાર ઈન્સાનોની જરુર છે.

પ્રશ્ન મન્દીરમાં બેઠેલા ભગવાને કે મસ્જીદમાં બેઠેલા ખુદાને રીઝવવાનો અને પ્રસન્ન કરવાનો નથી. પ્રશ્ન તો વીદ્યાર્થીનું, દર્દીનું કે ગ્રાહકનું રુપ ધારણ કરીને, દીન ચહેરા

સાથે આપણી સામે ઉભેલા જરુરીયાતમન્દ કૉમનમેનને રાજી રાખવાનો છે, એની નીઃસ્વાર્થ સેવા કરવાનો છે. પોતાની દીકરીની જન્મતારીખનો દાખલો લેવા કૉર્પોરેશનની ઑફીસમાં દાખલ થયેલો ગરીબ માણસ ખીસામાં હાથ નાંખ્યા વગર પાંચ મીનીટમાં સર્ટીફીકેટ ખીસામાં મુકીને પ્રસન્ન ચહેરે ઑફીસમાંથી બહાર નીકળતો દેખાય, તેજસ્વી પુત્રનું ઍડ્મીશન લેવા ગયેલા નીમ્ન મધ્યમવર્ગના પીતા એક પણ રુપીયાની લાંચ આપ્યા વગર ઍડ્મીશન મેળવીને શાળામાંથી બહાર નીકળતા દેખાય કે બૅન્કમાં પૈસા ઉપાડવા ગયેલો વરીષ્ઠ નાગરીક વીના વીલંબે ખીસામાં પૈસા મુકીને રસ્તામાં લુંટાયા વગર સલામત રીતે ઘરે પહોંચી જાય એવા 'રામરાજ્ય' ની આપણે રાહ જોઈ રહ્યા છીએ. પ્રત્યેક માણસ સંકલ્પ કરે કે; ઉંચો હોદ્દો ધરાવતી ખુરસી પર બેઠા પછી હું, સામે ઉભેલા નાગરીકને 'ભગવાન'નો દરજ્જો આપીને, એની સાથે માનવતાપુર્ણ વર્તન કરીશ.' તો પછી સ્વર્ગ મેળવવા પ્રાર્થના કરવાની જરુર રહેશે જ નહીં, અસ્તુ..

મેઘધનુષ

કશું અણધાર્યું, અણગમતું થયું, ત્યારે લખાયું છે;
હૃદય જ્યાં, જ્યારે ભીંસાતું ગયું, ત્યારે લખાયું છે.
બધાયે લખ્યું; મેં પણ લખ્યું બસ, એવું નથી દોસ્તો;
કલમથી રક્ત જ્યારે પણ પડ્યું, ત્યારે લખાયું છે

...સુનીલ શાહ...

sunilshah101@gmail.com



અનુક્રમણીકા

07

સામાજીક સમ્બન્ધો કેટલા ઉપકારક ?

‘એક ચીન્તકે ચોંકાવનારી સલાહ આપી છે; ‘આજે વધુ એક દીવસ પુરો થયો. તમે વધુ એક મીત્ર બનાવ્યો કે નહીં ? જો આજે તમે એક મીત્ર ન બનાવ્યો હોય તો તમારો આજનો દીવસ નકામો ગયો સમજજો.’ આ સલાહને પુર્ણતઃ અવગણવાનું રાખજો. રોજ એક નવો મીત્ર બનાવીએ તો પચાસ વર્ષની ઉમ્મરે આપણી પાસે કેટલા મીત્રો હોય ? એ બધા સાથે સમ્બન્ધ જાળવવા કેટલો સમય આપવો પડે ? એમની વચ્ચે ઘેરાયેલા રહીએ તો પરીવારના સભ્યોને અન્યાય ન થાય ? સમ્બન્ધોના જંગલમાં ખોવાઈ જતો માણસ છેવટે પોતાને માટે પરાયો બની જાય છે. જેઓ હજારો મીત્રો ધરાવે છે અને રોજેરોજ એ બધાને મળતા રહે છે એમને પ્રેમથી પુછવા જેવું છે : તમે તમને પોતાને છેલ્લા ક્યારે મળેલા, મહાશય ?’

‘વરીષ્ઠ નાગરીકો માટે સામાજીક સમ્બન્ધો અને સમ્પર્કો આશીર્વાદ કે અભીશાપ’ એ વીષય પર વરીષ્ઠ નાગરીક મંડળો વ્યાપક ચર્ચાઓ ગોઠવે, પરીસંવાદોનું આયોજન કરે અને સામાજીક સમ્બન્ધો અંગે નીર્ણય લેવામાં ઉપકારક નીવડે એવી ગાઈડલાઈન્સ પ્રસીદ્ધ કરે એવો મારો અનુરોધ છે.

આપણે એવી ગેરસમજનો શીકાર છીએ કે આપણા સામાજીક સમ્બન્ધો અને સમ્પર્કો જેટલા વધારે એટલા આપણે વધુ સફળ અને વધુ લોકપ્રીય ગણાઈએ. સામાજીક સમ્બન્ધો અને સમ્પર્કોને અનુલક્ષીને હું વરીષ્ઠ નાગરીકોને ત્રણ વીભાગોમાં વહેંચવાનું પસન્દ કરું :

(1) ખુબ મોટી સંખ્યામાં સામાજીક સમ્બન્ધો અને સમ્પર્કો ધરાવતા વરીષ્ઠ નાગરીકો :

આ વીભાગમાં સ્થાન મેળવતા કેટલાક વરીષ્ઠ નાગરીકોને મેં એવું કહેતા સાંભળ્યા છે કે : ‘મારું મીત્રમંડળ ખુબ વીશાળ છે. મારા મીત્રોની સંખ્યા ચાર આંકડામાં લખવી પડે.’ એક વરીષ્ઠ નાગરીકે ફેસબુક પર ચાર હજારથી વધુ ફ્રેન્ડ્ઝ હોવાનો દાવો

કરેલો. કવીશ્રી સુરેશ દલાલે લખ્યું હતું : 'મીત્ર એટલે એવો માણસ જેની સામે તમે કંઈ પણ છુપાવ્યા વગર જેવા છો તેવા અનાવૃત્ત થઈ શકો.' બીજી વ્યાખ્યા એમણે એવી આપેલી કે 'જો તે માણસના પરીવારના તમામ સભ્યોને તમે નામથી ઓળખતા હો તો એ માણસ તમારો મીત્ર ગણાય.' શાન્તીથી વીચાર કરીએ અને આ બે માપદંડોને ધ્યાનમાં લઈએ તો કોઈ માણસને બે પાંચથી વધારે મીત્રો હોઈ ન શકે એવાં તારણ પર આવી શકાય.

અસંખ્ય મીત્રો હોય એ માણસ બહીર્મુખી વ્યક્તીત્વ ધરાવતો હોવાની સમ્ભાવના છે. જેઓ સમાજસેવાના હેતુથી વ્યાપક સામાજીક સમ્બન્ધો કે સમ્પર્કો ધરાવતા હોય તેમના કીસ્સામાં ચર્ચાને અલગ દૃષ્ટીકોણથી હાથ ધરવી પડે. પરન્તુ હોદ્દો, સત્તા કે પ્રસીદ્ધીના હેતુથી સામાજીક સમ્બન્ધો વીકસાવ્યા કરતો માણસ છેવટે પોતે જ ખોવાઈ જતો હોય છે. હજારો મીત્રોની સાથે સમ્પર્ક જાળવી રાખવા રોજ કેટલો સમય ફાળવવો પડે, કલ્પના આવે છે ? આવું બને ત્યારે માણસ પરીવાર સાથેના સમ્પર્કો ગુમાવે છે. પત્ની અને અન્ય સભ્યો માટે તેઓ પરાયા બની જાય છે; કારણ કે વહેલી સવારથી મોડી રાત સુધી ઘરમાં એમની હાજરી હોતી નથી. આ વીભાગમાં સ્થાન જમાવતાં 'મોટા માણસો'ને નજીકથી ઓળખ્યા પછી હું એવા નીષ્કર્ષ પર આવ્યો છું કે તેઓ જીવનમાંથી નૈસર્ગીક આનન્દ ગુમાવે છે, સતત રઘવાયા થઈને ફરવાનું હોવાથી સ્વાસ્થ્ય પર તેની અસર નોંધાય છે. જે બે ચાર કલાક દરમીયાન તેઓ ઘરમાં હોય છે ત્યારે પણ તેઓ ઘરમાં પરીવારના સભ્યો સાથે હોતા નથી. મોબાઈલ ફોન કે લૅન્ડલાઈનના ફોન પર વળગેલા રહીને હજારો મીત્રો સાથે જીવન્ત સમ્પર્કમાં રહેવાની કોશીશ કરે છે. માણસની આ પ્રકૃતી પાછળ હોદ્દાઓ મેળવવા, સત્તા ભોગવવી, રુપીયા કમાવા અને પ્રસીદ્ધી મેળવવી એ ઈચ્છાઓ જવાબદાર હોય છે. હું ફરીથી સ્પષ્ટતા કરું છું કે કોઈ અપેક્ષા વગર, નીઃસ્વાર્થ ભાવથી સમાજની સેવા કરી રહેલા મહામાનવો અહીં અપવાદમાં આવે છે. સત્તા અને પ્રસીદ્ધી સાથે એમને કોઈ નીસબત હોતી નથી.

સીત્તેર વર્ષના એક સજ્જન પોતાના જેવા વરીષ્ઠ નાગરીકોને લાઈટનું કે ટેલીફોનનું બીલ ભરી આપવામાં, દુધ અને દવા લાવી આપવામાં મદદ કરે છે. 'રોજ ચારથી છ કલાક આવાં સેવાકાર્યોમાં પસાર કરવાથી તમને શું મળે છે ?' એવા મારા પ્રશ્નના ઉત્તરમાં એમણે મનમોહક સ્મીત આપીને કહ્યું, 'કોઈને મદદરુપ બન્યાનો આનન્દ ! હું નીજાનન્દ માટે બધું કરું છું. કોઈ ઈચ્છા નથી, અપેક્ષા નથી. અરે, કોઈ મને 'થેન્ક યુ' કહે તો એ પણ મને ગમતું નથી. પ્રભુએ આપેલું મહામુલું જીવન કોઈની સેવામાં પસાર થાય તો એનાથી રુડું બીજું શું ?'

વ્યાપક સામાજીક સમ્બન્ધો ધરાવનારા માણસોનો દીવસ સામાન્ય રીતે 'તારી–મારી' કરવામાં પુરો થઈ જતો હોય છે. સમયને મારવા માટે પસાર કરવા માટે આ કનીષ્ઠ અને છેલ્લી કક્ષાનો વીકલ્પ છે. સીત્તેર–પંચોતેરની વય વટાવ્યા પછી માણસની અન્દર તરફની યાત્રા શરુ થવી જોઈએ, જે અહીં શક્ય બનતું નથી. આ કક્ષામાં સ્થાન પામતા વરીષ્ઠ નાગરીકોને છેવટે એકલા પડી જઈને તીવ્ર મુંઝવણ અનુભવતા મેં જોયા છે. બહારની દુનીયામાં હજારો મીત્રો ભલે હોય, પરન્તુ જે પોતાનો જ સાચો મીત્ર ન બની શકે, તે માણસ છેવટે એકલો પડી જાય તેમાં નવાઈ શાની ?

(2) પસન્દગીના સામાજીક સમ્બન્ધો અને સમ્પર્કો ધરાવતા વરીષ્ઠ નાગરીકો :

સામાજીક સમ્બન્ધો ધરાવવા સન્દર્ભે મધ્યમ માર્ગ અપનાવતા વરીષ્ઠ નાગરીકોનો આ સમુહ છે, 'નેમ ઍન્ડ ફેમ'ની પાછળ ગાંડપણ ગણાય એટલી હદે તેઓ દોડતા નથી. અખબારોમાં વારંવાર નામ અને ફોટો છપાયા કરે એવી ધખણામાં તેઓ જીવતા નથી. આંગળીના વેઢે ગણી શકાય એટલા મીત્રોની વચ્ચે તેઓ આનન્દપુર્વક જીન્દગી જીવે છે. હું કેટલીક વાર જીજ્ઞાસાથી પ્રેરાઈને વરીષ્ઠ નાગરીકોને બે પ્રશ્નો પુછું છું : 'આપ કેટલા વરીષ્ઠનાગરિક મંડળોમાં સભ્યપદ ધરાવો છો ?' જે એક કોઈ સંસ્થાનું પ્રમુખપદ ધરાવે છે તેમને મારો પ્રશ્ન હોય છે : 'આપ કેટલા વર્ષથી આ સંસ્થામાં પ્રમુખસ્થાને છો ?' જે વરીષ્ઠ નાગરીકોને મેં પ્રથમ વીભાગમાં આદરપુર્ણ સ્થાન આપ્યું છે, તેઓ ત્રણ કે તેથી વધુ વરીષ્ઠ નાગરીક મંડળોમાં સભ્યપદ ધરાવે છે અને કેટલાક તો દાયકાઓથી કોઈ એક, બે કે ત્રણ સંસ્થાઓમાં પ્રમુખપદ શોભાવે છે.

બીજા વીભાગમાં આવતા વરીષ્ઠ નાગરીકો પરીવાર માટે સમય ફાળવે છે અને પરીવારના સભ્યો સાથે જીવન્ત સમ્પર્કો જાળવી રાખે છે. સામાજીક સમ્બન્ધો અને સમ્પર્કો તેમનો એક હદથી વધુ સમય ઝુંટવી લેતા નથી. આવું મધ્યમમાર્ગી જીવન તેમને આનન્દમાં રહેવા માટે ઉપકારક નીવડે છે. તમે એમની સાથે બેઠા હો તો દર બીજી ત્રીજી મીનીટે એમના ફોનની રીન્ગ વાગે એવું કદી જોવા મળશે નહીં. પ્રથમ વીભાગના મહાનુભવોથી તેઓ આ મુદ્દે ભીન્ન રીતરસમો ધરાવે છે. એક વખત પહેલા વીભાગનું સભ્યપદ ધરાવતા 'વીઆઈપી' મને મળવા આવ્યા હતા. અમારી મુલાકાત માટે મેં ત્રીસ મીનીટ ફાળવી હતી. મારે ત્યાં આવીને એમણે સ્થાન લીધું અને તરત જે સંસ્થામાં તેઓ પ્રમુખ છે એ સંસ્થાના મન્ત્રીનો એમના પર

ફોન આવ્યો, ભોજનનો કૉન્ટ્રેક્ટ લેનારો માણસ એક ડીશના દોઢસો રુપીયાથી ઓછા લેવા તૈયાર નથી એવી વાત મન્ત્રીએ કરી હશે એટલે પ્રમુખે કહ્યું, 'એમને ફોન આપો'. ત્યાર પછી એ મહાશયે ફોન પર કૉન્ટ્રાક્ટર સાથે અઠ્ઠાવીસ મીનીટ સુધી મગજની નસ ખેંચી... એ ફોન મુકાયો અને ત્રીજી મીનીટે બીજો ફોન આવ્યો. મારા ચહેરા પર નારાજીના ભાવ વાંચીને એમણે એ ફોન રીસીવ કરવાની હીમ્મત ન દાખવી. બીજા વીભાગમાં આવતા વરીષ્ઠ નાગરીકો આવી બધી પળોજણોમાંથી એકંદરે મુક્ત હોય છે એવું મારું અવલોકન છે.

(3) પોતાનામાં મસ્ત રહીને જીન્દગી જીવતા વરીષ્ઠ નાગરીકો :

આ ત્રીજા વીભાગમાં સ્થાન પામનારા વરીષ્ઠ નાગરીકો વાસ્તવમાં 'એ–ગ્રેડ'ને પાત્ર એવા નાગરીકો છે. તેઓ દીવસનો મહત્તમ સમય પોતાને માટે ફાળવે છે. સાદગી અને સરળતા એમના રક્તમાં વણાઈ ગયેલાં હોય છે. સામાજીક સમ્બન્ધો સ્થાપવામાં તેઓ ખુબ કાળજી રાખે છે અને સાવચેત રહે છે. માત્ર પોતાની સાથે રહેવાની એમને સારી ફાવટ હોય છે. એમણે એવા શોખ અને પ્રવૃત્તીઓ વીકસાવ્યા હોય છે જેથી ઘરમાં એકલા રહીને પણ સમય પસાર કરી શકાય. તેઓ હોદ્દાના વળગણથી અને પ્રસીદ્ધીના મોહથી પુર્ણતઃ મુક્ત હોય છે. કોઈ મંડળનું સભ્યપદ એમને બાંધી શકતું નથી. બીલકુલ પોતાની મસ્તીમાં જીવતા એક વરીષ્ઠ નાગરીકને મેં પુછયું હતું : 'આપ એક પણ મંડળમાં સભ્ય નથી એ જાણીને મને આશ્ચર્ય થાય છે! સામાજીક મંડળોમાં ન જોડાવાનું કારણ ?' એમનો જવાબ સાંભળો, 'એ વળી પાછી એક પ્રકારની ગુલામી જ છે, બન્ધન છે, વરસતા વરસાદમાં મારે મનગમતા કવીની ગઝલો માણવી છે; પરન્તુ એવું કરવાને બદલે મારે તૈયાર થઈને મંડળના કાર્યક્રમમાં જઈને અણગમતા વક્તાને સાંભળવા પડે... મને આ નથી ગમતું. નોકરીમાંથી નીવૃત્ત થયા પછી મુક્તીનો અનુભવ થાય તો જ જીન્દગી જીવવાની મજા આવે ને !'



મેઘધનુષ

લોકો પીઠ પાછળ તમારી નીન્દા–ટીકા કરતાં હોય તો એમ કરવા પાછળ ત્રણ કારણો હોઈ શકે;

(1) જ્યારે તેઓ તમારી કક્ષા સુધી પહોંચી શકતાં નથી.

(2) જે તમારી પાસે છે, તે એમની પાસે નથી.

(3) જ્યારે તેઓ તમારી લાઈફ–સ્ટાઈલની નકલ કરવા પ્રયત્ન કરે છે; પરન્તુ કરી શકતા નથી.



અનુક્રમણીકા

08

અણગમો પ્રગટ કરવામાં વળી શરમ શેની ?

આપણા દેશની પ્રજા દુ:ખી કેમ છે ? રોજબરોજનાં કામોમાં આપણને દરેક ઠેકાણે અપમાન, ઉપેક્ષા ને અવીનયનો અનુભવ કેમ થાય છે ? આપણાં સાચાં અને ન્યાયપુર્ણ કામોને સરકારી કચેરીઓમાં ઠેબે ચડાવવામાં કેમ આવે છે ?

આપણાં દુ:ખોનું એક મહત્ત્વનું કારણ એ છે કે આપણે આપણો અણગમો. નારાજગી પ્રગટ કરવામાં શરમ–સંકોચ અનુભવીએ છીએ. અન્યાય થતો હોય, ખોટું થતું હોય, લાંચ માગવાના ઈરાદે આપણને ધક્કે ચડાવવામાં આવતા હોય, એડમીશન આપવા ટાણે સ્વનીર્ભર કૉલેજોના ભ્રષ્ટ સંચાલકો દસ લાખ રુપીયા રસીદ આપ્યા વીના આપણી પાસેથી ખંખેરતા હોય; તોય આપણે કશું બોલતા કેમ નથી ? આપણો વીરોધ શા માટે પ્રગટ કરતા નથી ? તમામ ભ્રષ્ટ અને સરાસર ગલત રીતરસમો સામે પ્રજા, સરદાર પટેલની ખુમારીથી પોતાનો ગુસ્સો, અપ્રસન્નતા કે અણગમો પ્રગટ કરવાનું રાખે તો છ જ મહીનામાં ‘અચ્છે દીન આ ગયે’નો અનુભવ થવા માંડે.

પણ આપણી માનસીકતા એવી છે કે સાચું બોલવાથી કે લખવાથી દુશ્મનો ઉભા થાય; એના કરતાં ચુપ મરીએ તે સારું ને ! આપણે શાળા કૉલેજોમાં ભણતા હતા ત્યારથી જ ચુપ રહેવાની, દબાઈ–કચડાઈને બેસી રહેવાની, અન્યાય સહન કરી લેવાની, આપણને તાલીમ આપવામાં આવેલી છે.

હું, જ્યાં પણ દેખીતો અન્યાય થતો હોય, ખોટું ચાલતું હોય, કોઈનું શોષણ થતું હોય તો ઉંચા અવાજે અણગમો વ્યક્ત કરવાનું શીખ્યો છું. સ્વતંત્ર ભારતના નાગરીક તરીકે ખોટી રીતરસમોને સુધારવા માટેની કોશીશ કરવી એ આપણી પવીત્ર ફરજ છે એમ હું સમજ્યો છું.

એક લગ્નસમારંભમાં સ્વરુચી ભોજનનો સમય 'સાંજે સાતથી આપના આગમન સુધી' એ રીતે દર્શાવાયો હતો. મેં નીમંત્રણ પાઠવવા આવેલા સજ્જનને કહ્યું, 'સ્વરુચી ભોજનો તમારો સમય મને ખુબ ગમ્યો. મારી જ વાત કરું તો, હું એ દીવસે અમદાવાદ જવાનો છું અને રાતે અગીયાર વાગ્યે 'ગુજરાત ક્વીન'માં પાછો આવવાનો છું. આપના લગ્નસમારંભના 'સ્વરુચી ભોજનમાં' પ્રવેશતાં મને રાતે સાડા અગીયાર થશે. મારા આગમનની તમે રાહ જોવાના જ છો એટલે ભોજનની ચીંતા તો ટળી ગઈ !' મારી વાત સાંભળીને પેલા સજ્જનમીત્રે ચીત્તાની જેમ કુદકો મારીને મારા હાથમાંથી નીમંત્રણપત્ર ઝુંટવી લીધો. 'આપના આગમન સુધી' –એ ત્રણ શબ્દો પર લાલ ઈન્કથી ગાઢ લીટી તાણીને લખ્યું : 'સાડા દસ સુધી'. મેં એ મીત્રને પ્રેમથી સમજાવ્યું, ''ભાઈ, રસોડું જો આખી રાત ચાલવાનું ન હોય તો... 'આપના આગમન સુધી'નો શાબ્દીક દંભ શા માટે કરવાનો ?''

એક વખત બૅન્કના કાઉન્ટર પાસે હું પૈસા ઉપાડવા માટે લાઈનમાં ઉભો હતો. મારો ક્રમ આવ્યો ને મેં ચેક મહીલા ઓફીસરના હાથમાં મુક્યો. એવામાં જ એમના મોબાઈલની રીંગ વાગી. મને મારી કમનસીબીનાં એંધાણ વર્તાઈ ગયાં. બરાબર સાત મીનીટ રાહ જોયા પછી મેં નમ્ર સ્વરે કહ્યું, 'મૅડમ, મારી પાછળ છ વરીષ્ઠ નાગરીકો રાહ જોઈને ઉભા છે. પેલી ગાંધીછાપની નોટ તમે હાથમાં લો તેના ઈન્તેજારમાં હું સાત મીનીટથી ઉભો છું. આપ મને મુક્ત કરો તો બડી મહેરબાની થશે.' આ સાંભળતાં એમને થોડી તકલીફ તો થઈ; પરન્તુ જો મેં મારો અણગમો વ્યક્ત ન કર્યો હોત તો મારે બીજી દસેક મીનીટ એમની સમક્ષ ઉભા રહેવું પડયું હોત.

એક નવદમ્પતીના સત્કારસમારંભમાં અમે હાજરી આપવા ગયાં હતાં. ભોજનનો સમય સાંજે સાતથી અગીયારનો હતો. રાત્રે દસ વાગ્યા તો પણ નવદમ્પતી બ્યુટીપાર્લરમાંથી પધાર્યાં નહોતાં ! એક યુવાન મને ઓળખતો હતો. મારી પાસે આવી એણે કહ્યું, 'સર, હું 'ગુજરાતમીત્ર'માં નીયમીત રીતે આપની કૉલમ 'માણસ નામે ક્ષીતીજ' વાંચું છું. હું એમબીએનો વીદ્યાર્થી છું. કાલે મારી પરીક્ષા છે. પણ આ દુલ્હા રાજકુમાર મારો ખાસ ફ્રેન્ડ છે એટલે રીસેપ્શનમાં આવ્યો છું. સર, દસ વાગ્યા તો પણ હજી ભોજન શરુ નથી થયું. મેં કહ્યું, 'યુવાનમીત્ર, પેલા સામે ઉભા છે તે દુલ્હાના પીતાજી છે. ખુબ મોટા સરકારી ઓફીસર છે એટલે ભોજનસમારંભ શરુ કરવા માટે આપણી પાસે લાંચની અપેક્ષા રાખતા હશે. સરકારી રાહે કામ ચાલે એટલે વીલમ્બ તો થવાનો જ. તું એક કામ કર. એમને તારી મુશ્કેલીની વાત

કર એટલે તારા ભોજનની વ્યવસ્થા ગોઠવાઈ જશે.' યુવાન બોલ્યો, 'સાહેબ, એવું તે થતું હશે? એમને ખોટું નહીં લાગે ?' મેં જરા ઉંચા અવાજે કહ્યું, 'સાંજના સાતને બદલે રાતના દસ થયા... તો આપણને ખોટું ન લાગે ? ચાલ, મારી સાથે...' અમે બન્ને જઈને રાજકુમારના પીતાજીને મળ્યા. મેં નમ્રતાથી રજુઆત કરી, 'સર, રાતના દસ થયા. મારો તો સુવાનો સમય થવા આવ્યો. અમે ભોજન લીધા વીના જઈએ છીએ. આપ એક ફેવર કરશો ? આ મારા શુભેચ્છાસંદેશનું પરબીડીયું આપના રાજકુમારને પહોંચાડી દેશો ? એમાં માત્ર રુપીયા જ છે. આશીર્વાદ ઉમેરેલા હતા તે પાછા લઈ લીધા છે. જે નવદમ્પતી મહેમાનોને ભુખ્યા–તરસ્યા રાખીને રાતે દસ વાગ્યે પણ બ્યુટી–પાર્લરમાંથી પાછાં ન આવે એમને વળી આશીર્વાદ કેવા આપવાના ?'

પ્રીય વાચક મીત્રો, આપ માનશો ? બરાબર ત્રીજી જ મીનીટે લગભગ તમામ મહેમાનોના હાથમાં ભોજનની ડીશ હતી.

યુવાપેઢીના મીત્રોને મારી આગ્રહપુર્વકની વીનન્તી છે કે તમારા ગમા–અણગમાને નમ્ર છતાં બુલંદ અને મક્કમ અવાજે રજુ કરવાનું રાખો. જો કંઈક સારું થતું કે થયું હોય તો ઉદારતાથી એની પ્રશંસા કરો અને સમાજને પીડા આપતાં માણસો કે રુઢી કે રીતરીવાજો પ્રત્યે કંજુસાઈ કર્યા વીના અણગમો વ્યક્ત કરો. આપણી સ્થીતી સુધરતી નથી એનું કારણ આપણું મૌન છે. અણગમો પ્રગટ કરવામાં શરમ શેની ? બૅન્ક, રેલવે, સરકારી કચેરીઓ કે પાસપોર્ટ ઓફીસ વીરુદ્ધ જ્યારે જ્યારે નાગરીકોએ લેખીત ફરીયાદ મોકલી છે, ત્યારે સમ્બન્ધીત અધીકારીઓને જવાબ આપવાનું ભારે પડી ગયું છે અને એમણે સુધરવું પડ્યું છે.

કાયદાની મર્યાદામાં રહીને આપણે આપણો અણગમો વ્યક્ત કરવાનું શીખી લઈએ.



મેઘધનુષ

‘દરેક આત્મા મુળભુત રીતે દીવ્ય છે. અંદરની ને બહારની પ્રકૃતી પર નીયંત્રણ મેળવીને આ આંતરીક દીવ્યતાને પ્રગટ કરવી તે જ જીવનનો ઉદ્દેશ છે. આ તમે કર્મ દ્વારા કરી શકો, ભક્તી દ્વારા કરી શકો, મન પરના નીયંત્રણ કે જ્ઞાન દ્વારા કરી શકો. કોઈ પણ એક કે વધુ કે સર્વ દ્વારા તમે મુક્ત થઈ શકો. ધર્મનું આ જ સમગ્ર તત્ત્વ છે. શાસ્ત્રો, કર્મકાંડો, મન્દીરો, આદર્શ એ બધું ગૌણ છે.

–સ્વામી વીવેકાનન્દ



અનુક્રમણીકા

09

ઈર્ષા અને અદેખાઈની વચ્ચે ટકી રહેવા માટે, યુવા પેઢીએ પોતાની તાકાત વધારવી પડશે

મોબાઈલ ફોનનું વેચાણ કરતી એક કંપનીમાં સીમા શર્મા સેલ્સ–ઑફીસર તરીકે જોડાઈ. છવ્વીસ વર્ષની સીમા એમ.બી.એ.ની ફર્સ્ટ ક્લાસ ડીસ્ટીંકશન સાથેની ડીગ્રી ધરાવે છે. એણે પોતાનો તમામ અભ્યાસ અંગ્રેજી માધ્યમમાં કર્યો છે. તે ખુબસુરત છે, નમ્ર છે, શીષ્ટાચાર ધરાવે છે અને દસમા ધોરણમાં હતી ત્યારથી 'ગુજરાતમીત્ર'માં પ્રસીદ્ધ થતા મારા લેખો વાંચે છે. આજકાલ સીમા એક તીવ્ર મુંઝવણમાંથી પસાર થઈ રહી છે. સીમા શર્માએ ટેલીફોન પર મને જે કેફીયત રજુ કરી તે આ પ્રમાણે છે, 'મને આ જોબમાં જોડાયાને એક વર્ષ પુરું થયું. મારા સીનીયર ઑફીસર(બૉસ!) અજાણ્યાં કારણોસર મારા પ્રત્યે તીવ્ર ઈર્ષ્યા અને તેજોદ્વેષથી પીડાય છે. તેઓ દીવસમાં દસ વખત મને સંભળાવે છે, 'એમ.બી.એ. કર લીયા ઈસ કા મતલબ યે તો નહીં કી તુ હમ સે ભી હોશીયાર હો ગઈ...યહાં કામ કર ને કે લીયે ખુબસુરતી નહીં; દીમાગ ચાહીયે... ઔર વો તો તેરે પાસ હૈ નહીં,' વગેરે વગેરે! 'સર, જૉબ છોડી દેવાનો વીચાર કરું છું; કારણ કે સીનીયર ઑફીસરના હાથે વારમ્વાર અપમાનીત થવું પડે છે, તેઓ આવું કેમ કરતા હશે?'

સીમા શર્માનો પ્રશ્ન વ્યાપક ચર્ચા માંગી લે તેવો છે અને નવી પેઢીના ઘણા સભ્યોને સ્પર્શતો હશે એટલે તેના પર વીચાર કરવાની જરૂર છે. સીમાના બૉસ (આપણે એમને જલનકુમાર તરીકે ઓળખીશું?) જે વર્તનવ્યવહાર દાખવી રહ્યા છે તે એક સહજવૃત્તી છે. પચાસ વર્ષની સાસુ પોતાની ચોવીસ વર્ષની પુત્રવધુ પ્રત્યે, પંચાવન વર્ષનો પ્રૌઢ અધ્યાપક કે પ્રીન્સીપાલ પોતાની સંસ્થામાં જોડાયેલા ત્રીસ વર્ષના તેજસ્વી શીક્ષક કે અધ્યાપક પ્રત્યે અને જેનો સુર્ય ડુબવા પર છે એવો સીત્તેર વર્ષનો નેતા પક્ષના યુવાન કાર્યકર પ્રત્યે બહુધા આ જ પ્રકારે વર્તતો હોય છે. 'તેજોદ્વેષથી તડપતા સીનીયર્સ સાથે કેવી રીતે વર્તશો?' એ શીર્ષક હેઠળના પોતાના લેખમાં બ્રાઉન જેક્સન નોંધે છે 'ઢળતી ઉમ્મર, ક્રમશઃ ઘટતી જતી કાર્યશક્તી અને સીનીયર હોવાના અહેસાસમાંથી પ્રાપ્ત થયેલી ગુરુતાગ્રંથી, પરીવારના વરીષ્ઠ

સભ્યને કે ઑફીસના વરીષ્ઠ અધીકારીઓને આક્રમક, અહંવાદી વર્તન–વ્યવહાર તરફ દોરી જાય છે. જ્યારે નવી પેઢીના કોઈ સભ્ય પ્રત્યે તેજોદ્વેષમાં સરી પડવાની ઈચ્છા થાય ત્યારે માણસે પોતાના ભુતકાળમાં નજર નાંખી લેવી જોઈએ.' 'હું જ્યારે પુત્રવધુ તરીકે આવી ત્યારે કે ઑફીસમાં જુનીયર ક્લાર્ક તરીકે જોડાઈ હતી ત્યારે મને બધાએ કેટલી હેરાન કરેલી, કેટલો ત્રાસ આપેલો.. હું નવી પેઢીના મારા યુવાન મીત્રો સાથે એ રીતે જ વર્તવાનું વીચારું તો કેટલું યોગ્ય ગણાય?' બ્રાઉન જેક્સન લખે છે, 'જેઓ જ્ઞાની છે, આત્મવીશ્વાસ ધરાવે છે અને સુચારુ વર્તન–વ્યવહારના પાઠો શીખીને આવેલા છે તેઓ ગમે એટલા સીનીયર હોય તો પણ પોતાના જુનીયર સાથીદારો પ્રત્યે આક્રમક અને અહંવાદી વર્તન નહીં દાખવે. તેજોદ્વેષ અપર્યાપ્તતા અને અસલામતીની લાગણીમાંથી જન્મે છે જે વાસ્તવમાં તો, વરીષ્ઠ અધીકારી પોતાના જુનીયર્સથી ભય પામી રહ્યા હોવાનું સુચવે છે.'

માનવતાવાદી અભીગમ એવું સુચવે છે કે ઘરના વરીષ્ઠ સભ્ય (સાસુ, સસરા, પતી વગેરે) કે ઑફીસરના સીનીયર અધીકારી પોતાના જુનીયર સભ્યો સાથે અત્યન્ત માનવતાપુર્ણ વ્યવહાર દાખવે. પોતાના ભુતકાળમાં જો કોઈ કડવા અનુભવો થયા હોય તો એને બીજાઓ પ્રત્યે પુનરાવર્તીત ન કરવા જોઈએ. લર્નીન્ગ સ્ટેજ દરમ્યાન કોઈ આપણને મદદરુપ બન્યું હોય, કોઈએ આપણને નવા ક્ષેત્રમાં જમ્પલાવવા માટે કે ટકી રહેવા માટે પ્રોત્સાહન આપ્યું હોય, હુંફ આપી હોય તો આપણે પણ નીઃશંક એ જ રીતે બીજાને મદદરુપ બનવું જોઈએ. 'પોતાના જુનીયર્સ પ્રત્યે અમાનવીય વર્તન કરનારા છેવટે તો ઈશ્વરના ગુનેગાર ઠરે છે.' બ્રાઉન જેક્સને બોલ્ડ ટાઈપમાં આ વાત નોંધી છે.

જેઓ કોઈકના તેજોદ્વેષો, ઈર્ષા–અદેખાઈનો ભોગ બને છે એમણે કઈ રીતે વર્તવું? બ્રાઉન જેક્સન તે માટેની વ્યુહરચના સમજાવતાં પાંચ મુદ્દાનો કાર્યક્રમ આપે છે;

(1) સીનીયર સાથીદારોનું વર્તન ગમે તેવું હોય તો પણ એ વાત હમ્મેશાં યાદ રાખો કે તમે જુનીયર છો. તમારા પ્રતીવર્તનમાં શાલીનતા, નમ્રતા, શીષ્ટાચાર અને વીવેક કદી ઓછા થવાં ન જોઈએ.

(2) સીનીયર સાથીદારોનું હૃદયપરીવર્તન કરવાનું છે એ વાતને એક ચેલેન્જ તરીકે સ્વીકારો અને તમારા (એમના નહીં) વર્તન–વ્યવહાર પર હમ્મેશાં નજર રાખો.

(3) સીનીયર્સના ગેરવર્તનની ચર્ચા અન્ય સાથે કદી પણ કરશો નહીં, આવું વર્તન (ઘરની કે ઑફીસની બહાર સીનીયર્સને વગોવવા જેવું વર્તન) તમારી મુશ્કેલીમાં વધારો કરી શકે છે. હા, સંજોગો અનુસાર મુડ જોઈને ક્યારેક તમે જાતે જ એમને પોતાને, મૃદુ અવાજમાં એટલું જરુર કહી શકો; 'આપના આ પ્રકારના વર્તનથી મને દુઃખ પહોંચે છે, હું હર્ટ થાઉં છું.' આવું કહેવાથી પરીસ્થીતી બગડશે નહીં; સુધરશે, એવું લાગે તો જ આ પ્રકારનું જોખમ લેવું.

(4) જ્યારે પણ સીનીયર્સનો ઉલ્લેખ કરો ત્યારે પુર્ણ આદર જાળવો. તમારા અને એમનામાં ફર્ક છે તે વાતનો અહેસાસ એમને થવા દો.

(5) ચહેરા પરનું સ્મીત જાળવી રાખો. ઘરમાં કે ઑફીસમાં એકાદ બે સીનીયર્સ તમારી સાથે અપમાનજનક રીતે વર્તે તેથી તમે બધાની સામે મોં ફુલાવીને ફરો તે યોગ્ય નથી. તમારે તમારાં કામ પર ધ્યાન આપવાનું છે. જો તમે ઉંચી ગુણવત્તા જાળવીને કામ કરવાનું ચાલુ રાખશો તો જરુર એની નોંધ લેવાશે. સીનીયર્સની ઉપર એમના પણ સીનીયર હોય છે; એટલે તમને ન્યાય મળશે જ એ વાતમાં શ્રદ્ધા રાખો.

બ્રાઉન જેક્સન અન્તે લખે છે : 'સીનીયર્સના ગેરવર્તનને લીધે રણમેદાન છોડીને ભાગી જવું યોગ્ય નથી. હીમ્મતથી અને ધીરજથી સંજોગોનો સામનો કરો.' સામેની વ્યક્તીને ચેન્જ કરવાનું–બદલવાનું તમારા હાથમાં નથી. એમના ગેરવર્તનને શક્ય હોય ત્યાં સુધી અવગણો (ઈગ્નોર કરો). તમારી કાર્યક્ષમતા પર સીનીયર્સના ગેરવર્તનની પ્રતીકુળ અસર ન પડે તેની કાળજી રાખો. સમાજમાં સર્વત્ર ઈર્ષા અને અદેખાઈનું સામ્રાજ્ય છે. તમે એનાથી બચીને ક્યાં જશો? તમારાં દીકરા–દીકરીએ કોઈ વીશેષ સીદ્ધી મેળવી, ઈર્ષા શરુ !

પુત્રવધુએ આકર્ષક સાડી પરીધાન કરી, પતી સાથે (પોતાના જ તો !) જરાક વધુ હસીને વાત કરી, ઈર્ષા શરૂ. દીકરાએ (પતીએ) માતા પ્રત્યે થોડીક વધારે મમતા બતાવી, ઈર્ષા શરુ! ગુરુને શીષ્યની અદેખાઈ આવે અને શીષ્યને ગુરુજીની ! ઈર્ષા પામનારે કદી 'રણછોડ' બનવાનો વીચાર ન કરવો જોઈએ. નવી પેઢીના સભ્યોને મારી સલાહ છે કે ઈર્ષા અને અદેખાઈની વચ્ચે ટકી રહેવા માટે એમણે પોતાનુ સામર્થ્ય વીકસાવવું જોઈએ. તીવ્ર સ્પર્ધાના આ યુગમાં જે બળીયો હશે તે જ જીવશે, જીતશે અને ટકશે. અહીં બળવાન હોવાનો સન્દર્ભ શારીરીક બળ સાથે નથી, વ્યવસાય માટે જરુરી કૌશલ્યો, ટેલન્ટ વીકસાવવા સાથે છે. કોઈ આપણી ઈર્ષા, અદેખાઈ કરે એટલા માત્રથી આપણું અહીત થશે એવું કદી માનવું નહીં, જેઓ ઈર્ષા કરે છે તેઓ સૌથી વધુ નુકસાન પોતાને જ પહોંચાડે છે, જેની ઈર્ષા કરવામાં આવે તેનું તો કંઈ જ બગડતું નથી !

કોઈ આપણી અદેખાઈ કરે તો એનાથી બીલકુલ વ્યથીત ન થવું એ સન્દેશો જેટલો મહત્ત્વનો છે એટલો જ મહત્ત્વનો બોધપાઠ એ પણ છે કે, આપણે કદી કોઈની ઈર્ષા–અદેખાઈ ન કરવી. કોઈની સીદ્ધી જોઈને કે કોઈનો વૈભવ જોઈને આપણને પહેલો વીચાર એ આવવો જોઈએ કે હું આ બધું કેવી રીતે મેળવી શકું? મારે ત્યાં સુધી પહોંચવા શું કરવું જોઈએ? કોઈની લીટી ટુંકી બનાવવાને બદલે આપણે આપણી લીટીની લંબાઈ વધારવાના માર્ગો વીચારીએ એમાં જ આપણી ભલાઈ છે, આપણું શ્રેય છે.



મેઘધનુષ

કોલંબીયાના વીદ્યાર્થીનો પત્ર

'ઈતીહાસનો આપણો આ સમયગાળો નકરા વીરોધાભાસોથી ભરેલો છે. આપણી પાસે આભ ઉંચા મહાલયો છે; પણ છીછરા–તુંડમીજાજો છે. પહોળા રાજમાર્ગો છે; પણ સાંકડા દૃષ્ટીકોણ છે. આપણે ખર્ચીએ છીએ ઝાઝું; પણ મેળવીએ છીએ થોડું. આપણે

ખરીદીએ છીએ મબલક પણ; તેને માણીએ છીએ ચાંગળુંક. આપણી પાસે વીશાળ ઘરો છે; પણ કુટુંબો નાનાં. સગવડોની છત છે; પણ સમયની અછત. આપણું ભણતર વધ્યું; પણ ગણતર ઘટ્યું. જાણકારી વધી; પણ વીવેક ઘટ્યો. નીષ્ણાતો વધ્યા; પણ ઉકેલ ઘટ્યા. દવાઓ વધી પણ; તન્દુરસ્તી ઘટી.

‘આપણે આપણી સમ્પત્તીના ગુણાકાર કર્યા; પણ મુલ્યોના ભાગાકર. આપણે મોં ફાટ બોલીએ છીએ; પણ દીલ ભરીને ભાગ્યે જ પ્રેમ કરીએ છીએ અને વેરઝેર પેટ ભરીને કરીએ છીએ ! આપણે જીવન ગુજારો કરતાં શીખ્યા; પણ જીવન જીવતાં નહીં. આપણે જીવનમાં વર્ષો ઉમેર્યાં; પણ વર્ષોમાં જીવન નહીં. આપણે આમદાની વધારી; પણ નીતીમત્તા ઘટાડી. આપણે જથ્થાબંધ જણસ પેદા કરી; પણ ગુણવત્તા ઘટાડી.

‘આ જમાનો છે મોટા માણસોનો; પણ માટીપગા ચારીત્ર્યહીનોનો. અઢળક નફાખોરીનો; પણ તળીયાઝાટક સમ્બન્ધોનો. આ સમય છે વીશ્વશાન્તીનો; પણ ઘર ઘરના કજીયા–કંકાસોનો. વધુ એશ–આરામનો; પણ ઓછા આનન્દનો. વાનગીઓની વીવીધતાનો; પણ સત્ત્વહીન ખોરાકનો. આ દીવસો છે પતી–પત્નીની બેવડી આવકના; પણ વધુને વધુ છુટાછેડાના. રુપકડાં ઘરોના; પણ તુટતા સંસારના. આ જમાનો છે બહારના ઝાકઝમાળ દેખાડાનો; પણ અંતરના ભંડારો ખાલીખમ હોવાનો. આ દીવસો છે અદ્યતન યંત્રવીદ્યાના, જે આ લેખ તમારી પાસે લાવશે અને આ સમય છે તમારા અન્તરાત્માને ઢંઢોળીને પસંદગી કરવાનો– ‘આ બેઢંગી રફતાર બદલવાનો અથવા તો આ કાગળનો ડુચો કરી ફેંકી દેવાનો.’

(**સૌજન્ય :** ‘ભુમીપુત્ર’; અનુવાદ : પ્રવીણ ભુતા)



અનુક્રમણીકા

10

આધુનીક જીવનના અભીશાપથી બચીએ

સ્કુલમાં જવાને બદલે સાઈબર કાફેમાં બેસીને પોર્ન ફીલ્મની મજા માણતા ‘લવ’ના કેસનો સ્ટડી હાથ ધર્યા પછી જાણવા મળ્યું કે એનો ચાળીસ વર્ષની ઉમરનો ડૅડ સફળ ઉદ્યોગપતી છે. લવને પીતા પાસેથી પ્રેમ અને સમય સીવાય બધું જ મળી રહેતું. લવ અંગ્રેજી માધ્યમની ઈન્ટરનૅશનલ સ્કુલમાં સ્ટડી કરે છે. એની મૉમ કૉલેજમાં લેક્ચરર છે. લવની જીવનકહાણી એના જ શબ્દોમાં, ‘મારો નહીં; મારા ડૅડનો ઈલાજ કરવાની જરુર છે. વહેલી સવારે આઠ વાગ્યે તેઓ ઘર છોડી દે છે. મોડીરાત્રે દસ પછી એમનું ઘરમાં આગમન થાય છે. મહીનાઓ સુધી અમારી વચ્ચે કોઈ કમ્યુનીકેશન થતું નથી. મારા પીતા આધુનીક જીવનશૈલીનો શીકાર છે. ટોઈલેટમાં પણ એ મોબાઈલ ફોન લઈને જાય છે. એમણે મને કંઈ જ શીખવ્યું નથી. કદી સલાહ, શીખામણ કે ઉપદેશના બે શબ્દો કહ્યા નથી. કદી ઠપકો આપ્યો નથી કે ગુનો કર્યો હોય ત્યારે ગાલ પર થપ્પડ મારી નથી. હું આઠમા ધોરણમાં હતો ત્યારથી પૉકેટ એક્સપેન્સ તરીકે મને પાંચસો પાંચસો રુપીયાની નોટો મળતી. પપ્પામમ્મી વચ્ચે રોજ ઝઘડાઓ ચાલતા. હું ત્રણ વર્ષનો હતો ત્યારથી એમની વચ્ચેનાં યુદ્ધોનો સાક્ષી બન્યો છું. ઝઘડાનું કારણ મૉમના પુરુષમીત્રો હતા. મને ઘરમાંથી બધું જ મળ્યું; સંસ્કાર ન મળ્યા. સ્કુલેથી છુટીને ઘરે આવું ત્યારે ત્યાં મારી રાહ જોનારું કોઈ ન હોય, મને એવું લાગતું કે જાણે હું અનાથાશ્રમમાં ઉછરી રહ્યો છું. હું નવમા ધોરણમાં હતો ત્યારે મને મોબાઈલ ફોન અપાવી દેવામાં આવ્યો. દસમા ધોરણમાં પ્રવેશ્યો અને મારા હાથમાં હૉન્ડાની ચાવી પકડાવી દેવામાં આવી હતી. ઘરમાંથી મને બધું જ મળ્યું; પ્રેમ ન મળ્યો, માર્ગદર્શન ન મળ્યું, માતા-પીતાનો સમય ન મળ્યો. ચારીત્ર્ય વગરના ડૅડ અને મૉમ તરફથી મને બદચલન છોકરા–છોકરીઓ વચ્ચે રખડવા ભટકવાની પ્રેરણા મળી. સર, મારો નહીં; આધુનીક જીવનશૈલીનો શીકાર બનેલા મારાં પેરન્ટ્સનો ઈલાજ કરવાની જરુર છે.’

આજે પ્રત્યેક માણસ આધુનીક યુગનો અભીશાપ લઈને જીવી રહ્યો છે. જીવનમાંથી ‘જીવન’ની બાદબાકી થઈ ગઈ છે. ‘ટીનએજ’ માંથી પસાર થતાં બાળકો ગુમરાહ

થાય તેવા કીસ્સાઓ વધતા જાય છે. દીકરો કે દીકરી સોળ–સત્તર વર્ષનાં થાય એટલે માતાપીતાના પ્રભાવમાંથી બહાર નીકળીને સ્વચ્છંદ જીવન જીવવા તરફ વળવા માંડે છે. આધુનીક યુગનાં સફળ સ્ત્રી–પુરુષો એવું સમજે છે કે બાળકોને ભૌતીક સુવીધા આપીએ, સુખ–સગવડ આપીએ, ખીસ્સાખર્ચ માટે પુષ્કળ પૈસા આપીએ એટલે અમારી ફરજ પુરી થઈ જાય છે. બાળકને શ્રેષ્ઠ શાળામાં ઍડ્મીશન અપાવી દઈએ અને ટ્યુશન આપવા માટે શીક્ષકો શોધી આપીએ એટલે અમારું કામ પુરું થઈ જાય છે. એવું સમજનારા માતાપીતા ખુબ મોટી ભુલ કરી રહ્યાં છે, ભયાનક ગેરસમજનો શીકાર છે. બાળકો ઘરનો દરવાજો ખોલીને બહાર નીકળે એટલે એમની સામેનાં જોખમો શરુ થાય છે. બદમાશ માણસો અને અસામાજીક તત્ત્વો અબુધ, નાદાન, માસુમ છોકરા–છોકરીઓને ફસાવવા માટે જાળ પાથરીને ઉભાં છે. મહાનગરોમાં હુક્કાબાર ચાલે છે, ખુલ્લેઆમ શરાબ વેચાય છે, ડ્રગ્સ અને નશીલા પદાર્થો સહેલાઈથી મળી જાય છે, સાઈબર કાફેમાં જઈને અશ્લીલ ફીલ્મો જોઈ શકાય છે. ખુબસુરત છોકરીને ફસાવવા માટે શેતાનો શેરીએ શેરીએ ગૅન્ગ બનાવીને ફરી રહ્યા છે. અરે, ટ્યુશન ક્લાસમાં, શાળા, કૉલેજો અને યુનીવર્સીટીઓમાં કેટલાક હવસખોર વરુઓ શીક્ષક કે અધ્યાપકના સ્વાંગમાં કન્યાઓ અને યુવતીઓને પોતાની વાસનાનો શીકાર બનાવવા તૈયાર થઈને બેઠા છે !

કેટલાં માતા–પીતા પોતાનાં વહાલાં સંતાનોને આ બધાં જોખમો સામે બચવાની અને લડવાની તાલીમ આપે છે ? ગુજરાતની કૉલેજોનાં પ્રાંગણમાં સેક્સ માણતી વખતે નીરોધ વાપરવાની સલાહ આપતી જાહેરાતોનાં બોર્ડ લટકતાં જોવા મળે છે. કેટલાં માતાપીતા પોતાની દીકરીઓને સંસ્કારનું કવચ પહેરાવવાનો સમય ફાળવે છે ? 'સંતાનો અમારી સલાહ માનતાં નથી, અમને સાંભળતા નથી, એમના પર અમારો કંટ્રોલ રહ્યો નથી.' એવી ફરીયાદો કરતા વડીલોએ એમ થવા માટેનાં કારણો તપાસવાની તકલીફ લીધી છે ખરી ?

ગયા સપ્તાહમાં એક ડૉક્ટર દમ્પતી પોતાની સત્તર વર્ષની પુત્રીની ફરીયાદ લઈને આવ્યાં. પતીપત્ની બન્ને એમ.ડી.ની ડીગ્રી ધરાવે છે. એમની પાસે ચલણી નોટો છાપવાનું મશીન છે, જેને તેઓ 'કન્સલ્ટીંગ રુમ'ના રુપાળા નામે ઓળખાવે છે. સવારે નવથી રાત્રે નવ સુધી તેઓ દર વીસ મીનીટે સો રુપીયાની ચાર નોટ છાપવા માટે આ મશીનમાં જઈને બેસી જાય છે. બપોરનું ભોજન પણ તેઓ ચાલુ મશીને જ પતાવી દે છે. ડૉક્ટર દમ્પતીની સ્માર્ટ

દીકરીએ બપોરે પ્રાપ્ત થતા ફુરસદના સમયનો સદ્દુપયોગ કરીને ચાર બૉયફ્રેન્ડ્ઝ બનાવી દીધા. છોકરીની હીમ્મત એટલી વધી ગઈ કે રવીવારે પપ્પા–મમ્મીની હાજરીમાં એ પોતાના બૉયફ્રેન્ડ્ઝ સાથે બેડરુમમાં દરવાજો અન્દરથી બંધ કરીને કલાકો સુધી પુરાઈ રહેતી. ડૉક્ટર દમ્પતીએ દીકરીને રોકવાની કોશીશ કરી તો રાજકુમારીએ એમને આત્મહત્યા કરવાની ધમકી આપી.

જ્યારે આ કેસ મારી પાસે લાવવામાં આવ્યો ત્યારે મારે દીલગીરી સાથે ડૉક્ટરસાહેબને જણાવવું પડ્યું, 'સૉરી, આપની દીકરી ખોટી દીશામાં એટલી બધી આગળ નીકળી ગઈ છે કે એને પાછી વાળવાનું મુશ્કેલ છે. રોગ છેલ્લા સ્ટેજ સુધી પહોંચી ગયો ત્યાં સુધી આપ શું કરતા હતા?' એમની પાસે ઉત્તર નહોતો.

આધુનીક સમયમાં પરીવાર જીવનની ગુણવત્તા તળીયે જઈને બેઠી તેનાં બે કારણો છે :

(1) સંયુક્ત કુટુમ્બો વીખેરાઈ ગયાં, ન્યુક્લીઅસ ફૅમીલીમાં પતીપત્નીને પ્રાપ્ત થતી સ્વતન્ત્રતા સ્વચ્છન્દતામાં પરીણમી. જો માતા–પીતાનું ચારીત્ર્ય જ શંકાસ્પદ હોય તો બાળકોમાં સારા સંસ્કાર ક્યાંથી આવવાના? કૉલેજમાં અભ્યાસ કરતા પુત્રને, પીતાએ છોકરીઓ પાછળ સમય અને પૈસા ન વેડફવાની સલાહ આપી, ત્યારે પુત્રએ એક જ વાક્યમાં જવાબ આપી દીધો, 'ડૅડ, મને આવી સલાહ આપવાનો અધીકાર તમે ગુમાવી દીધો છે, તમારા ચારીત્ર્યથી હું વાકેફ છું.' બપોરે ત્રણ–ચાર કલાક રહસ્યમય રીતે ગુમ થઈ જતી મીડલ એજમાંથી પસાર થતી માતા, દીકરીને સખણી રહેવાની સલાહ કયા મોઢે આપે? બાળક જે ભાવાવરણમાં જીવે છે તે અનુસાર એનું ચારીત્ર્ય ઘડાય છે. બાળકો પ્રવચનો અને ઉપદેશો સાંભળીને પોતાનું વર્તન નીર્ધારીત કરતાં નથી.... તેઓ તો જે જુએ, તેને જ અનુસરે છે. માતાપીતા પોતાનું ચારીત્ર્ય ન સાચવી શકે ત્યારે બાળકોનાં વર્તન–વ્યવહાર પર તેની અસર પ્રતીબીમ્બીત થાય જ..

(2) કુટુંબના વડીલો પદ, પ્રતીષ્ઠા અને ધન કમાવા આંધળી દોટ મુકે ત્યારે બાળકો સંસ્કાર મેળવવાથી વંચીત રહી જાય છે. માણસને શાન્તીથી અને સુખેથી રહેવા તથા

જીવવા માટે કેટલા રુપીયા જોઈએ? વહેલી સવારથી મોડી રાત સુધી ધન મેળવવા રખડતો–ભટકતો પુરુષ, પોતાની પત્નીને અને બાળકોને ગુમાવે છે. માતાપીતા લાંબો સમય ઘરની બહાર રહેતા હોય ત્યારે બાળકોની સંભાળ કોણ રાખે? બાળકોને સંસ્કાર કોણ આપે? ખોટી દીશામાં જતાં તરુણ–તરુણીઓને કોણ અટકાવે? આજે પરીવારજીવન ખાડે ગયું છે. તેનું કારણ એ છે કે પરીવારના સભ્યો વચ્ચે કમ્યુનીકેશનની પ્રક્રીયા અટકી ગઈ છે. સવારે પ્રાર્થનાના સમયે કે રાત્રી ભોજનના ટેબલ પર પરીવારના સૌ સભ્યો ભેગા મળતા એ દીવસો હવે ભુતકાળ બની ગયા.

આપણાં ઘરો હવે હૉટલ અને ધર્મશાળામાં ફેરવાઈ ગયાં છે. રાત્રે સુવા માટે સૌ ઘરે આવે અને વહેલી સવારે હૉટેલ છોડીને મુસાફરો પોતપોતાનાં કામે નીકળી જાય ! પરીવારના સભ્યો વચ્ચે પ્રેમ અને આદરનો નાતો રહ્યો નથી. નીતી, ધર્મ, મુલ્યો અને સદાચારની વાતો કરનારાં દાદાદાદીનું સ્થાન હવે વૃદ્ધાશ્રમમાં છે કે પોતાના જુના ઘરમાં તેઓ એકલાં આંસુ સારી રહ્યાં છે. બાળકોને સાદગી, કરકસર, શીસ્ત અને સંયમ, પરીશ્રમ તથા સ્વાશ્રય, નમ્રતા, વીવેક અને શીષ્ટાચારના પાઠો પરીવારમાં માતા–પીતા પાસેથી શીખવા ન મળે, તો એમણે જીવનમાર્ગમાં દુર્ઘટનાના શીકાર બનવા તૈયાર રહેવું પડે.

દીકરી બદમાશ છોકરાઓના ટ્રૅપમાં ફસાઈ નહીં, તે માટેનું શીક્ષણ માતાપીતાએ સહજ ભાવે આપવું પડે. આપણે દીકરીઓને શેતાનવૃત્તી ધરાવતા મીત્રો, શીક્ષકો, અધ્યાપકો અને ધર્મગુરુઓથી કઈ રીતે બચવું અને એવા શેતાનોને કઈ રીતે ઓળખવા તે શીખવવું પડે. દીકરીને સારા મીત્રો કઈ રીતે બનાવવા તેની તાલીમ ઘરમાંથી મળવી જોઈએ. બાળકોને તેઓ જે માંગે તે બધું જ અપાવતાં રહેવું એ સારાં માતાપીતાનું લક્ષણ નથી.

આદર્શ માતાપીતા એ છે કે જે પોતાના એકના એક દીકરાને પણ અયોગ્ય માગણી માટે દૃઢતાપુર્વક ના પાડી શકે. બાળકોની તમામ ઈચ્છાઓ પુરી કરવી એ તેમને બગાડવાનો શ્રેષ્ઠ ઉપાય છે. બાળકોને મારવાનું કે શારીરીક સજા કરવાનું ઈચ્છનીય નથી; પરન્તુ બાળકોને ખોટું કામ કરતાં ડર લાગે કે ખોટી દીશામાં જતાં પહેલાં હજાર વાર વીચાર કરવો પડે એટલી સખ્તાઈ દાખવતાં તો માતા–પીતાએ શીખવું જ પડે.

માતા–પીતા બીજું કંઈ ન કરે, પોતાના બાળકો સાથે વધુમાં વધુ ક્વૉલીટી ટાઈમ પસાર કરવાનું રાખે તો જીન્દગીમાં આવતી ઘણી દુર્ઘટનાઓને રોકી શકાશે. આમીન....



મેઘધનુષ

કંઠમાં શોભે તો માત્ર પોતાનો અવાજ,
પારકી રુપાળી કંઠી બાંધવાનું છોડીએ.

...હેમેન શાહ...



અનુક્રમણીકા

11

આપ ખુબ બોલ્યા; હવે જરા શાન્ત રહેશો ?

ભારત ઘોંઘાટપ્રધાન દેશ છે. તમે જ્યાં પણ જશો, સર્વત્ર કર્કશ અવાજ તમારા કર્ણપટલ પર ધગધગતા સીસાની જેમ રેડાશે. નર્સરી, કે.જી.નો વર્ગ હોય કે વરીષ્ઠ નાગરીકોની સભા; બન્ને સ્થળે અવાજનું પ્રદુષણ આપણને પજવે છે.

ઓગણીસ વર્ષની કૉલેજકન્યાને ઘરે પહોંચવામાં પોણો કલાકનો વીલમ્બ થયો, એટલે તેના પપ્પાએ ભાષણ શરુ કરી દીધું. વીસ મીનીટ સુધી દીકરીએ પીતાજીને સહન કર્યા પછી ધીરજ ગુમાવીને તેણે કહ્યું, ‘આપ ખુબ બોલ્યા, હવે જરા શાન્ત રહેશો? મને મોડું કેમ થયું તેનું કારણ તો પુછો!’ વીસ મીનીટ પછી પીતાજીને ભાન થયું કે મેં પુત્રીને ઘરે મોડા આવવા માટેનું કારણ તો પુછ્યું જ નહીં... ! કેટલી મોટી ભુલ! પીતાજીએ કારણ પુછ્યું ત્યારે, પુત્રીએ મોબાઈલ–ફોન પર એક નંબર ડાયલ કરીને પપ્પાને કહ્યું; ‘લો, મારા વીલમ્બનું કારણ સામા છેડે છે, વાત કરો એમની સાથે.’ પીતાજીએ મોબાઈલ ફોન કાને ધર્યો તો સામે છેડે એમનાં જ મોટાં બહેનનો અવાજ સંભળાયો, ‘રાજુ, તારી દીકરી તો ખુબ વીવેકી અને સેવાભાવી છે, ભાઈ. તું નસીબદાર છે, આવી સંસ્કારી પુત્રી મેળવવા માટે. હું હૉસ્પીટલમાં મારા પાડોશીની ખબર પુછીને ઘરે જવા બસસ્ટેન્ડ પર ઉભી હતી. તો આપણી દીકરીએ મને જોઈ. વાહનને બ્રેક મારીને ઉભું રાખ્યું અને ટર્ન લઈને મારી પાસે આવીને પુછે છે, ‘ફોઈ, ક્યાં નીકળ્યાં? ઘરે જઈ રહ્યાં છો? બેસી જાઓ, હું આપને છોડી દઈશ’. મારી ઘણી રકઝક પછી પણ તે ન જ માની. વીસ પચ્ચીસ મીનીટ બગાડીને મને છેક ઘરે મુકી ગઈ અને જતી વખતે ચરણસ્પર્શ કરીને મારા આશીર્વાદ માંગતાં બોલી, ‘ફોઈ, મેડીકલમાં ભણું છું. ભણવાનું ખુબ અઘરું છે. આપ આશીર્વાદ આપો તો બધું બરાબર પાર ઉતરી જાય.’ બહેને છેલ્લો પ્રશ્ન કર્યો; ‘ભાઈ, કેમ અત્યારે અચાનક ફોન કરવો પડ્યો, કંઈ કામ હતું?’ પીતાની આંખમાં પશ્ચાત્તાપનાં આંસુ હતાં, એમણે માંડ માંડ વાક્ય પુરું કર્યું.

સામેના માણસને બોલવાની તક આપ્યા વગર, નૉનસ્ટોપ બોલતાં રહેવાની આદત ઘણી વાર મોટી દુર્ઘટનાને જન્મ આપે છે.

પશ્ચીમીના વીકસીત દેશોમાં બાળકોને શીશુઅવસ્થામાં જ કેવી રીતે બોલવું અને કેટલું બોલવું તેની તાલીમ અપાય છે. ઉતારુઓથી ભરચક બસ કે ટ્રેનમાં માણસોનો વાતો કરવાનો અવાજ તમને કદી સાંભળવા ન મળે. શાળાઓમાં પણ એ જ પ્રમાણેની શીસ્ત પ્રવર્તતી જોવા મળે.

આપણે ત્યાં ટ્રેનના ફસ્ર્ટ ક્લાસના ડબામાં પણ તમને શાન્તીનો અનુભવ નહીં થાય. હાથમાં પચાસ હજાર રુપીયાનો ફોન હોય; પરન્તુ બાજુમાં બેઠેલા સહયાત્રીને સંભળાય નહીં, એટલા ધીમા અવાજે વાત કરવાની તમીઝ ન હોય તો એનો શો અર્થ?

મારું અવલોકન છે કે જ્યારે વાતો કરનારા બોલે છે ત્યારે અર્થપુર્ણ વાતો ઓછી થાય છે અને ઘોંઘાટ વધારે સર્જાય છે. મન્દીરના ચોકમાં, ઑડીટોરીયમમાં, રેલવે સ્ટેશન પર અને શાકમાર્કેટમાં ચાલતી વાતો તરફ ધ્યાન આપજો. ત્યાં રજુ થતી વાતને ધ્યાનથી સાંભળનારું કોઈ હોતું નથી. બધાં બોલવા માટે પોતાનો વારો આવે તેની રાહ જ જોતાં હોય છે!

પ્રત્યાયન કૌશલ્યો(કમ્યુનીકેશન સ્કીલ)ના તજ્જ્ઞો હમ્મેશાં ઓછું બોલવાની અને વધુ સાંભળવાની સલાહ આપે છે. એકપક્ષી રીતે બોલબોલ કરનારા તીવ્ર અહંકારથી પીડાતા હોય છે અને એમની તમામ વાતો ‘હું, મેં, મને’ જેવા અહંકારસુચક શબ્દોથી શરુ થતી હોય છે.

બે મહીલાઓ લાઈનમાં ઉભાં રહીને વાતો કરતાં હતાં, જે અનાયાસ અને અનીચ્છાએ મારે સાંભળવી પડી. એમાં પણ એક બહેન પુર્ણકાલીન શ્રોતા હતાં અને બીજાં અસ્ખલીત વાક્પ્રવાહ ધરાવતાં વક્તા હતાં. અહંકારી મહીલાએ પાંચેક મીનીટમાં જે દસ બાર વાક્યો હવામાં વહેતાં કર્યાં તે આ સ્વરુપના હતાં : ‘મને તો સવારે ચાર પાંચ વખત

કૉફી ન મળે તો મારી ઉંઘ ઉડે જ નહીં ! મને એ.સી. વગર તો બીલકુલ ન ચાલે, અમે તો દરેક સમરમાં સ્વીત્ઝરલૅન્ડ ચાલ્યાં જઈએ છીએ, મારો અવાજ એટલો મધુર છે કે બધાં મને સાંભળ્યા જ કરે, હું તો ઘરે જ જલેબી, ગુલાબજાંબુ, અંગુરરબડી બનાવું છું, મને બજારની મીઠાઈ તો બીલકુલ નહીં ભાવે!'

સામેના પાત્રને બોલવાની તક આપ્યા વગર બોલ્યા કરવું એ વીવેક અને સંસ્કારનો અભાવ બતાવે છે. માણસ ઉંચી ડીગ્રી મેળવે, વીદ્વત્તા પ્રાપ્ત કરે, ઉંચુ પદ મેળવે કે દૈવયોગે ધનવાન બની જાય તો એનામાં નમ્રતા વધવી જોઈએ તથા બીજાને સાંભળવાનું ધૈર્ય પણ વીકાસ પામવું જોઈએ.

ઓછું બોલવાના અને અન્યને ધીરજથી સાંભળવાના છ ફાયદાઓ નોંધવા યોગ્ય છે :

1. શક્તીનો બચાવ થાય છે. ખુબ બોલનારો જલદી થાકે છે અને સ્વાસ્થ્ય પરનાં જોખમો નોતરે છે.

2. બોલતા પુર્વે વીચારવાની તક પ્રાપ્ત થાય છે. સામેના માણસને સાંભળતી વખતે આપણે આપણા વીચારોનું આયોજન કરી શકીએ છીએ. આપણને નુકસાન પહોંચાડનારી વાતોથી આપણે બચી શકીએ છીએ.

3. સામેના માણસના કથન પર ધ્યાન આપી શકાય છે. એમની અભીવ્યક્તીનું પૃથક્કરણ કરવાનો અવકાશ સાંપડે છે.

4. માત્ર કામની અને મહત્ત્વની વાતો રજુ કરી શકીએ છીએ, જેથી સામેના માણસને આપણું દૃષ્ટીબીન્દુ સમજવામાં તકલીફ પડતી નથી.

5. વાર્તાલાપને અન્તે સાચો નીર્ણય લઈ શકાય છે. સામેના માણસને પુરા ધ્યાનથી સાંભળીએ એટલે જરુરી માહીતી પ્રાપ્ત થઈ શકે છે, જે યોગ્ય અભીપ્રાય કે નીર્ણય સુધી પહોંચવામાં મદદરુપ થાય છે.

6. અન્યના અભીપ્રાયોને આદર આપવાની ટેવ વીકાસ પામે છે. જો આપણે સામેના માણસને ધ્યાનથી સાંભળીએ જ નહીં, તો એમના વીચારોને આદર આપવાનો કે સ્વીકૃતી આપવાનો પ્રશ્ન જ ક્યાં ઉદ્‌ભવે છે?

ઓછું બોલનારા અને ધ્યાનથી સાંભળનારા માણસોને સૌથી મોટો લાભ એ થાય છે કે તેઓ ઓછા સમયમાં ઘણા બધા માણસોનો આદર મેળવે છે અને સમાજમાં અણધારી લોકપ્રીયતા પ્રાપ્ત કરી લે છે. કારણ કે છેવટે તો, સૌને બોલવાનું ગમે છે, સાંભળવાનું કોઈને ગમતું નથી.

ઓશોએ કહ્યું છે, 'ફોન પર કે રુબરુ વાતચીત કરતી વખતે 'ટેલીગ્રાફીક લેંગ્વેજ'નો ઉપયોગ કરો. જો એક શબ્દથી કામ પતી જતું હોય તો પાંચ શબ્દો શા માટે, અને એક વાક્યથી તમારો વીચાર સામે છેડે પહોંચતો હોય તો પાંચ વાક્યો શા માટે?'



મેઘધનુષ

નગારખાનામાં પણ ક્યારેક તતુડીનો અવાજ સંભળાય છે.
એ તતુડી જ્યારે સત્યનો સુર વહેતો મેલે ત્યારે ભલભલા
ઘોંઘાટને પણ નથી ગાંઠતી.

...ગુણવંત શાહ...

અનુક્રમણીકા

12

પ્રવૃત્તી મહત્ત્વની કે પ્રસીદ્ધી ?

એક શાળાએ પોતાના વીદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા યોજી. એ સ્પર્ધામાં માત્ર અગીયાર વીદ્યાર્થીઓએ ભાગ લીધો. જે વીદ્યાર્થી સ્પર્ધામાં પ્રથમ આવ્યો, તેના ફોટા સાથે અખબારોમાં મોટા અક્ષરે છપાયું... ‘શાળાનું ગૌરવ : વકતૃત્વ સ્પર્ધામાં વીદ્યાર્થી પ્રથમ ક્રમે જાહેર થયો.’

શાળામાં થતી પ્રવૃત્તીઓ અભ્યાસક્રમના ભાગરુપે થાય છે. વર્ષ દરમીયાન શાળામાં ક્વીઝ યોજાય, નીબન્ધ સ્પર્ધા અને સંગીત સ્પર્ધા યોજાય, જોડણી હરીફાઈ અને ક્રીકેટ મેચ યોજાય તો દર બીજે–ત્રીજે દીવસે એ બધી પ્રવૃત્તીઓનો અહેવાલ અખબારમાં પ્રસીદ્ધ કરવાનું જરુરી ખરું? વીદ્યાર્થી આંતર્શાળેય સ્પર્ધામાં પ્રથમ આવે કે રાજ્યકક્ષાએ કે રાષ્ટ્રીય કક્ષાએ વીજેતા નીવડે ત્યારે એની સીદ્ધીને બીરદાવવા શાળા તરફથી ફોટો અને સમાચાર પ્રસીદ્ધ થાય તે યોગ્ય છે; પરન્તુ નીયમીત રીતે હાથ ધરાતી દૈનીક પ્રવૃત્તીઓના સમાચાર રોજેરોજ અખબાર સુધી શા માટે પહોંચે? આવતીકાલે આપણને એવી તસવીર જોવા મળે કે : ‘દસમા ધોરણમાં ગણીતનો તાસ લેવા વર્ગખંડમાં જઈ રહેલા શીક્ષક મહાશય’ તો નવાઈ પામવાની જરુર નથી. કેટલીક શાળાઓ અને કેટલી સામાજીક તથા સાહીત્યીક સંસ્થાઓ પ્રસીદ્ધીના મોહમાં સમાચારો છપાવવામાં જે અતીરેક કરે છે તે જોઈને આશ્ચર્યની લાગણી જન્મે છે !

જે શાળા–કૉલેજો વારમ્વાર અખબારોમાં ચમક્યા કરે છે તેઓ ખુબ સારું કામ કરે છે, ઉંચી ગુણવત્તા ધરાવે છે અને પ્રવૃત્તીઓ કરવામાં અગ્રેસર છે એવું માનવાની ભુલ કરશો નહીં. પ્રસીદ્ધીનો મોહ દાખવ્યા વગર મૌન રહીને, ચુપચાપ પોતાનું કામ શ્રેષ્ઠ ગુણવત્તા સાથે કરનારી અનેક સંસ્થાઓ સમાજમાં છે અને વીદ્યાર્થીઓના જીવનઘડતરમાં એમનું પ્રદાન નોંધનીય રહ્યું છે.

થોડા દીવસો પર એક રમુજપ્રેરક બનાવ સર્જાયો. એક શૈક્ષણીક સંકુલમાં શાળા–કૉલેજો ચાલે છે અને વીવીધ પ્રકારના કોર્સીસનું શીક્ષણ અપાય છે. સંસ્થાની સ્વનીર્ભર બી.એડ્. કૉલેજના એક અધ્યાપક, એ જ સંસ્થાની ઉચ્ચતર માધ્યમીક શાળામાં પ્રવચન આપવા ગયા. શાળાના આચાર્યએ અધ્યાપકનું ‘શબ્દ–સુમન’થી સ્વાગત કર્યું. ત્યાર પછી નીરીક્ષકે એમને પુષ્પગુચ્છથી આવકાર્યા અને એક શીક્ષીકાએ મહેમાનનો વીધીવત્ પરીચય આપ્યો. બીજે દીવસે ફોટા સાથે એ કાર્યક્રમનો અહેવાલ અખબારોમાં પ્રસીદ્ધ થયો!

અહીં પ્રશ્ન એ ઉદ્‌ભવે કે એક જ શૈક્ષણીક સંકુલમાં ચાલતી કૉલેજનો અધ્યાપક, એ જ સંકુલમાં કાર્યરત ઉચ્ચતર માધ્યમીક શાળામાં પ્રવચન આપવા જાય, ત્યારે આવકાર આપવાનો અને અધ્યાપકનો પરીચય કરાવવાનો વીધી જરુરી છે? જો અધ્યાપકને એની જ સંસ્થાના વીદ્યાર્થીઓ ઓળખતા ન હોય તો એ સ્થીતી દયાનજક નથી? વળી, એ આંતરીક વ્યવસ્થાના ભાગરુપે યોજાયેલ કાર્યક્રમનો અહેવાલ અખબારોમાં પ્રસીદ્ધ થાય? પ્રસીદ્ધીની ઘેલછાને પણ કોઈ હદ હોયને?

એક શાળામાં ગરીબ વીદ્યાર્થીઓને અમેરીકા–સ્થીત દાતાના દાનમાંથી યુનીફોર્મ વહેંચવાનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો. શાળાએ પત્રકારોને તથા લોકલ ચેનલ્સના પ્રતીનીધીઓને ફોટા પાડવા તથા વીડીયો ફીલ્મ ઉતારવા હાજર રાખ્યા હતા. શ્રમજીવી પરીવારની દસમા ધોરણમાં અભ્યાસ કરતી કન્યા યુનીફોર્મ સ્વીકારવા મંચ પર આવી. તેના ચહેરા પર ક્ષોભ, સંકોચ અને વેદનાના ભાવ હતા. ચહેરો સંતાડવા એણે નીચે જોયું તો સામેથી ફોટોગ્રાફરની સુચના મળી, ‘બહેન, જરા ઉંચે જુઓ, તમારો ચહેરો દખાતો નથી!’ એ કાર્યક્રમમાં અધ્યક્ષપદે આ લખનાર ઉપસ્થીત હતો. એણે બાજુમાં બેઠેલા એન.આર.આઈ. મહેમાનનું ધ્યાન દોર્યું, ‘સર, આવતીકાલે આ તસવીર અખબારોમાં છપાશે. સમગ્ર સમાજ જાણશે કે આ છોકરી દાનમાં મળેલો યુનીફોર્મ પહેરીને શાળામાં જાય છે.’ હું મારી વાત આગળ વધારું તે પહેલા જ પેલા એન.આર.આઈ. સજ્જન ઉભા થઈને માઈક્રોફોન પાસે પહોંચી ગયા અને જાહેરાત કરી : ‘યુનીફોર્મનું વીતરણ બંધ કરવામાં આવે, છોકરા–છોકરીઓને એમના વર્ગમાં યુનીફોર્મ આપવામાં આવશે. જે છોકરીએ અહીં આવીને યુનીફોર્મ

સ્વીકાર્યો તેની તસવીર કે તેના સમાચાર મીડીયામાં પ્રસીદ્ધ ન કરવા આચાર્યને મારી સ્પષ્ટ સુચના છે. જે કન્યાને યુનીફોર્મ સ્વીકારવા મંચ પર બોલાવવામાં આવી તેની અમે હૃદયપુર્વક ક્ષમા યાચીએ છીએ.'

આપણા કાર્યક્રમનો અહેવાલ વાંચવાથી પ્રજાને કંઈ જાણવા–સમજવા મળતું હોય, જીવન કેમ જીવવું તે અંગેનો બોધ મળતો હોય તો એની પ્રસીદ્ધી સાર્થક છે. એક વરીષ્ઠ નાગરીક મંડળે મને પ્રવચન આપવા બોલાવ્યો. એ મંડળના પચાસ સભ્યો છે. મેં એમના પ્રવચનના અન્તે વીનન્તીના સુરમાં કહ્યું : 'હું આજે તમારે ત્યાં આવ્યો એ એક પારીવારીક બનાવ છે. એની નોંધ અખબારને મોકલશો નહીં. આપણે આપણાં સુખ માટે, નીજાનન્દ માટે અહીં ભેગાં થયાં છીએ. નીજાનન્દના આકાશ નીચે તમે દર મહીને આ રીતે મળતા રહેવાના છો. પચાસ મીત્રોએ ભેગા થઈને શું કર્યું તેનો અહેવાલ અખબારની લાખેક નકલમાં છપાય એ રાષ્ટ્રીય દુર્વ્યય છે. આ ઉંમરે નામનો મોહ નહીં છુટે તો ક્યારે છુટશે ?'

મને જણાવતાં આનન્દ થાય છે કે ત્યાર પછી એ મંડળની પ્રવૃતીઓનો અહેવાલ કદી અખબારોમાં પ્રસીદ્ધ થયો નથી. પચાસ સભ્યોના મંડળમાં કોણે કોણે ભાગ લીધો એ પચ્ચીસ નામોની યાદી અખબારમાં પ્રસીદ્ધ થાય તેને બદલે એટલો ભાગ છપાયા વગરનો કોરોધાકોર મને મળે તે ગમે, એ કોરી જગ્યામાં રામનામ લખીને હું પ્રભુને રીઝવવાની કોશીશ તો કરી શકું ! આમીન.



મેઘધનુષ

તન તરકટ, તન તીર છે
મન મરકટ, મન મીર
તનમનને ફેંકી કરે
તેનું નામ ફકીર
...મકરંદ દવે...

અનુક્રમણીકા

13

સમાજથી ડરવાનું બન્ધ કરીએ

વ્યક્તી અને સમાજ વચ્ચેની ખેંચતાણ આદમ અને ઈવના યુગથી ચાલતી આવેલી છે. સોક્રેટીસ, પ્લેટો અને સર ટી.પર્સીનન જેવા ફીલસુફોએ સમાજનું મહત્ત્વ સ્વીકાર્યું અને સાથે સાથે વ્યક્તીની અસ્મીતાનું પણ ગૌરવ કર્યું. ‘સમાજને ભોગે વ્યક્તી કે વ્યક્તીના ભોગે સમાજ’ એ બન્ને સ્થીતી અનીષ્ટ છે અને ટાળવા યોગ્ય છે. ભારતીય સંસ્કૃતી માણસને દબાવી દઈને એના પર સમાજનું આધીપત્ય જમાવવાનું લક્ષણ ધરાવે છે; એવી છાપ જાણ્યે–અજાણ્યે ઉભી થઈ છે, જે આપણે ભુંસવાની છે. વાસ્તવમાં વ્યક્તી અને સમાજ વચ્ચે દ્વન્દ્વની કોઈ ભુમીકા નથી. વ્યક્તીનો વીકાસ એ રીતે થવો જોઈએ, જેથી સમાજનું કલ્યાણ થાય અને સર્વજનોનું હીત સધાય. આપણા સમાજમાં માણસે સ્વયમ્ સમાજને પોતાના પર હાવી થવા દીધો છે.

અનેક માણસોને સમાજના પ્રમાણપત્ર પર જીવવાની ટેવ પડી ગઈ છે. પ્રત્યેક માણસને કોઈપણ નીર્ણય લેતી વખતે એક જ ભય સતાવે છે : ‘લોગ ક્યા કહેંગે?’ ધારો કે એક સજ્જનની દીકરીએ આંતરજ્ઞાતીય લગ્ન કરવાનો નીર્ણય લીધો. છોકરો શીક્ષીત છે. ખુબ સારું કમાય છે અને દીકરીને બધી રીતે સુખી કરશે તે વાતની પ્રતીતી માતા–પીતાને થઈ ચુકી છે; છતાં તેઓ દીકરીને લગ્ન માટે આગળ વધવાની મંજુરી નહીં આપે, કારણ શું? આપણી દીકરી જ્ઞાતી બહાર લગ્ન કરે તો સમાજમાં આપણી પ્રતીષ્ઠાનું શું? લોકોને કેવું લાગશે?

એક કોડભરેલી કન્યાને એક ઈજનેર યુવાન સાથે પ્રેમ થઈ ગયો. લગ્ન નક્કી થયાં. કંકોત્રીઓ વહેંચાઈ ગઈ અને લગ્નના ચાર દીવસ પુર્વે છોકરીને જાણ થઈ કે ઈજનેર યુવાનનાં લગ્ન પુર્વે થઈ ગયેલાં છે. એમની પત્ની અને એક દીકરો દીલ્હીમાં રહે છે. કન્યાના માથે આભ તુટી પડ્યું ! હું એમના ઘરે મળવા ગયો ત્યારે મેં શું જોયું? સૌને તીવ્ર આઘાત લાગ્યો હતો. ક્રુર રીતે છેતરાયાની વેદના છોકરીના ચહેરા પર વંચાતી હતી. પરીવારના સૌ સભ્યો પણ દુ:ખી હતા. સૌ વીચારતા હતા; લગ્નની જાહેરાત થઈ ગઈ છે, કંકોત્રી વહેંચાઈ

ગઈ છે, હવે લગ્ન રદ થશે તો લોકો શું કહેશે? સમાજમાં આપણી પ્રતીષ્ઠાનું શું? એક માત્ર છોકરી જ પોતાના દુઃખને રડતી હતી.

મેં સૌને સમજાવ્યાં, આપની દીકરીના લગ્ન માંડવાળ થયાં તેની જાણ આટલી મોટી દુનીયામાં હજારેક માણસોને થશે. લોકોને સાચી વાત જાણવા મળશે ત્યારે સમજશે કે એમાં આપનો કે દીકરીનો કોઈ દોષ નથી. છ મહીનામાં આ દુર્ઘટના ભુલાઈ જશે. દીકરી બીજો સુશીલ છોકરો શોધીને લગ્ન કરીને સુખી થશે. તમે સમાજને બીનજરુરી મહત્ત્વ આપીને દુઃખી શા માટે થાઓ છો? 'આપણે હવે સમાજને કઈ રીતે મોં બતાવીશું ?' એવો તમારો પ્રશ્ન પણ બીલકુલ વાહીયાત છે. મોં તો પેલા ઈજનેર યુવાને કાળું કર્યું છે, તમારે મોં છુપાવવાની શી જરુર છે? સદ્ભાગ્યે મારી વાત એમને ગળે ઉતરી અને ઘરનું વાતાવરણ હળવું થયું.

અહીં પ્રશ્ન એ ઉદ્ભવે છે કે સમાજનું સ્વરુપ ખરેખર આટલું બધું ડરામણું અને બીહામણું છે કે પછી આપણે જ રાઈનો પર્વત બનાવી દીધો છે? સમગ્ર સમાજ જેનાં કરતુતોને કારણે હોરર ફીલ્મના ખલનાયક જેવો ગણાવા લાગ્યો, એવા દુષ્ટ માણસોની સંખ્યા આંગળીને વેઢે ગણાય એટલી પણ નથી. કેટલાક નીન્દાખોર, ચુગલીખોર, ચોખલીયા માણસોને બીજાના બેડરુમમાં ડોકીયું કરવાની ટેવ પડી ગયેલી હોય છે. તમારે ત્યાં શું થયું, કોણ આવ્યું, કોણ ગયું બધી બાતમી એમની પાસે હોય. સામેના માણસને મુંઝવણમાં મુકી દે એવા પ્રશ્નો પુછતાં એમને શરમ ન લાગે !

એક વીધવા બહેનની દીકરી, પતી વીદેશ ગયા હોવાથી, ચાર મહીના પીયર રહેવા માટે આવી. પાડોશમાં રહેતા દુર્જનપ્રસાદે નગરમાં ચર્ચા શરુ કરી દીધી : 'રાધાકાકીની દીકરીને પતી સાથે કંઈ કચરું પડ્યું છે, સાસરેથી ભાગી આવી છે!' આ અફવા આગની જેમ નગરમાં ફેલાઈ ગઈ, રાધાકાકીને મન્દીરના ચૉકમાં ચાર–પાંચ પંચાતીયણ સ્ત્રીઓએ પુછી લીધું, 'રાધાબહેન, શી વાત છે? દીકરી બહુ રોકાઈ ગઈ ! સાસરે નથી જવાની કે શું?'

હું ફરીથી નોંધુ છું, આવા માણસોની સંખ્યા સમાજમાં પાંચ ટકાથી વધારે નથી. આ મુઠ્ઠીભર શેતાનો પેદાઈશી બદમાશ હોય છે. ઘરમાં, નગરના ચોકમાં, ઑફીસમાં તેઓ આખ્ખો દીવસ આ જ ધંધો કર્યા કરે. એમની પાસે આખી દુનીયાની માહીતી હોય, કોની દીકરીના ડીવૉર્સ થઈ ગયા, કોનું દેવું થઈ ગયું, કોના ઘરમાં પુત્રવધુ જુદી થવા માટે માથા પછાડી રહી છે, કોણ કોની સાથે ફરી રહ્યું છે, કોનો દીકરો ભાગી ગયો, કોને ત્યાં રાત્રે એક વાગે પોલીસ આવેલા, એમની પાસે બધી માહીતી અપડેટ થયેલી મળે, માહીતી મેળવવી અને ફેલાવવી, આ એક માત્ર એમનો ધંધો. પોતાના નગરમાં તેઓ 'ઑલ ઈન્ડીયા રેડીયો'ના હુલામણા નામથી કુખ્યાત થઈ ગયેલા હોય. કોઈને વગર કારણે બદનામ કરવાની એમની રાક્ષસી તાકાતને કારણે સમાજમાં આ માણસોની ન્યુસન્સ વેલ્યુ ઉભી થાય અને બીચારા કાચાંપોચાં ભીરુ માણસો એમનાથી ડરતાં રહે.

માણસની અંગતતાનો અને વૈયક્તીકતાનો આદર કરવો એ સાચી કેળવણીની નીશાની છે. અમેરીકા, કૅનેડા કે ઈંગ્લૅન્ડમાં રહેતો માણસ કદી પારકાં કે પોતાનાં માણસોની પંચાત નહીં કરે. આપણે ત્યાં સમ્બન્ધનો ફાયદો ઉઠાવીને માણસ બેશરમીથી પુછે લેશે, 'પછી જમાઈને નોકરી મળી કે નહીં?'; 'મેં કાલે જ તમારી દીકરીને મન્દીરે જોઈ, ચાર મહીના સાસરે રહી આવી તેમાં તો કેટલી બધી સુકાઈ ગઈ ! કોઈ પ્રોબ્લેમ–બ્રોબ્લેમ તો નથી ને?; 'તમે કથામાં હતા ત્યારે તમારા ઘરે કોઈ બહેન આવેલાં–ભાઈની ઑફીસમાં કામ કરતાં હશે, નહીં?' આવા બેહુદા પ્રશ્નો પુછનાર એક બહેનને રાધાબહેને જવાબ આપ્યો હતો, 'આપ મારાં કોણ છો? મારે આપને આવા પ્રશ્નોના જવાબ શા માટે આપવા જોઈએ? હું તમને વૉર્નીન્ગ આપું છું. અમને કદી કોઈ અંગત પ્રશ્ન પુછશો નહીં, પુછશો તો અપમાનીત થશો.'

હકીકતમાં, આપણે જ કહેવાતા સમાજને આપણી અંગત વાતોમાં માથું મારવાની અનધીકૃત સત્તા આપી દેતાં હોઈએ છીએ. સમાજથી ડરીને કેટલાક માણસોએ પોતાની વહાલી દીકરી ગુમાવ્યાના કીસ્સા નોંધાયા છે. એક યુવતીએ પપ્પા–મમ્મીને રડતાં રડતાં આઠ દસ વાર પ્રાર્થના કરી; 'પ્લીઝ, મને સાસરે ન મોકલો, પતી અને સાસુ મને પુષ્કળ મારે છે, માનસીક ત્રાસ આપે છે.' પપ્પા–મમ્મીએ એક જ રાગ આલાપવાનું ચાલુ રાખ્યું, 'બેટા, દીકરી તો સાસરે જ શોભે. તું પાછી આવે તો સમાજમાં આપણું કેટલું ખરાબ લાગે ?

આપણી આબરુ જાય!' દીકરીએ પગ પકડીને વીનન્તી કર્યા કરી; પરન્તુ તેને ઘરે પાછા ફરવાની મંજુરી ન મળી. છેવટે એ નીર્દોષ, માસુમ યુવતીએ સાસરામાં આત્મહત્યા કરી લીધી.

અહીં સમાજનો કોઈ દોષ નથી. દીકરી પાછી આવી હોત તો કોણ વાતો કરત? કેટલા દીવસ વાતો કરત? અને સૌથી મહત્ત્વનો પ્રશ્ન તો આ છે કે 'આખરે સમાજ એટલે કોણ?' માણસે પંચાત કરતા રહેતા માણસોનો હીમ્મતથી સામનો કરતાં શીખવું જોઈએ. આપણી પીઠ પાછળ નીંદા–ટીકા કરતા માણસોની ઉપેક્ષા કરવી અને આપણને અંગત પ્રશ્નો પુછતા વીઘ્નસંતોષીઓને ઉંચા અવાજે મર્યાદામાં રહેવાની સુચના આપવી એ, આવા બદમાશ માણસોથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે. વાતવાતમાં આપણો ખુલાસો માંગનારને પડકારવો જોઈએ.

કમ્પ્યુટર એન્જીનીયરીંગમાં માસ્ટર્સ ડીગ્રી ધરાવતો એક પ્રતીભાશાળી યુવાન અમેરીકા સેટલ થવાના ઈરાદે ગયો. બૅન્ગલુરુની એક કંપનીએ એમને વાર્ષીક પચ્ચીસ લાખ રુપીયાનો પગાર આપવાની ઑફર કરી એટલે અમેરીકાને અલવીદા કરી તેઓ ઈન્ડીયા પાછા આવી ગયા. આવ્યા પછીના એક સપ્તાહમાં ચોવીસ માણસોએ એમને પ્રશ્ન પુછ્યો; 'કેમ, અમેરીકામાં ફાવ્યું નહીં? મૉટેલમાં કામ કરવું પડતું હશે? અમેરીકામાં ડીગ્રી પ્રમાણે નોકરી જ ક્યાં મળે છે? હવે અહીં શું કરવાના?' યુવક આ સૌને એક પ્રશ્ન સામેથી પુછતો, 'તમને આ બધા પ્રશ્નો પુછવાનો અધીકાર કોણે આપ્યો?'

માણસે સમાજના 'પ્રમાણપત્રો' પર જીવવાનું છોડવું જોઈએ. આપણે એ પણ યાદ રાખવું ઘટે કે કોઈપણ વ્યક્તી હમ્મેશાં બધાંને ખુશ રાખી શકે નહીં. આપણા સંજોગોને આધીન વીવેકબુદ્ધીથી નીર્ણય લેવાનો આવે ત્યારે 'લોક ક્યા કહેંગે' એવા ભયથી પીડાવું એ તો બેવકુફી છે. માણસ સમાજ સાથે ઘનીષ્ઠ રીતે સંકળાયેલો છે. સમાજનું મહત્ત્વ ઓછું આંકવાનોયે પ્રશ્ન નથી. પ્રશ્ન વ્યક્તી માટે પોતાનું મહત્ત્વ સમજવાનો છે, પોતાની ગરીમા સાચવવાનો છે. 'જે ડરી જાય છે તેને સમાજ ડરાવે છે.' કોઈએ પણ સમાજથી ડરી ડરીને શા માટે જીવવું જોઈએ? સમાજના બેહુદા પ્રશ્નોનો જવાબ વાળ્યા કરતો માણસ વર્તનની

સ્વાયત્તતા ગુમાવે છે અને ક્યારેક માનસીક સંતુલન પણ જોખમમાં મુકે છે. એવું લાગે છે કે સમાજના કેટલાક માણસો માટે શીષ્ટાચારનું પ્રશીક્ષણ આપનારા વર્ગો ચાલવા જોઈએ.



મેઘધનુષ

સત્ય ફાંસી પર ચઢે
જુઠના ધ્વજ ફરફરે,
કાગડા મોતી ચણે
ને હંસલા ભુખે મરે,
વીકૃતી અગર
આ રીતે
વીસ્તરતી રહે તો...
શક્ય છે કે માનવીની
પુજા ઈશ્વર કરે.

(પ્રેષક : ધ્રુવ દાદાવાળા)



અનુક્રમણીકા

14

સૌને પ્રભાવીત કરવાના ઉધામાઓથી બચીએ

''માણસ માનવ મેદની સમક્ષ પોતાનો પ્રભાવ પાથરવાની કોશીશ કેમ કરે છે ?કોઈનો આદર પ્રાપ્ત કરવા માટેનો એ શૉર્ટકટ છે, ઘણા બધા માણસોની નજરમાં વસી જવા માટેનો એ કીમીયો છે. પ્રભાવ પાથરવાથી નેતૃત્વ મળે!''

સૌનું ધ્યાન પોતાના તરફ આકર્ષાય એવી ધખણા સેવતો માણસ કેટલીક વાર પોતાને હાસ્યાસ્પદ સ્થીતીમાં મુકી દેતો હોય છે. બીજાને પ્રભાવીત કરવાની ઈચ્છા દરેકને હોય છે. પરન્તુ આવી ઈચ્છા હદ બહાર વકરે ત્યારે મનોવીકૃત્તીનું સ્વરુપ ધારણ કરે છે. 'અધુરો ઘડો છલકાય' એ કહેવતને ચરીતાર્થ થતી જોવી હોય તો જાહેર સમારંભોમાં બીજાને પ્રભાવીત કરવા ઉધામા આચરતાં માણસોની આજુબાજુ ગોઠવાઈ જવું. ટોળાંને પ્રભાવીત કરવાની ઈચ્છા ધરાવતા માણસોની ઓળખ મેળવી લઈએ; જાહેર સ્થળો પર પોતાના ભવ્ય પોષાકોથી બધાને આંજી દેવાની પેરવીમાં રહેતાં માણસો તમે જોયાં હશે. શરીરને ઢાંકવાને બદલે ખુલ્લું કરે એવાં વસ્ત્રો ધારણ કરનાર માણસ બધાનું ધ્યાન ખેંચવામાં સફળ થાય છે. ઉંચા અવાજે છટાદાર ભાષણ ઠોકતો માણસ પોતાની આજુબાજુ દસ પન્દર માણસોનું ટોળું એકત્ર કરીને ઉભો હોય તો સમજી લેવું કે એ મહાશય બધાને પ્રભાવીત કરવાની વેતરણમાં છે. એક લગ્ન સમારંભમાં ટોળું ભેગું કરીને સૌને પોતાનાં પરાક્રમો સંભળાવતા શુરવીરને કન્યાના પીતાએ બે હાથ જોડીને કહેવું પડેલું; સર, આપ ગયા અઠવાડીયે પ્રેસીડન્ટ બરાક ઓબામા સાથે વ્હાઈટ હાઉસમાં ડીનર લઈને આવ્યા એ માટે અભીનન્દન, પરન્તુ તમે આ બધી વાતો બહાર જઈને કરો તો સારું. તમને સાંભળવામાં ગોર મહારાજ લગ્નવીધી તરફ ધ્યાન આપી શકતા નથી! ટ્રેનમાં, બસમાં, રેલવે પ્લૅટફોર્મ પર, સ્મશાનમાં અને બેસણામાં સર્વત્ર બીજાને પ્રભાવીત કરવાની ઈચ્છા ધરાવતા એકાદ બે શુરવીરો તમને જરુર ભટકાશે. એકવાર અમે પબ્લીક ગાર્ડનમાં ઈવનીંગ વૉક માટે ગયા હતા. એક સમાજસેવક જેવો દેખાતો પ્રૌઢ વયનો માણસ મોટા થેલામાં પાંચ રુપીયાવાળા બીસ્કીટનાં પૅકેટ લઈને ત્યાં આવી પહોંચ્યો. એમની સાથે એક ફોટોગ્રાફર પણ હતો. ગાર્ડનમાં એમણે બાળ ભીખારીઓને એકત્ર કરીને બીસ્કીટ વહેંચવાનું શરુ કર્યું. સમાજસેવકે પંદર વીસ પૅકેટ વહેંચ્યા, ફોટગ્રાફરે ફોટા

ખેંચી લીધા અને ખેલ પુરો થયો. પત્નીએ મને પુછ્યું; 'આ બધું શું છે?' મેં સમજાવ્યું: 'આ વીશીષ્ટ પ્રકારની સમાજસેવા છે. સમાજસેવકે ગરીબ બાળકોને બીસ્કીટ વહેંચ્યાં તેનો 'ફોટો' આવતીકાલે અખબારમાં છપાશે. એમના કાર્યક્રમના ફોટા નીચે લખાયું હશે; ગરીબ બાળકોને બીસ્કીટ અને શુદ્ધ ઘીની સુખડી વહેંચવામાં આવ્યાં હતાં!' આપણે બાળ ભીખારીઓના ફોટા જોઈને હરખાવાનું. કોઈપણ માણસે બીજાને પ્રભાવીત કરવા આવા 'ખેલો' પાડવાની જરુર કેમ પડે છે?

યુવામીત્રો સાથે વ્યક્તીત્વ વીકાસના સીદ્ધાન્તો ચર્ચતી વખતે બધાંને પ્રભાવીત કરવાના માર્ગો અંગે પણ વાતો થાય છે. બધા પર છવાઈ જવાની ઈચ્છા સહજવૃત્તીઓનો એક ભાગ છે, પરન્તુ જ્યારે એ ઈચ્છાનો અતીરેક થાય છે ત્યારે એ સહજવૃત્તી મટીને મનોવીકૃતી બની જાય છે. એક ચીન્તકે કહ્યું છે; 'આપણે બીજાને પ્રભાવીત કરવાનું છોડી દઈએ અને માત્ર પોતાને જ પ્રભાવીત કરી શકીએ તોયે પુરતું છે' કોઈનાં લગ્ન પછી યોજાયેલા સન્માન સમારંભમાં ગયેલો માણસ દસ પન્દર માણસોનું ટોળું ભેગું કરીને ભાષણ ઠોકવાની ચેષ્ટા શા માટે કરે? સૌના ધ્યાનનું કેન્દ્ર તો વર–કન્યા હોવાં જોઈએને, તેઓ વચ્ચે ક્યાંથી ટપકી પડયા? કીમતી વસ્ત્રો અને ઘરેણાં પહેરીને અન્ય સૌને પ્રભાવીત કરવાની ઈચ્છાને અનીષ્ટ ન ગણીએ તો ચાલે. કારણ કે, એવું કરનારા બીજાને તકલીફ પહોંચાડયા વગર ચુપચાપ પોતાની જાહેરાત કરતા હોય છે. જોકે, શરીર પર શોભાયમાન પાંચ લાખ રુપીયાના સુટથી કે બે લાખ રુપીયાની સાડીથી પ્રભાવીત થનારા મુર્ખ માણસો કેટલા? કાંડા પર બંધાયેલી ઘડીયાળ, પ્રાંગણમાં પાર્ક થયેલી એંસી લાખની કાર કે ગળામાં લટકતો અ–મુલ્ય (વર્થલેસ) નેકલેસ કેટલાં માણસોને પ્રભાવીત કરી શકે? છતાં, બધાંને પ્રભાવીત કરવા અખત્યાર થતા આ ઉધામાઓ નીર્દોષ સ્વરુપના છે અને તેથી ક્ષમાને પાત્ર ગણાય. પરન્તુ ગાંધી, કૃષ્ણ કે મહાવીર જયંતીના ઉપલક્ષમાં યોજાયેલા વ્યાખ્યાન કાર્યક્રમમાં વ્યાખ્યાન શરુ થાય તે પુર્વે પોતાનો પ્રભાવ પાથરવા કોઈ પરાક્રમી પુરુષ એવું બોલતા સંભળાય કે; 'બૉસ, મારી દારુની બૉટલ પાંચ હજારની થાય છે, તમે મહીને દસ હજારમાં ઘર ચલાવવાની વાત કરો છો? સદાચાર અને સંયમની વાતો એકવીસમી સદીમાં બકવાટ છે. જીન્દગી જલસા કરવા માટે છે, બૉસ!' તો શું સમજવાનું? આપણે નમ્રતાથી ધીમા અવાજે એમને એટલું જરુર પુછી શકીએ; તમે આ વ્યાખ્યાનમાળામાં કઈ રીતે ભુલા પડયા, બૉસ! સાચું પુછો તો,

બીજાને પ્રભાવીત કરવા માટેના ઉધામા જ ગલત છે, અનીચ્છનીય છે અને માણસે ખ્યાતી મેળવવા કદી એવા ડ્રામા કરવા તરફ ન વળવું જોઈએ. બીજા પર છવાઈ જવાની પેરવીમાં રહેતો માણસ છેવટે ઓળખાઈ જાય છે, પકડાઈ જાય છે અને શાણા તથા સમજદાર માણસોનો આદર ગુમાવે છે, સમાજમાં હાસ્યાસ્પદ ઠરે છે.

માણસ માનવ મેદની સમક્ષ પોતાનો પ્રભાવ પાથરવાની કોશીશ કેમ કરે છે? કોઈનો આદર પ્રાપ્ત કરવા માટેનો એ શૉર્ટકટ છે. ઘણાં બધાં માણસોની નજરમાં વસી જવા માટેનો એ કીમીયો છે. લોકોને પ્રભાવીત કરવા માટે ડંફાસો મારવી પડે છે, જુઠું બોલવું પડે છે. (ખુદ મુખ્યમંત્રીએ ફોન કરીને મને સંસદની ચુંટણી માટે ટીકીટ આપવાની વાત કરી હતી, પરન્તુ આપણે સમાજસેવા છોડીને કીચડમાં શું કામ પડવાનું? ચોખ્ખી ના પાડી દીધી, બૉસ!), બધાંની ખુશામદ કરવી પડે અને બધાંની સામે કથક નૃત્ય પણ કરવું પડે. વર્તનશાસ્ત્ર, પ્રભાવ પાથરતાં લોકોને અને પ્રભાવ હેઠળ આવી જતી જનતાને એક જ સલાહ આપે છે; પ્રભાવ સાથે સમ્બન્ધીત બન્ને વર્તનોથી દુર રહો. જેમને સ્વયં પોતાને માટે આદર નથી તેઓ જ બીજાનો આદર પામવા પ્રભાવ પાથરવાની કોશીશ કરે છે. પાંચ સાત શ્રોતાઓને ભેગા કરી ચટાકેદાર શૈલીમાં પોતાનાં પરાક્રમોની ડંફાસ મારતાં સ્માર્ટ માણસોની જરુર બચવું અને એમનાથી નવ ગજ દુર રહેવું. જ્યાં ને ત્યાં ટોળું જોઈને ધસી જઈએ તો કોઈ ને કોઈ વીદુષક આપણા પર પ્રભાવ પાથરી જાય તેવો પુરો સમ્ભવ છે. જેઓ પ્રસંગની ગરીમા જાળવ્યા વગર કોઈપણ ઠેકાણે પ્રભાવ પાથરવા અને આદર ઉઘરાવવા ઉભા થઈ જાય એમને વળી આદર શાને આપવાનો? ખોટા માણસોના પ્રભાવ હેઠળ આવવાથી બચીએ.



મેઘધનુષ

કુછ તો તેરે મૌસમ હી, મુઝે રાસ કમ આયે
ઔર મેરી મીટ્ટી મેં, બગાવત ભી બહોત થી
હમ લોગોં કો સચ કહેને કી, આદત ભી બહોત થી

...પરવીન શાકીર...

અનુક્રમણીકા

<u>**15**</u>

ધન વધે એટલે સમયનો અભાવ સતાવવા માંડે !

“બીજાને મદદરુપ બનવા માટે સમય આપવાથી સમયની વીપુલતા અનુભવાય છે એવું **ઓલીવર બર્કમેન**ના સંશોધન લેખનો અભ્યાસ કરવાથી જાણવા મળ્યું. આ લખનારને પોતાને પણ આ પ્રકારનો અનુભવ વારમ્વાર થયો છે. સામાન્ય રીતે જેઓ ધન કમાવામાં વ્યસ્ત નથી રહેતા એમની પાસે સમયની છત રહેવા પામે છે. પગાર, કમાણી કે નફો વધે એટલે માણસ સમયના અભાવથી પીડાવા માંડે. એક ઉદ્યોગપતી પોતાના પુત્રને બાર સાયન્સ પછી કઈ દીશામાં મોકલવો તે અંગે મારી સાથે ચર્ચા કરવા ઈચ્છતા હતા એટલે મને ફોન કરીને સમય માગ્યો. સદ્ભાગ્યે એ દીવસે હું પુરો સમય ફુરસદમાં હતો, બહાર જવાનું નહોતું એટલે મારાથી સહજ ભાવે પુછાઈ ગયું, ‘**આપને ક્યારે અનુકુળતા છે?**’ એમને મારો પ્રશ્ન સાંભળીને આશ્ચર્ય થયું!”

કેટલાક ધનવાનો પાસે ધન આપમેળે વધતું જાય છે. ધન વધતું જાય પછી જીન્દગીમાં કેવું પરીવર્તન આવે તે જાણવા સામાજીક અને પારીવારીક શાસ્ત્રોના તજજ્ઞો નીરન્તર સંશોધનો કર્યા કરે છે. ધનીકોને ધન વધતું જાય, તેમ તેમ સમયનો અભાવ સતાવવા માંડે છે; તેનું કારણ શું? ધન કમાવા માટે વધુ સમય આપવો પડે છે એવું નથી. પગાર આપીને રોકેલા કર્મચારીઓ કામ કર્યા કરે છે એટલે ધનીકોનો સમય વ્યવસાયમાં નહીં; અન્ય પ્રવૃતીઓમાં વધારે વેડફાય છે. પ્રત્યેક વધારાનો રુપીયો વધારાની પ્રવૃત્તીઓ ખેંચી લાવે છે. પરન્તુ રુપીયા વધે તેમ સમય તો વધતો નથી ! એટલે નીશ્ચીત સમયમાં વધારાની પ્રવૃતીઓને કઈ રીતે પહોંચી વળવું તે સમસ્યા સ્ટ્રેસને જન્મ આપે છે. માણસ પાસે ધન વધતું જાય તેમ તેમ પ્રત્યેક દીવસના કલાકો પણ વધતા જાય એવું તો બનતું નથી!

સુરતના એક ઉદ્યોગપતીએ ચાળીસ વર્ષની ઉમ્મરે પુષ્કળ રુપીયા કમાયા પછી જીમ, ક્લબ વગેરેની મેમ્બરશીપ પાછળ પન્દર લાખ રુપીયા વેડફી નાંખ્યા. કૉલેજમાં જઈને બે વર્ષનું શીક્ષણ મેળવી પાછી આવેલી પત્નીએ રોજ સાંજે પતીને ફોન કરીને આડે હાથે લેવા માંડયો : 'રોજ સાંજે, સવારે ક્લબમાં અને જીમમાં ન જવાનાં હોઈએ તો પન્દર લાખ ફેંકી દેવાની જરુર શી હતી?' પતીનો પ્રશ્ન એ છે કે રોજ આ નવી ઉમેરાયેલી પ્રવૃત્તી માટે મારે ચાર કલાક લાવવા ક્યાંથી? ધન વધે એટલે સગવડ વધે, સગવડ વધે એટલે પ્રવૃત્તીઓમાં ઉમેરો થાય અને છેવટે વ્યસ્તતા એટલી વધી જાય કે માણસ સમયના અભાવે ડીપ્રેશન અનુભવવા માંડે. બીજાને મદદરુપ બનવા માટે દરરોજ થોડો સમય ફાળવવાની વાતનો અહીં છેદ ઉડી જાય છે. અરે, મનોચીકીત્સકો આજકાલ પોતાના દર્દીને પુછતા થયા છે, 'તમારી પાસે તમારે માટે સમય છે ખરો? તમે પોતાને માટે આખા દીવસમાં ત્રીસ મીનીટ ફાળવી શકો છો?'

બૉલીવુડની જાણીતી અભીનેત્રી પરવીન બાબીએ એક પત્રકારને ઈન્ટરવ્યુ આપતી વખતે કહ્યું હતું, 'ફીલ્મો વધતી ગઈ, કામ વધતું ગયું તેમ તેમ હું પરીવારથી અને સ્વયંથી દુર સરકતી ગઈ. એક તરફ એકલતાને ઝંખું છું અને બીજી તરફ મને સતત એકલતાનો ડર લાગે છે. ઘરમાં એકલી હોઉં ત્યારે હમ્મેશાં મારા પુરુષમીત્રો સાથે પ્રેમાલાપ કર્યા કરવાની ઈચ્છા જાગે છે.' પરવીન સાથેના પોતાના સમ્બન્ધો તથા પરવીનની માનસીક હાલત અંગે ફીલ્મ નીર્માતા મહેશ ભટ્ટે કહ્યું હતું : 'જો પરવીન ફીલ્મલાઈનમાં ન આવી હોત, જો તેને સાઠ જેટલી ફીલ્મો ન મળી હોત, જો તેની પાસે અઢળક પ્રસીદ્ધી અને રુપીયા ન આવ્યા હોત; તો પરવીન માનસીક બીમારીઓનો શીકાર ન બની હોત અને માત્ર પંચાવન વર્ષની ઉમ્મરે મૃત્યુ ન પામી હોત ! ધન વધે એટલે નીરર્થક પ્રવૃત્તીઓ વધે અને પ્રવૃત્તીઓની હારમાળા 'નેમ એન્ડ ફેમ' ધરાવતા માણસોને થકવી નાંખે છે.

લતા મંગેશકરે પણ 'અતીવ્યસ્તતા અને ધનની સમૃદ્ધી માણસ પાસે ઘણું છીનવી લે છે,' એવો એકરાર અફસાના એહમદને મુલાકાત આપતી વખતે કર્યો. અફસાનાએ લખ્યું, 'લગાતાર ગીતો ગાવા પાછળના સ્ટ્રેસને પહેચાનવા અમે લતાજીની મુલાકાત લેવાનું નક્કી કર્યું.' બ્યાશીમા જન્મદીનની ઉજવણીની તૈયારીમાં વ્યસ્ત એવાં લતાજીએ અફસાના

એહમદને મુલાકાત આપવામાં એક મહીનો લીધો! વયસહજ સ્વાસ્થ્ય સમ્બન્ધી સમસ્યાઓ અને પ્રવૃત્તીઓની શૃંખલા વચ્ચે ઘેરાયેલાં લતાજીએ આ મુલાકાત દરમીયાન જણાવ્યું, 'લગ્ન નહીં કરવાનો અફસોસ મને સતાવતો નથી પરંતુ... કભી કભી મૈં જીન્દગીમેં એક ખાલીપન મહેસુસ કરતી હું. બધા મારા મીત્રો ચાલ્યા ગયા અને સુનેહરા દીવસો પણ પુરા થઈ ગયા !' 'નેમ એન્ડ ફેમ'ની પાછળ પાછળ પૈસા ચાલ્યા આવે છે; પરન્તુ આપણી વીદાય પછી પૈસા તો અહીં જ રહી જવાના...! આપણે જે નામ કમાયા છીએ તે આપણી પાછળ રહેશે. એમણે સ્વીકાર્યું, 'જબ લોગ ચલે જાતે હૈ તો, એક અજીબ સા ખાલીપન મહેસુસ હોતા હૈ!' ખુબ પૈસા, ઘણી બધી પ્રવૃત્તીઓ અને સતત અનુભવાતો સમયનો અભાવ માણસના મનમાં સુક્ષ્મ સ્ટ્રેસ જન્માવે છે, જે સમય જતાં સ્વાસ્થ્યને અસર પહોંચાડે છે અને નીસર્ગદત્ત આનન્દને હણી લે છે.

વ્હોરટન યુનીવર્સીટીના કેસી મોગીલ્નર એક સંશોધનના તારણ સ્વરુપે લખે છે, 'બીજાને મદદ કરવા માટે જેઓ પોતાનો સમય ફાળવે છે, તેઓ કદી સમયના અભાવથી પીડાતા નથી, એમને તો સતત એવું લાગ્યા કરે છે કે પોતાની પાસે પુષ્કળ સમય છે અને લોકસેવા કર્યા પછી પણ ખુટતો નથી.' એક જુથના સભ્યોને એમણે માંદગીમાં સપડાયેલાં બાળકોને પ્રેમભર્યા પત્રો લખવા, કોઈ વીદ્યાર્થીને નીબન્ધ તપાસી આપવો કે કોઈ સ્પર્ધામાં ભાગ લેવા માટે માર્ગદર્શન આપવું એ પ્રકારનાં કાર્યોની સોંપણી કરી. બીજા એક જુથના સભ્યોએ પોતાનો સમય પોતાનાં કામો પતાવવા માટે જ ઉપયોગમાં લીધો અને ત્રીજા જુથના સભ્યોને કોઈ કામ સોંપવામાં નહીં આવ્યું... જલદી ચાલ્યા જવાની છુટ આપવામાં આવી.

બીજે તબક્કે આ તમામ મીત્રોને એક ઑનલાઈન સર્વેક્ષણમાં પોતાની સવેતન સેવા આપવા વીનન્તી કરવામાં આવી તો જાણવા મળ્યું કે, બીજાને સેવા આપવા પોતાનો સમય આપનારા, પ્રથમ જુથના મીત્રો પાસે, ઑનલાઈન સર્વેક્ષણમાં સેવા આપવા માટેનો સમય બચ્યો હતો ! જેમણે પોતાનો સમય બીજાને મદદ કરવા માટે આપ્યો એમને સમયનો અભાવ સતાવતો નહોતો.

જ્યારે આ સંશોધનનો અહેવાલ હું વાંચતો હતો ત્યારે મારા પોતાના અનુભવ સાથે એ તારણોને સુમેળ ધરાવતાં જોઈ શક્યો. પુરસ્કાર મેળવ્યા વગર હાથ ધરાતાં

સેવાકાર્યોની લાંબી શૃંખલા પછી પણ 'હું અઢળક સમયનો સ્વામી છું' એવી લાગણી કેમ અનુભવું છું, તેનું કારણ એ સંશોધન અહેવાલનો અભ્યાસ કર્યા પછી સમજાયું.

આ તબક્કે એક રમુજી પ્રસંગ યાદ આવે છે. એક ઉદ્યોગપતી બાર સાયન્સમાં ચોસઠ ટકા માર્ક્સ સાથે પાસ થયેલા પોતાના પુત્રને ક્યા કોર્સમાં મુકવો તેનું માર્ગદર્શન મેળવવા મને મળવા ઈચ્છતા હતા. 'આવતીકાલે હું આપને મળવા આવી શકું?' એવો પ્રશ્ન એમણે પુછ્યો, મેં ડાયરી પર નજર ફેરવી તો બીજે દીવસે મારી પાસે કોઈ કામ નહોતું. મેં સમ્મતી આપી એટલે એમણે પુછયું, 'કાલે અમે કેટલા વાગે આવીએ?' મારાથી સહજભાવે પુછાઈ ગયું, 'આપને ક્યારે અનુકુળ છે?' એમને મારો પ્રશ્ન સાંભળીને આશ્ચર્ય થયું અને પોતે જે સાંભળ્યું તે સાચું છે કે નહીં તે જાણવા એમણે ફરી પ્રશ્ન કર્યો; 'આપે શું કહ્યું? અમે કેટલા વાગે આવીએ?' આ બધી વાતોનો સારાંશ બે મુદ્દાઓમાં સમાવી શકાય :

1. જેઓ બીજાને મદદ કરવા માટે પોતાનો સમય ફાળવે છે, તેઓ કદી સમયના અભાવથી પીડાતા નથી. તેઓ પુર્ણ આયોજન સાથે પોતાના સમયનું વ્યવસ્થાપન કરતા હોય છે. તેથી વીપુલ સમય મળી રહેતો હોવાની પણ સમ્ભાવના છે.

2. જે માણસો અમર્યાદ ધન કમાવા માટે કે સત્તા ભોગવવા માટે પોતાનો કીમતી સમય વેડફી રહ્યા છે, એમને બીજાની સેવા માટે સમય ફાળવવાનો અવસર મળતો નથી (અને છતાં) તેઓ સમયના અભાવે તડપતા રહે છે. જળ વીના માછલીની જે હાલત હોય, એવી હાલત એમની સમયના અભાવે થતી રહે છે.

મેં કેટલાયે માણસોને એવી ફરીયાદ કરતા સાંભળ્યા છે કે : 'શું કરીએ? એક મીનીટનો પણ સમય નથી અમારી પાસે... પત્ની પણ રોજ કકળાટ કર્યા કરે છે!'

એક ઉમ્મર પછી સમજદાર માણસો રુપીયા કમાવા માટે, પોતાનો શેષ બચેલો સમય ન ખર્ચાય તેની કાળજી રાખે છે અને તેથી જ પ્રાપ્ત થતા અમર્યાદ સમયને, જીંદગી માણવા માટે તથા લોકસેવા માટે ઉયોગમાં લઈ શકે છે. વરીષ્ઠ નાગરીકો માટે હોદ્દાઓ ભોગવતા રહેવાની વાસના અને ભેગી કરેલી સમ્પત્તી વપરાતી ન હોય તોયે 'હજુ વધારે...

હજુ વધારે...' માટે આંધળી દોટ, સમયના અભાવ માટેનું કારણ બની રહે છે. સમજદાર મીત્રો માટે આટલો ઈશારો કાફી છે!



મેઘધનુષ

પુર્ણતા એ ધીમું મૃત્યુ છે. બધું જ જો મારી યોજના અને અપેક્ષાઓ મુજબ બને તો કોઈ નવીન અનુભવ માટેનો અવકાશ ન રહે અને મારું જીવન વાસી સફળતાઓની એક ઘટમાળ જેવું બની રહે. જ્યારે હું કશીક ભુલ કરું છું, ત્યારે કંઈક નવીન અનપેક્ષીત અનુભવ મને પ્રાપ્ત થાય છે. જ્યારે જ્યારે મારી ભુલો તરફ, ક્ષતીઓ તરફ મેં લક્ષ્ય આપ્યું છે; ત્યારે ત્યારે હું કંઈક વીકસીત થયો છું.

–હ્યુ પ્રેથર



અનુક્રમણીકા

16

જીન્દગી સામે ફરીયાદો કરવાનું માંડી વાળીએ

‘‘પ્રત્યેક માણસ દરરોજ કોઈ ને કોઈ તબક્કે પોતાની જીન્દગી સામે અને પોતાની સાથે સંકળાયેલા માણસો સામે, એફઆઈઆર દર્જ કરાવતો હોય છે. જીન્દગીમાં પ્રશ્નો બધાને હોય છે... સૌ પોતપોતાની રીતે પ્રતીકુળતાઓનો સામનો કરી રહ્યા હોય છે; પરન્તુ જે સામે મળે તેની સમક્ષ દુઃખનાં રોદણાં રડવાથી કોઈ ફાયદો થતો નથી. કોઈકે લખ્યું છે, ‘તમે સામે મળતાં માણસો સમક્ષ તમારાં દુઃખોને રડ્યા કરશો, તો કોઈ ફાયદો થવાનો નથી. અડધા માણસો તમે દુઃખી છો એ જાણીને (મનમાં) ખુશ થશે અને બાકીના અડધાને એ બધી વાતો સાથે કોઈ નીસબત હોતી નથી. તેઓ પોતે તમારી સામે પોતાનાં દુઃખોનું પોટલું છોડવા ઈચ્છે છે!’

સામાન્ય રીતે બે માણસો ભેગા થાય ત્યારે ચર્ચાનો વીષય કયો હોય છે? માનવસમ્બન્ધો અને સમ્બન્ધ ધરાવતા માણસોનાં વર્તન–વ્યવહાર મહદ્અંશે ચર્ચાના વીષયો બનતા હોય છે. સૌથી વધુ વેચાતાં અને વંચાતાં પુસ્તકો સદ્ વર્તન તરફ કેમ વળવું તેની ચીન્તા કરનારાં હોય છે. અત્યારે મારા હાથમાં લુઈસ એસ. હે દ્વારા લખાયેલું ‘યુ કેન હીલ યૉર લાઈફ’ નામનું પુસ્તક છે. આ પુસ્તકની ચાર કરોડ નકલો વેચાઈ ચુકી છે. સ્પેન્સર જહોનસન રચીત ‘હું મુવ્ડ માય ચીઝ’ની ત્રણ કરોડ નકલો ઉપડી ગઈ અને ‘ધ સેવન હેબીટ્સ ઑફ હાઈલી ઈફેક્ટીવ પીપલ’ (સ્ટીફન કોવી)ની પણ ત્રણ કરોડથી વધુ નકલો વાચકો સુધી પહોંચી. રોન્ડા બર્ન રચીત ‘ધ સીક્રેટ’ની પણ બે કરોડથી વધુ નકલો દુનીયાભરના શાણા વાચકો સુધી પહોંચી છે. ‘તોત્તો ચાન’ અને ‘ટ્યુઝડેઝ વીથ મોરી’ની જેમ દોઢ કરોડ પ્રતો વેચાઈ હોય એવાં પુસ્તકોનાં નામો લખવા બેસું તો આખો લેખ એમાં જ પુરો થઈ જાય.

જીવનની ગુણવત્તા વધારવામાં ઉપકારક નીવડે એવાં આ પ્રકારનાં તમામ પુસ્તકો વીશ્વની ત્રીસ–ચાળીસ ભાષાઓમાં અનુવાદ પામ્યાં હોય છે તે શું સુચવે છે? ધરતી પર અવતરેલા પ્રત્યેક માણસને વધુ સારું જીવન જીવવાની તમન્ના છે. સૌને પોતાની ભુલો સુધારવી છે, બધાએ આનન્દમાં રહેવું છે અને બધાને આનન્દમાં રાખવા છે. પ્રત્યેક માણસ પ્રકૃતીવશ કે સંજોગવશ ભુલો કરે છે, દુઃખી થાય છે, પરીવારજનોને દુઃખી કરે છે અને પછી પસ્તાય છે. જેઓ બીલકુલ વાંચતા નથી અને જેઓ પુષ્કળ વાંચે છે એમના વર્તન–વ્યવહારમાં તથા સ્વભાવમાં આસમાન જમીનનો તફાવત જોવા મળે છે. દુનીયાભરમાં પુસ્તકો લખાયા કરે છે, પ્રસીદ્ધ થયા કરે છે અને ખરીદાયા કરે છે. મહત્ત્વનો પ્રશ્ન એ છે કે આ બધું શા માટે થાય છે? શા માટે લોકો ખરીદે છે પુસ્તકો ?

પુસ્તક ખરીદનારાઓ અંગે એક અનુમાન, ખોટા પડવાની સંભાવના વગર, બાંધી શકાય કે તેમને બદલાવું છે. પોતાનાં દુઃખ માટેનાં કારણો શોધીને તેનાથી બચવું છે. આદર્શ વર્તન–વ્યવહારની રીતરસમો જાણવી છે અને તેને અનુસરવું છે. સામાન્ય રીતે માણસ પુસ્તક વેચાતું લે છે અથવા વહેંચાતું લે છે. સમાજમાં મંગલ કે અમંગલ પ્રસંગે વસ્ત્રો કે વાસણ વહેંચવાનો રીવાજ પ્રસ્થાપીત થયેલો છે. હવે એમાં આવકાર્ય પરીવર્તન આવતું જાય છે. ‘સદ્‌ગત પીતા, માતા કે પત્નીની સ્મૃતીમાં સારું પુસ્તક વહેંચવું છે.... મને સારાં પુસ્તકોનાં નામ સુચવશો?’ એવી ઈચ્છા વ્યક્ત કરતા સમજદાર માણસોની સંખ્યા વધતી જાય છે. કોઈના હાથમાં એકાદ સારું પુસ્તક આવી જાય પછી તેની શી ગતી થાય છે તેનો મેં ઉંડો અભ્યાસ કર્યો છે (‘તેની’ એટલે કે ‘માણસ’ અને ‘પુસ્તક’ બન્નેની!).

પહેલાં માણસોની વાત કરી લઈએ. ખુબ વીચારપ્રેરક જીવનલક્ષી પુસ્તક હાથમાં આવી જાય પછી દસમાંના ચાર માણસો તેને બીલકુલ વાંચતા નથી અથવા તેની પર ઉડતી નજર ફેરવીને બાજુ પર મુકી દે છે. જે મીત્રો પુસ્તકને પુરા અભ્યાસથી વાંચે છે, તેમાંના ત્રીસેક ટકા નસીબવન્તા વાચકો પુસ્તકના વીચારોને અનુસરીને પોતાનામાં પરીવર્તન લાવે છે. ત્રીસ ટકા તો હું ઉદારતાથી મુકી રહ્યો છું. વર્તમાન સમાજની તાસીર જોતા એ સંખ્યા દસ ટકાની આસપાસ હોઈ શકે છે. હું હૃદયપુર્વક એવું સમજું છું કે જીવન એક પાઠશાળા છે અને

કોઈ પણ ઉંમરે માણસે એમાંથી શીખતા રહેવાનું છે. ઉત્તમ પુસ્તકો નીયમીત રીતે વાંચનારો અને તદ્ નુસાર જીવન જીવનારો શખ્સ યકીનન શ્રેષ્ઠ માનવ બની શકે છે.

એક ઉદાહરણ તપાસીએ, 'ધ સીક્રેટ' પુસ્તક ગુજરાતીમાં 'રહસ્ય' શીર્ષક સાથે પ્રગટ થયેલું છે. એ પુસ્તક મને એક વીચારવન્ત મીત્રે ભેટમાં આપ્યું. ત્યાર પછી હું તેને બે વાર ધ્યાનથી વાંચી ગયો. એમાં એક ઠેકાણે લખ્યું છે, 'તમારા જીવનના બ્લૅકબોર્ડ પર તમે જે લખવા માગો છો તે લખી શકો. જો તમે તેની ઉપર ભુતકાળના લપેડા કર્યા હોય, તો પહેલાં તે ભુંસી નાંખો. તમારે એ બાબતોનો આભાર માનવો જોઈએ કે તમે અહીં સુધી પહોંચ્યા છો અને નવી શરુઆત કરી શકો છો. તમારી સામે કોરી પાટી છે. અહીં, આ પળે તમે શરુ કરી શકો છો. તમને જોઈતી ખુશી શોધો અને તેની મજા લો!' પુસ્તક ગમે એટલું સારું કેમ ન હોય, જો એમાં દર્શાવેલી ટીપ્સ અનુસાર જીવન ન ગોઠવાય તો એ પુસ્તક વાંચવાનો કોઈ ફાયદો નથી. 'ધ પાવર ઓફ પૉઝીટીવ થીન્કીંગ'માં નૉર્મન વીન્સેન્ટ પીલ લખે છે;

- તમારી જાતમાં અને તમે જે કાંઈ કરો તેમાં શ્રદ્ધા ધરાવો.

- નવી શક્તી અને નીર્ણયાત્મકતાનો વીકાસ કરો.

- તમારા ધ્યેયને હાંસલ કરવા માટેની તાકાત જન્માવો.

- ચીન્તાની આદત છોડો અને હળવાફુલ બનો.

- તમારા અંગત અને વ્યાવસાયીક સમ્બન્ધોને નવું રુપ આપો.

- તમારા સંજોગો પર કાબુ મેળવો.

- તમારા વ્યક્તીત્વનો સર્વાંગી વીકાસ કરો.

આપણે આ બધું વાંચી લીધું, સમજી લીધું; પરંતુ ત્યાર પછી શું? જો સભાનપણે આ બધાં સુચનોને જીવનમાં ચરીતાર્થ ન કરીએ તો પુસ્તક વાંચવા માટે વેડફેલા ચાર–છ કલાક નકામા ગયા સમજો.

બીજું, ઉત્તમ પુસ્તકોની છેવટે શી ગતી થાય છે તે વીચારીએ. કેટલાક 'એ' ગ્રેડનાં પુસ્તકો વંચાયા વગર ઘરમાં સડતાં રહે છે. આ રીતે માત્ર પુસ્તકની નહીં; તેના માલીકની પણ દુર્ગતી નીશ્ચીત થઈ જાય છે. જેઓ કદી પુસ્તકો વાંચતા નથી તેમનો ઉદ્ધાર ક્યાંથી થવાનો? એમને ધન તો અનહદ મળી શકે છે; પરન્તુ સંસ્કાર અને માનવતાનો અભાવ છેવટે એમને સર્વનાશની દીશામાં દોરી જશે. વણવંચાયેલું પુસ્તક છેવટે પસ્તીમાં જાય અને ચોવીસ કૅરેટના સાચા વાચનપ્રેમી સુધી પહોંચી જાય એવું બને.

એક વાચકે જે નુસખો અપનાવ્યો તે સર્વત્ર પ્રસરે એવી શ્રદ્ધા છે. એમને મળેલી 'આનંદની ખોજ' પુસ્તીકા અત્યાર સુધીમાં આડત્રીસ વાચકો સુધી પહોંચી ચુકી છે. પુસ્તીકામાં છેલ્લા કવર પેજ સાથે જોડાયેલા કાગળમાં વાચકોએ પોતાનું નામ હસ્તાક્ષર કરીને લખવાનું હોય છે. પુસ્તકના મુળ માલીકે પુસ્તકને વંચાઈ ગયા પછી ફરતું રાખવાની વીનંતી સૌને પાઠવી છે. શ્રેષ્ઠ પુસ્તકોનો સમાજમાં ફેલાવો થતો રહે તો એ રીતે સદ્ વીચારો સમાજમાં ફેલાતા રહેશે અને એક મંગલ દીવસે સમાજમાંથી ઈર્ષ્યા, અદેખાઈ, વેરઝેર, દ્વેષ અને ધીક્કાર જેવા દુર્ગુણો નામશેષ થઈ જશે.

જીન્દગી સામે અને સંજોગો સામે ફરીયાદો કરવાનું માંડી વાળીએ. વાસ્તવમાં જીન્દગીને આપણી સામે ગમ્ભીર ફરીયાદો હોઈ શકે છે તે દીશામાં આપણું ધ્યાન જવું જોઈએ. આનન્દપુર્વક શાન્તીમય જીન્દગી જીવવા માટે ઉત્તમ પુસ્તકોના શરણે જવાનું સસ્તું પડશે. પરીવારમાં આપણાં સન્તાનોને પણ પુસ્તકોને પ્રેમ કરવા માટેની પ્રેરણા આપીએ. નઠારાં પુસ્તકો પાછળ પૈસા વેડફવાનું બંધ કરીએ. જે રીતે માત્ર પ્રશંસા પામેલી ફીલ્મો જોવા જઈએ છીએ, એ જ રીતે નીવડેલાં, પ્રશંસા પામેલાં પુસ્તકો જ ખરીદીએ, વાંચીએ અને જીવનમાં ઉતારીએ. આમીન



મેઘધનુષ

જીવનની અનન્તતા વચ્ચે જ્યાં હું છુ ત્યાં બધું જ પુર્ણ, સમ્પુર્ણ અને અખંડ છે. મારાથી પણ જે મહાન છે તે શક્તીમાં મને વીશ્વાસ છે – એ શક્તી જે દરરોજ, દરેક ક્ષણે મારી અન્દર વહ્યા કરે છે. મારી અન્દર રહેલા શાણપણનાં દ્વાર હું ખોલી નાખું છું; કારણ કે મને ખબર છે કે આ સૃષ્ટીમાં એક જ બુદ્ધી કાર્યરત છે. હું આ શક્તી અને બુદ્ધી ઉપર વીશ્વાસ રાખું છું. કારણ કે મને ખબર છે કે મારે જે કંઈ જાણવું હશે અને મારે જે કંઈ જોઈતું હશે તે યોગ્ય સમયે, યોગ્ય સ્થળે, યોગ્ય રીતે મને મળશે જ.

મારા વીશ્વમાં બધું જ બરાબર છે.

(**સૌજન્ય :** ‘યુ કેન હીલ યોર લાઈફ’)



અનુક્રમણીકા

17

ફુરસદના સમયનો ઉપયોગ કઈ રીતે થાય છે ?

'ચાર દાયકા પુર્વે દીલ્હી ખાતે યોજાયેલા ત્રણ મહીનાના એક ટ્રેનીંગ કોર્સમાં એન.સી.ઈ.આર.ટી.ના ડીરેક્ટરે પુર્ણાહુતી સમારોહમાં આપેલી સલાહ આજે પણ મારા કર્ણપટલ પર અંકીત થયેલી છે; તમારા વર્ગખંડમાં બેઠેલા વીદ્યાર્થીઓને, બીજું કંઈ પણ શીખવો કે ન શીખવો.... ફુરસદના સમયનો સદુપયોગ કરતાં જરુર શીખવજો. 'મારો નવરાશનો સમય ક્યાં ખર્ચાય છે' તે અંગેની સભાનતા ન હોય ત્યારે (1) રોજ પ્રાપ્ત થતા ચોવીસ કલાક પણ માણસને ઓછા પડે છે. (2) મોટા ભાગનો સમય નીરર્થક પ્રવૃતીઓમાં વેડફાઈ જાય છે. માણસ કોઈ પણ ઉમ્મરે રોજ ચારથી છ કલાક ફુરસદનો સમય મેળવતો હોય છે. 'મારી પ્રત્યેક મીનીટ ક્યાં ખર્ચાય છે' તે અંગેની સભાનતા જીવનની ગુણવત્તા વધારવામાં ઉપકારક સીદ્ધ થાય છે.'

યુવા પેઢીના મીત્રો ખુબ પ્રતીભાશાળી છે અને જીવનને સફળ તથા સાર્થક બનાવવા સતત ચીન્તન કરતા રહે છે, એવું અનુમાન છેલ્લા છ મહીના દરમીયાન થયેલા અનુભવોને આધારે કરું છું. માત્ર બે પ્રસંગો ટાંકીને પછી મુખ્ય વીષય પર આવી જાઉં. અમે 'હરેકૃષ્ણ કમ્યુનીટી સેન્ટર, સુરત'માં 'મુલ્યનીષ્ઠ વ્યક્તીત્વવીકાસ' અને 'પબ્લીક સ્પીકીંગ'ના કોર્સ વીના મુલ્યે ચલાવીએ છીએ. શ્રી. ચેતન જેઠવા નામનો વડોદરા રહેતો ત્રીસેક વર્ષનો એક યુવાન એ કોર્સમાં જોડાયો. દર રવીવારે વડોદરાથી સુરત, કતારગામ રોડ પર સવારે 10 વાગે તે હાજર થઈ જાય. બાર રવીવારનો આ કોર્સ તેણે સફળતાપુર્વક પુરો કર્યો ત્યારે મેં એને બે પ્રશ્નો પુછયા, (1) તમને આ કોર્સની જાણ કઈ રીતે થઈ? (2) દર રવીવારે વડોદરાથી સુરત આવવામાં તમને કંટાળો નહોતો આવતો? તમે એટલો બધો સમય કઈ રીતે મેળવી શક્યા? એમનો જવાબ સાંભળો; 'હું વડોદરાથી પ્રસીદ્ધ થતી 'ગુજરાતમીત્ર'ની આવૃત્તી નીયમીત રીતે વાંચુ છું. આપની કૉલમમાં આ કોર્સ શરુ થઈ રહ્યાના સમાચાર વાંચીને તરત

જ નીર્ણય લઈ લીધો કે મારે આ કોર્સમાં જોડાવું છે. રવીવારે ફુરસદ જ ફુરસદ હોય. સમયનો સદુપયોગ થતો હોય તો 'આળસ' કે 'કંટાળો' આવવાનો પ્રશ્ન જ ક્યાં છે?'

પ્રથમ બૅચમાં એકસો ત્રીસ યુવાન–યુવતીઓએ તાલીમ લીધી અને બીજા બૅચમાં પ્રવેશ મેળવવા પણ એટલો જ ધસારો રહ્યો. કારણ શું? યુવા પેઢીના મીત્રો, 'અમારે કંઈક મેળવવું છે, અમારી કારકીર્દી વીકસાવવામાં અમને રસ છે. અમારી યોગ્યતા, સજ્જતા અને કાબેલીયત વધારવા માટે અઠવાડીયે એક વખત બે કલાક શા માટે નહીં આપી શકાય? રવીવારે અમારી પાસે ફુરસદનો સમય પુષ્કળ સમય હોય છે,' એવું બધું વીચારતાં થયા છે. 'અનાવીલ સમાજ, વલસાડ'ના ઉપક્રમે પૅરેન્ટીંગ અંગે વાતો કરવા એક સમ્મેલન યોજાયું હતું. 'ગુજરાતમીત્ર'ના વીશાળ વાચકવૃન્દ સાથે સંવાદ કરવાની તક સાંપડી. વલસાડની કૉમર્સ કૉલેજમાં અભ્યાસ કરીને પોતાનો સ્વતન્ત્ર વ્યવસાય સંભાળતા ત્રણ યુવાનોએ રજુઆત કરી : 'અમને શની–રવી બે દીવસના પ્રશીક્ષણ દરમીયાન બાર કલાકના વ્યક્તીત્વ વીકાસનો કોર્સ પુરો થાય એવી વ્યવસ્થા ગોઠવાય તો અમે શની–રવી દરમીયાન અને ફુરસદના સયમમાંથી છ–છ કલાક ફાળવવા તૈયાર છીએ.. દર રવીવારે બાર વખત સુરત આવવાને બદલે એ બધી જ વાતો આપણે શની–રવી દરમીયાન વલસાડમાં બેસીને કરી લઈએ તો?

આ બધી વાતો ચર્ચવા પાછળ આ લખનારનો એક જ હેતુ છે, ફુરસદના સમયનો ઉપયોગ આત્મસુધારણા માટે કરવાની ઈચ્છા ધરાવતા મીત્રોની સંખ્યા વધતી જાય છે. પર્સનાલીટી ડેવલપમેન્ટના કોર્સમાં પાંસઠની વય વટાવી ચુકેલા જે યુવાન–યુવતી(!)ઓ જોડાયાં હતાં એમની નામાવલી પણ લાંબી છે. ફુરસદના સમયને પોતાના અને સમાજના લાભાર્થે ઉપયોગમાં લેવાની આ બધી રીતરસમો છે અને ફુરસદના સમયમાં કંઈ જ નહીં કરનારાઓને એમાંથી પ્રેરણા મળી શકે એમ છે. મારી કૉલમ નીયમીત રીતે વાંચતા વડીલોને એટલી જ વીનન્તી કે નીમ્નદર્શીત પ્રશ્નો પર તેઓ પોતાનાં સન્તાનો સાથે બેસીને ચીન્તન કરે :

(1) રવીવારે અને રજાના દીવસે એમની પાસે ભરપુર ફુરસદનો સમય હોય છે. કામના દીવસો દરમીયાન પણ એમને રોજ ફુરસદના છથી આઠ કલાક મળે છે. ફુરસદનો સમય તેઓ કઈ રીતે ઉપયોગમાં લે છે એ આપણે કદી વીચાર્યું છે ખરું?

(2) પોતાની શૈક્ષણીક, વ્યાવસાયીક સજ્જતા વીકસાવવા માટે આ ફુરસદનો સમય ઉપયોગમાં લેવાય છે ખરો? પંદર, વીસ કે બ્યાંસીની ઉમ્મરે પ્રાપ્ત થતો ફુરસદનો સમય નીરર્થક વાતો કરવા માટે, રખડવા, ભટકવા માટે કે આળસુ બનીને ઉંઘ્યા કરવા માટે નથી એ હકીકતથી આપણે વાકેફ છીએ?

જો છેલ્લા પ્રશ્નનો ઉત્તર 'હા' હોય તો ફુરસદના સમયમાં સન્તાનોએ (અને સ્વયં આપણે પણ) શું કરવું તે અંગેનું સમયપત્રક આપણે તૈયાર કર્યું છે ખરું? જો સમયત્રક નજર સામે હોય તો ટેલીવીઝનને, સ્માર્ટ ફોનને, કમ્પ્યુટરને કે ક્રીકેટ મેચને કેટલો સમય આપવો તે અંગે નીર્ણય લઈ શકાશે. અત્યારે એંસી ટકા પરીવારોમાં ફુરસદનો સમય – આયોજન ન હોવાને કારણે – ખાઈપીને મજા કરવામાં વેડફાઈ રહ્યો છે. લેખના પ્રારમ્ભમાં મેં જે પ્રેરણાત્મક વાતો લખી તે બાકીના વીસ ટકા પરીવારોની છે. આપણી પાસે જો નીશ્ચીત લક્ષ્યો હોય તો ફુરસદના સમયનો દુરુપયોગ કરવાની હીમ્મત ન દાખવી શકીએ. અમેરીકાના સમાજશાસ્ત્રી મી. બ્રોન્સને દેશના નાગરીકોને એક સંશોધનનાં પરીણામો ટાંકીને સીધો પ્રશ્ન પુછ્યો છે : 'આપણો ફુરસદનો સમય ક્યાં વપરાય છે?' એમણે લખ્યું છે, 'આપણી જીન્દગી કદી નહોતી એટલી દોડભાગમાં પસાર થઈ રહી છે. આખરે વાત શી છે? અમેરીકન્સ પાસે ચાળીસ વર્ષ પુર્વે હતો એનાથી ફુરસદનો ઓછો સમય આજે છે એવું નથી. વાસ્તવમાં તે દીવસોની તુલનામાં આપણને રોજ સરેરાશ ચાળીસ મીનીટનો ફુરસદનો સમય વધુ મળી રહ્યો છે. તો પછી આપણને એવું કેમ લાગી રહ્યું છે કે આપણી પાસે ફુરસદનો સમય ખુબ ઓછો છે? એક જ કારણ છે...આપણે અડધાથી વધુ ફુરસદનો સમય ટેલીવીઝન જોવા પાછળ વેડફી નાંખીએ છીએ. એક અમેરીકન નાગરીક રોજ સરેરાશ અઢી કલાક ટેલીવીઝન સામે વેડફે છે. ટીવી બંધ કરી દો; ફુરસદનો સમય વધી જશે.'

ફુરસદના સમયનો ઉપયોગ ચાર રીતે થઈ શકે :


- વધારાની આવક મેળવવા માટે
- લક્ષ્યોને ધ્યાનમાં રાખીને બાકી રહેલાં કામો પતાવવા માટે
- સ્વાસ્થ્ય સાચવવા પાછળની પ્રવૃત્તીઓ માટે
- શૈક્ષણીક અને વ્યાવસાયીક સજ્જતા વધારવા માટે

ચાળીસ વર્ષની ઉમ્મર વટાવી ન હોય એવા મીત્રો બીજા અને ચોથા મુદ્દાઓને અનુલક્ષીને ફુરસદનો સમય ઉપયોગમાં લેવાનું રાખે તો ભવીષ્યમાં શ્રેષ્ઠ કારકીર્દી પ્રાપ્ત કરી શકે. આ ક્યારે શક્ય બને? **'હું પરીપુર્ણ છું, મારે હવે કંઈ જ શીખવાની જરુર નથી.'** એવી મનોવૃત્તીમાંથી બહાર નીકળવું પડે. એ જ રીતે, કંઈ પણ નવું શીખવાનો મારી પાસે સમય જ ક્યાં છે? એવી બહાનાંબાજીમાંથી બહાર નીકળવું પડે. આપણો મોટા ભાગનો ફુરસદનો સમય નીરર્થક વાતો માંડીને બેસતાં મીત્રો ખાઈ જાય છે. ટેલીવીઝન, ફોન કે કમ્પ્યુટરના સ્ક્રીન પાછળ બાકીનો સમય વહી જાય છે. એક સાથે ચારથી છ કલાક ફોન કે લેપટૉપ પાછળ વેડફી નાંખતા યુવાનોની સંખ્યા વધતી જાય છે.

'સન્ડે ઈ.મહેફીલ'ના પ્રણેતા શ્રી. ઉત્તમ ગજ્જરે હમણાં જ એક પ્રવચનમાં કહ્યું : *'નેવું વર્ષની ઉમ્મરે પૌત્ર કે પૌત્રી પાસે આઈ–પૅડનો ઉપયોગ કેમ કરવો તે શીખી રહેલાં વૃદ્ધોને હું પ્રત્યક્ષ રીતે ઓળખું છું. નવું નવું શીખવા માટે કોઈ ઉમ્મર નાની કે મોટી હોતી નથી. એ જ રીતે જેમને વીકસવું છે એમને માટે 'સમય જ ક્યાં મળે છે?'* એ પ્રશ્ન પણ અપ્રસ્તુત છે.

(આ ઈ.બુક બની રહી હતી ત્યારે જ ઉત્તમભાઈએ પોતાના ઉપરોક્ત કથનના સમર્થનમાં બે તસ્વીર અને તેની નીચેનું લખાણ મને મોકલ્યું. એમણે લીધેલા શ્રમની હું કદર કરી એમનો દીલથી આભાર માનું છું. સાથે સાથે શ્રી વીપુલભાઈ કલ્યાણીનો પણ હૃદયભાવથી આભાર. તસ્વીરો ને

લખાણ સ્વયં સ્પષ્ટ છે એટલે તે વીશે હું કશું લખતો નથી. જીવનઘડતરના આ પ્રેરક કાર્યમાં મને સૌનો સાથસહકાર મળતો રહે છે તે મારે મન સંતોષ અને ગૌરવની બાબત છે.. ધન્યવાદ.. ..ગોવીન્દ મારુ..)



જન્મ : 20 જુન 1923 : છસાત દાયકાઓથી સાહીત્યની 'ગોવાળી' કરનાર આ એકમેવ 'ખેપીયા'ને સહૃદય વંદન. બાણું વર્ષની વયે પણ આ નવા રમકડાઆઈપૅડની – જીવનની ...એવી યુવાની સૌને મળો ! કરામત શીખવા મથતા આ યુવાન મહેન્દ્રભાઈને સલામ સંધ્યાએ મહેન્દ્રભાઈને નીરામય, સંતોષી તેમ જ આનંદકારી જીવન સતત મળજો.જય હો .., મીમી !! – વીપુલ કલ્યાણી

લંડનસ્થીત મીત્ર **વીપુલ કલ્યાણી** (vipoolkalyani.opinion@btinternet.com : ઈ.વીચારપત્ર **'ઓપિનિયન'** http://opinionmagazine.co.uk/ ના તંત્રી)ની સમૃદ્ધ ફેસબુક http://www.facebook.com/notes/vipool-kalyani/વાચનયાત્રા-સં-મહેન્દ્ર-મેઘાણી/308627842560811 પરથી, એમના સૌજન્યથી સાભાર.. ..ઉત્તમ અને મધુ ગજ્જર..



તસ્વીર સૌજન્ય : દીનેશ હેમા રાવલ : rawalindia@gmail.com

તાપીતટે ખોલવડની સીમમાં 'દીનબંધુ ચેરીટેબલ હૉસ્પીટલ'નું સ્વપ્નું સાકાર કરનારા ડૉ. ધર્મવીર ભક્તનાં જીવનસંગીની મણીબા(જન્મ : 19 October, 1919- નનસાડ–તા. કામરેજ– જીલ્લો સુરત) આજે 97 વરસની વયે પણ આઈ.પૅડ હાથમાંથી છોડતા નથી.. અમેરીકા હોય ત્યારે બધાં છાપાં જાતે જ આઈ.પૅડ પર વાંચી લે છે.. પોતાની મેલ જાતે જ ચેક કરે. એમનું ઈ.મેલ સરનામું : MANIBA D BHAKTA (maniben@icloud.com) પૌત્રો–દૌહીત્રોને પુછતાં જરાયે સંકોચ નહીં. અને વળી કહે : 'હજી તો મારે ઘણું શીખવાનું બાકી છે.' ..ઉત્તમ અને મધુ ગજ્જર..



આપણે દરરોજ ફુરસદના કેટલા કલાકો પ્રાપ્ત થાય છે અને આપણે સમયને કઈ રીતે વેડફી નાંખીએ છીએ તેનો હીસાબ માંડવાનો આ શ્રેષ્ઠ સમય છે. કેટલીક શાળાઓ બાળકોને ડાયરી લખવાની ફરજ પાડે છે અને રોજ જે ખીસ્સાખર્ચ થાય છે તેનો હીસાબ

લખતાં પણ શીખવે છે. હવે આપણે બાળકોને ફુરસદના સમયની ગણતરી માંડીને તેનો મહત્તમ સદુપયોગ કરવાની દીશામાં વાળવાની જરુર છે.



મેઘધનુષ

પ્રત્યેક વ્યક્તીને, પ્રત્યેક રાષ્ટ્રને મહાન બનવા માટે નીચેની ત્રણ વસ્તુઓ જરુરી છે;

1. શુભની શક્તી વીશેની સમ્પુર્ણ ખાતરી
2. ઈર્ષ્યા કે આશંકાનો અભાવ
3. જે લોકો ભલા થવા કે સારું કરવા પ્રયત્ન કરતા હોય તેમને મદદ કરવી.

–સ્વામી વીવેકાનંદ



અનુક્રમણીકા

18

ભાટાઈ કરનારા માણસોથી બચીને ચાલજો !

સુરતની એક સામાજીક સંસ્થામાં બોર્ડ મુકવામાં આવ્યું છે : 'ભાટાઈ કરનારા માણસોથી બચીને ચાલજો!' મેં સંસ્થાના પ્રમુખને આવી મુલ્યવાન સલાહ વ્યક્ત કરવા માટે ધન્યવાદ આપ્યા અને પુછ્યું ,'જો વાંધો નહીં હોય તો આ ટાંકવાયોગ્ય અવતરણ સુધી આપ કઈ રીતે પહોંચ્યા તે જાણવાની ઈચ્છા હતી.' જવાબમાં એમણે જે શાણપણભરેલી વાતો સંભળાવી તે વાચકમીત્રો સાથે વહેંચવાની ઈચ્છા છે. એમણે પ્રારંભ અહીંથી કર્યો, 'ઉંચા હોદ્દાઓ પર બેઠેલા ખુશામદપ્રીય મુર્ખ શાસકોને પ્રશંસા અને ખુશામદ વચ્ચેનો ભેદ સમજાવવા કાર્યશીબીરો યોજવા જોઈએ. ખુશામદનું ઝેર માણસને ખતમ કરી નાખે છે; છતાં એ બીચારાને ખબર નથી પડતી કે પોતે ક્રમશઃ ક્ષય પામી રહ્યો છે.'

નેપોલીયન બોનાપાર્ટનું આ વીધાન ખુશામદપ્રીય માણસોએ યાદ રાખવું ઘટે; 'જેઓ ખુશામદ કઈ રીતે કરવી એ જાણે છે તેઓ; નીન્દા, ટીકા અને બદનક્ષી કઈ રીતે કરવી તે પણ સારી પેઠે જાણતા હોય છે.' એક ઉદ્યોગપતીએ નોંધ્યું કે પોતાનો મૅનેજીંગ ડીરેક્ટર ચાળીસથી ઓછી વયની ખુબસુરત યુવતીઓને પ્રમોશન અને પગારવધારો આપવાની ભલામણ વારમ્વાર કરતો હતો. આવી દરખાસ્તો લગાતાર આવ્યા કરી એટલે ઉદ્યોગપતીએ એક મહીલા કર્મચારીને બોલાવીને આદેશાત્મક અવાજમાં પુછ્યું, 'તમને અહીં જોડાયાને એક વર્ષ પણ નથી થયું અને તમે પ્રમોશન માટેની ભલામણ મેળવી લીધી છે. અહીં જોડાયા પછી તમે ક્યાં પરાક્રમો કર્યાં તેની યાદી મને પહોંચાડો.' યુવતી બૉસની સુચના સાંભળીને સ્તબ્ધ થઈ ગઈ, ચહેરા પર મુંઝવણના ભાવો ડોકાવા માંડ્યા. ઉદ્યોગપતીએ બીજો પ્રશ્ન રજુ કર્યો, 'તમે પ્રમોશન મેળવવા એમડીને લાંચ આપી છે? બઢતીને પાત્ર બનવા પાછળનું રહસ્ય શું છે? જો સાચું કારણ આપશો તો તમારી નોકરી સલામત છે; નહીં તો આવતી કાલથી તમે ફરજમુક્ત છો !'

યુવતીએ રહસ્ય ખુલ્લું કરતાં જણાવ્યું; 'સર, અહીં જોડાઈ તે પુર્વે મારી એક ફ્રેન્ડ પાસે જાણવા મળેલું કે કંપનીના એમડીને ખુશામદ સાંભળવાનો વીકૃત શોખ છે. હું તો બસ, દીવસમાં ચાર–પાંચ વખત, કામ વગર, એમની ચેમ્બરમાં જતી, એમની સામે બેસીને એમની ખુશામદ કરતી, એમને લાંચ નથી આપી, 'સ્મીત' આપ્યું છે! મારું પરાક્રમ બે શબ્દોમાં સમાઈ જાય છે... 'ખુશામદ' અને 'લોભામણું સ્મીત!' ઉદ્યોગપતીએ યુવતીની નોકરી ચાલુ રાખી; પરંતુ એમડીની ખુરશી છીનવી લીધી. નવા નીમાયેલા એમડીને ચેતવણી આપી, 'ખુશામદ' અને 'બીનજરુરી સ્મીત'થી દુર રહેજો.....!

ખુશામદ કરનાર અને સાંભળનારની લાક્ષણીકતાઓનો અભ્યાસ કરવા જેવો છે. ખુશામદખોર માણસ ખોખલો હોય છે; પરન્તુ સામેની વ્યક્તી પાસે કંઈક અનધીકૃત મેળવવાની લાલચ તેને એવું કરવા પ્રેરે છે. લુચ્ચું 'શીયાળ' અને ચાંચમાં પુરી ધરાવતો 'કાગડો'.... આપણા સમાજનાં ખુબ જાણીતાં પાત્રો છે. ખુશામદ અને પ્રશંસા વચ્ચે ખુબ પાતળી ભેદરેખા છે. ખુશામદખોર અને ખુશામદપ્રીય એવાં બન્ને પાત્રો આ ભેદરેખાથી વાકેફ હોય છે; પરન્તુ તેઓ પોતપોતાના સ્વાર્થમાં રાચતાં હોવાથી ખુશામદની પ્રક્રીયાને વણથંભી ચાલવા દે છે. ખુશામદ કરનારની બૉડી લેંગ્વેજનો અભ્યાસ કરજો. એમના ચહેરા પર અપરાધભાવ સ્પષ્ટ વંચાશે. ખુશામદખોર કોઈ ઑફીસરની સામે બેસીને ખુશામદવર્ષા કરતો હોય એ દૃશ્ય જોવા જેવું હોય છે. 'મેડમ, આપના જેવો અવાજ તો લતાજી કે આશાજી પાસે પણ નથી!'; 'સર, યુ આર ગ્રેટ....તમે દેશના તારણહાર છો...'; 'શું આપની પર્સનાલીટી છે, સર......' ખુશામદ સાંભળનાર અને સંભળાવનાર બન્ને નશામાં એવા મદહોશ બની જાય છે કે આજુબાજુ ઉભેલાં કે બેઠેલાં માણસો એમના વીદુષકવેડાની મજા લુંટી રહ્યા છે, એ વાતનો એમને ખ્યાલ પણ રહેતો નથી. ખુશામદખોરની નજરપોતાને જે 'પુરી' મેળવવી છે તે પુરી પર ચોંટેલી રહે છે; પરન્તુ કોઈ પોતાના 'મધુર અવાજ'ની પ્રશંસા કરે ત્યારે 'કાગડા'ને તો એ સમજાવું જોઈએને, કે મારો 'અવાજ' મધુર નથી; પરંતુ મારી ચાંચમાં જકડાયેલી 'પુરી' મધુર છે અને એની પ્રાપ્તી માટે આ ભજન–કીર્તન ચાલી રહ્યાં છે!

પ્રશંસામાં સચ્ચાઈ હોય છે જ્યારે ખુશામદમાં અતીરેકની બોલબાલા હોવાની. ઘણી વાર ખુશામદખોરી જુઠાણાંની સરહદમાં પ્રવેશી જાય છે; પરન્તુ સાંભળનારને તેનો

ખ્યાલ આવતો નથી. ખુશામદખોર જાણતો હોય છે કે નીર્ધારીત લક્ષ્ય પ્રાપ્ત કરવા હું જુઠ્ઠા ગપાટા હાંકી રહ્યો છું. ધર્મશાસ્ત્રો ખુશામદને 'જીભનું પાપ' ગણાવે છે. બાઈબલમાં કહ્યું છે, 'ખુશામદ એ દુરાચારીઓનું લક્ષણ છે; સન્તોનું અને સાચા માણસોનું નહીં.'

એક સભામાં પધારેલા સન્તપુરુષનો પરીચય આપતી વેળા ઉદ્‌ઘોષક ખુશામદખોરીની તમામ હદ વટાવી ગયા. સન્તે પોતાના પ્રવચનનો આરંભ આ રીતે કર્યો, 'હે પ્રભુ, મારો પરીચય આપનારો જે બધું બોલી ગયો તે માટે એમને ક્ષમા કરજે અને હું બધું સાંભળવાની મજા લુંટતો રહ્યો તે બદલ મને ક્ષમા આપજે !' ખુશામદ કરનારો ક્યારેક ઉત્સાહના અતીરેકમાં નીર્દોષ ભાવે એવું કહી નાંખે એ શક્ય છે; પરન્તુ મોટે ભાગે ખુશામદખોરોનો મલીન હેતુ 'બોર આપીને કલ્લી કઢાવી લેવાનો' જ હોય છે. ખુશામદ ખુરશી પર બેઠેલા અધીકારીના અહંકારને પુષ્ટી આપે છે. ખુશામદ સાંભળવી એ જ્યારે માણસની આદત બની જાય ત્યારે વાસ્તવીકતા સાથેનો એનો સમ્બન્ધ તુટી જાય છે અને એ અજાણતાં જ અધઃપતનનો અધીકારી બને છે.

લગ્ન કરીને સાસરે આવેલી યુવતીને તેના પુરુષમીત્રોએ ખુશામદનું ધીમું ઝેર પીવડાવ્યા કર્યું. તેઓ યુવતીને વારંવાર કહેતા, 'તું પ્રભાવશાળી છે, અમેરીકાની માસ્ટર્સ ડીગ્રી ધરાવે છે, ખુબસુરત છે.... તારે પતી કે સાસુથી ડરવાની જરુર શી છે?' યુવતીને ખુશામદનું સ્વરુપ સમજાયું નહીં. મીત્રોની સલાહને અનુસરવામાં તે ડીવોર્સ સુધી પહોંચી ગઈ. છુટાછેડા થયા પછી તમામ ખુશામદખોરો તેને છોડીને ચાલતા થયા. કહેવાયું છે કે તમારા સલાહકારો કોણ છે તેને આધારે તમારું ભવીષ્ય નક્કી થશે; દુર્યોધનનો સલાહકાર ખુશામદીયો મામો 'શકુની' હતો, જ્યારે પાંડવોના સલાહકાર 'કૃષ્ણ' હતા. ખુશામદખોર અધીકારીઓ ઉંચો હોદ્દો ધારણ કરનારા પ્રશાસકો માટે ઝેરી નાગની ગરજ સારે છે.

'ખુશામદનું પાપ' (ધ સીન ઓફ ફ્લેટરી) શીર્ષક હેઠળના પોતાના સંશોધનલેખમાં ઈ.પૌલ મેર્શોન ખુબ ધ્યાનાર્હ વીચાર રજુ કરે છે : 'ખુશામદખોરી પ્રભુને પસન્દ નથી; કારણ કે એ હેતુપુર્વકનું જુઠાણું હોય છે. ખુશામદખોર ખુશામદ કરીને આપણા પર કબજો જમાવી દે છે, આપણને પોતાના નીયન્ત્રણમાં રાખવાની કોશીશ કરે છે અને

છેવટે આપણને પોતાના ઈશારાઓ પર નચાવે છે.’ (પ્રમોશન મેળવવા ખુશામદના શબ્દો અને સ્મીત પથરાવતી પેલી યુવતીના વર્તનને આ સન્દર્ભે તપાસવાનું રસપ્રદ નીવડશે.) ખુશામદ પ્રભુને પસન્દ ન હોય તો ‘ખુશામદ ખુદા કો ભી પ્યારી હૈ’ એ કહેવતનો છેદ ઉડી જાય છે.

ભારતમાં ખુશામદપ્રીય શાસકો, ખુશામદીયા માણસોથી ઘેરાઈને, મહેફીલ જમાવવામાં કલાકોના કલાકો વેડફી નાંખે છે; એ દૃશ્યના સાક્ષી બનવાની તક આ લખનારને ચાર દાયકાઓ સુધી પ્રાપ્ત થઈ હતી. દેશ પછાત રહી ગયો તેના મુળમાં ચમચાઓનું ટોળું છે, જેઓ પ્રશાસકોને કદી ઠરીને કામ કરવા દેતા નથી. ખુશામદીયા માણસોથી સદૈવ ઘેરાયેલા રહેતા પામર જીવો આટલી ટીપ્સ યાદ રાખે :

– ખુશામદખોરો તમારો કીંમતી ‘સમય’ ખાઈ જાય છે અને તમારી ચાંચમાં રહેલી ‘પુરી’ પણ !

– ખુશામદખોરો તમારું આયોજન ખોરવી નાંખે છે અને આજુબાજુમાં બેઠેલા માણસોની નજરમાં તમે હાસ્યાસ્પદ ઠરો છો.

– ભાટાઈ કરનારા માણસોને ઓળખી કાઢો અને તેમને તમારી સામેની ખુરશી પર બેસવાની તક ન આપો.

– એમની હાજરી તમારી કાર્યક્ષમતાને ગંભીર અસર પહોંચાડે છે, તે હમ્મેશાં યાદ રાખો.

– ખુશામદખોરોને કારણે આપણી મર્યાદાઓ તરફ કદી આપણું ધ્યાન જતું નથી અને વાસ્તવીકતા સાથેનો આપણો સમ્પર્ક કપાઈ જાય છે.

ખુશામદખોરોને નવ ગજ દુરથી નમસ્કાર કરીને બચતા રહેવામાં જ આપણું કલ્યાણ છે.

ખરી યુનીવર્સીટી

ખરી યુનીવર્સીટી એ કાંઈ મકાનોની હારમાળા નથી; જેનું પોલીસો દ્વારા રક્ષણ થઈ શકે તે કોઈ ભૌતીક પદાર્થ નથી. ખરી યુનીવર્સીટીને કોઈ સ્થળ વીશેષ હોતું નથી; એ કોઈ મીલકત ધરાવતી નથી; નથી તો એ પગાર ચુકવતી કે નથી તો પોતાનો વાજબી હીસ્સો મેળવતી. ખરી યુનીવર્સીટી તો એક મનોસ્થીતી છે. એ તો યુગોથી માનવજાતને પ્રાપ્ત થતા રહેલા તર્કશુદ્ધ વીચારોનો વારસો છે. સદીઓથી 'પ્રૉફેસર' તરીકે ઓળખાતા લોકોના એક વર્ગ દ્વારા આ મનોસ્થીતીનું સંક્રમણ થતું રહ્યું છે; પરંતુ એ (પ્રૉફેસરોનો) હોદ્દો પણ ખરી યુનીવર્સીટીનું અંગભુત તત્ત્વ નથી.

તાર્કીક વીશ્લેષણ દ્વારા, જુજવે રુપે નીરન્તર પ્રગટ થતાં સત્યની આરાધના કરવી એ જ આ વીદ્યામન્દીરનું મુખ્ય ધ્યેય છે. એની સમક્ષ બીજું બધું ગૌણ છે. વીદ્યામન્દીરના શીક્ષકો માટેનો આદેશ સ્વયંસ્પષ્ટ છે અને તે છે તર્કપુત સત્ય ઉચ્ચારવું અને સત્યશોધનને વળગી રહી બુદ્ધીયુક્ત સેવા કરવી.

–રોબર્ટ પીરસીંગ



અનુક્રમણીકા

19

ક્ષમા મળવાથી એક તરુણની જીન્દગી બચી ગઈ

‘‘આશીષ મૅક્વાન નામના યુવાનનો મેસેજ એમના પીતાજી મારફતે મળ્યો : ‘આપના માર્ગદર્શન હેઠળ હું મારી કારકીર્દી બચાવી શક્યો છું. અત્યારે હું પત્ની અને દીકરી સાથે ઑકલૅન્ડ, ન્યુઝીલૅન્ડમાં સ્થાયી થયો છું. આપનું કૃતજ્ઞતાપુર્વક સ્મરણ કરું છું અને વન્દન પાઠવું છું.’ ‘ગુજરાતમીત્ર’ના વાચકોમાંથી કેટલાકને આ યુવાને વીસ વર્ષ પુર્વે જે ભુલ કરી હતી તે કીસ્સો યાદ હશે. તરુણાવસ્થામાં અને જીન્દગીના કોઈપણ તબક્કે માણસ ભુલ કરી શકે છે. આવી એકાદ ભુલને કારણે માતા–પીતા સન્તાનને સગપણમાંથી બાદ કરી નાંખે તે કેટલું યોગ્ય છે? આશીષનો કીસ્સો તમામ યુવામીત્રો માટે પ્રેરણા બક્ષનારો છે.’’

ઈ.સ.1995નું એ વર્ષ મને આજે પણ બરાબર યાદ છે. આશીષ મૅક્વાન નામના સોળ વર્ષના યુવાને સુરતની નર્મદ લાઈબ્રેરીમાંથી બે પુસ્તકો ચોરી લીધાં અને ચૉક બજારમાં દર શનીવારે ભરાતા હાટમાં એ પુસ્તકો વેચવા માટે આવ્યો. પસ્તીવાળાએ એ પુસ્તકો પર નર્મદ લાઈબ્રેરીનો રબર સ્ટૅમ્પ વાંચ્યો એટલે એ સમજી ગયો કે આ ચોરીનો માલ છે. એમણે આશીષને વાતચીતમાં રોકી રાખીને, નર્મદ લાઈબ્રેરીના ઑફીસરને ફોન કરી બોલાવી લીધા અને આશીષને પકડાવી દેવામાં આવ્યો.

બીજા દીવસે તમામ અખબારોમાં આ તરુણનું પરાક્રમ છપાયું. આશીષની સમાજમાં ભારે બદનામી થઈ. આશીષનાં માતાપીતા શાળામાં શીક્ષક હતાં. એમને માટે પણ નીચાજોણું થયું. આશીષ તે સમયે ધોરણ અગીયાર (કૉમર્સ)માં અભ્યાસ કરતો હતો. શાળાની પરીક્ષા થઈ ચુકી હતી. આશીષ પાસ તો થઈ ગયો; પરન્તુ શાળાએ તેને બારમા ધોરણમાં ઍડ્મીશન આપવાનો ઈન્કાર કર્યો. કારણ એ હતું કે અખબારોમાં આશીષ કઈ શાળામાં ભણે છે તેની વીગત છપાઈ હતી અને એ રીતે સમાજમાં શાળાની બદનામી થઈ હતી.

આશીષના પીતાજીએ પુત્રને બારમા ધોરણમાં શહેરની બીજી કોઈ શાળામાં પ્રવેશ અપાવવા ખુબ પ્રયત્નો કર્યા; પણ કોઈ શાળાએ દાદ ન આપી. આશીષના પીતાજી અને આ લખનાર બી.ઍડ્.માં એક જ બેન્ચ પર બેસીને સાથે ભણ્યા હતા. અમારી વચ્ચે ગાઢ દોસ્તી હતી. બધેથી નીરાશા સાંપડી એટલે આશીષના પીતાજીએ મીત્રતાના દાવે મારા દરવાજે ટકોરા માર્યા. એક તરુણે નાદાનીયતમાં ભુલ કરી નાંખી એટલે એને અઠંગ ગુનેગાર સમજીને હડધુત કરવાનો? એને સુધરવા માટેની તક ન આપવાની? મેં આશીષના પીતાજીને એકાદ સારી શાળામાં ઍડ્મીશન અપાવવાનું વચન આપીને વીદાય કર્યા.

'શ્રીમતી આઈ. એન. ટેકરાવાળા હાઈ સ્કુલ'ના તત્કાલીન આચાર્ય શ્રી. નલીન દેસાઈ એમ.ઍડ્માં મારા સહાધ્યાયી હતા. એમને મેં વીનન્તી કરી, 'આશીષને ઍડ્મીશન આપો... તેને સુધારીને રાહ પર લાવવાનો ગમ્ભીર પડકાર આપણે ઉપાડી લેવો જોઈએ. તેની સારી ચાલચલગતના જામીન હું આપું છું. તેના દ્વારા કોઈપણ ગેરશીસ્ત આચરવામાં આવશે તો જવાબદારી મારી. શાળાના રજીસ્ટરમાં તેના વાલી તરીકે મારું નામ લખજો.'

નલીનભાઈ મારી લાગણી અને ભાવનાને પકડી શક્યા. નલીનભાઈની શાળા સુરત શહેરની શ્રેષ્ઠ શાળાઓમાંની એક હતી. મને માત્ર પાંચ મીનીટ સાંભળ્યા પછી એમણે તરત જ કહ્યું, 'આપણી સ્કુલ એક પ્રયોગશાળા છે... તું બાંહેધરી આપતો હોય તો પછી પ્રશ્ન જ ક્યાં ઉદ્ભવે છે ? હી ઈઝ ઍડ્મીટેડ.... એને કહો કે ફી ભરી દે અને સ્કુલે આવવા માંડે!'

પ્રભુએ મને એક સારા કાર્યમાં નીમીત્ત બનાવ્યો તેથી હું ગદ્ગદીત થઈ ગયો. એક છોકરાએ બસો–પાંચસો રુપીયાની બે ચોપડી ચોરી લીધી અને હાટ બજારમાં વેચવા નીકળ્યો, એટલે તેના નામ પર ચોકડી મારી દેવાની? સમાજના સ્વનીયુક્ત ન્યાયાધીશો બધા નીર્દોષ

છે? એમણે કંઈ જ નથી ચોર્યું? એક આચાર્યએ ઉદરતાથી આશીષનો ગુનો માફ કરી દીધો, પોતાની શાળામાં ઍડ્મીશન આપ્યું.... છેવટે પરીણામ શું આવ્યું?

હવે પછીની તે વાત વધારે રોમાંચક છે.

દરમ્યાનમાં આશીષે અંગ્રેજી સાથે એમ.એ. અને બી.ઍડ્. થયેલી એક પ્રતીભાશાળી યુવતી સાથે લગ્ન કરી લીધાં. એની પત્ની કીન્નરીને વધુ અભ્યાસ કરવા માટે ન્યુઝીલૅન્ડનો સ્ટુડન્ટ વીઝા મળ્યો તેને આધારે તેઓ બન્ને ન્યુઝીલૅન્ડ જવા ઉપડી ગયાં. આશીષ અને કીન્નરીને ન્યુઝીલેન્ડની એક કૉલેજમાં લેક્ચરર તરીકે નીમણુક મળી અને ત્યાં કાયમી નીવાસ કરવા માટેના પી. આર. પણ મળી ગયા છે! હમણાં મૅક્વાન દમ્પતી દીકરા સાથે આનન્દપુર્વક ન્યુઝીલૅન્ડમાં નીવાસ કરી રહ્યું છે.

ગયા અઠવાડીયે આશીષના પીતાજી અને મારા સહાધ્યાયી મૉર્નીંગ વૉક દરમ્યાન ભેગા થઈ ગયા અને પ્રસન્નતાપુર્વક ભેટીને બોલ્યા, ‘ભાઈ, તારો જેટલો આભાર માનું એટલો ઓછો છે. આશીષની તો જીન્દગી બની ગઈ ! જો તેં એને સ્કુલમાં ઍડ્મીશન ન અપાવ્યું હોત તો અમે બાજી ગુમાવી દીધેલી હતી. આષીષ ફોન પર ઘણી વાર કહે છે, ‘અંકલને અને નલીન સરને એકાદ મહીના માટે ન્યુઝીલેન્ડના પ્રવાસે આવવાનું કહેજો. તેઓ અમારા મહેમાન બને એમ અમે ઈચ્છીએ છીએ. અમને એમનું ઋણ ચુકવવાની તક મળશે તો ખુબ આનન્દ થશે.’

આજે આશીષનો કીસ્સો ચર્ચવા પાછળ એક જ હેતુ છે. ‘ખરાબ સંગત’ અને ‘પ્રદુષીત ભાવાવરણ’ને કારણે કોઈપણ બાળક જીન્દગીમાં ‘નાની–મોટી ભુલ’ કરી બેસે છે. એકાદ બે ભુલોને કારણે બાળકને ‘ગુનેગાર’નું લેબલ લગાડી દેવાનું યોગ્ય નથી. ભુલ કોણ નથી કરતું? જેણે જીન્દગીમાં એક પણ ભુલ ન કરી હોય એવું કોઈ છે, આ ધરતી પર? તો પછી દસ, બાર કે અઢાર વર્ષનાં બાળકો તથા તરુણોને નાની મોટી ભુલ માટે આજીવન સજા શા માટે ફટકારવાની?

આશીષની જ વાત કરીએ. જો કોઈ શાળાએ આ તરુણને ઍડ્મીશન નહીં આપ્યું હોત તો શું થાત? એ તરુણના દીલમાં સમગ્ર સમાજ માટે તીવ્ર નફરત ઉભી થાત અને સમાજને એક ખુંખાર અપરાધી પ્રાપ્ત થાત. આશીષની 'રાઈ' જેવડી ભુલને 'પહાડ' જેવી સમજવામાં કોઈને ફાયદો ન થયો હોત. બાળક કોઈ એક ભુલ કે કોઈ એક ગુનો કેમ કરે છે તેની તલસ્પર્શી તપાસ થવી જોઈએ. આપણે, કોઈનો ગુનો થાય કે તરત સજાનું વીચારવા માંડીએ છીએ ! ગુનો કરનાર બાળક પણ સ્વભાવે નીર્દોષ હોય છે તે વાત આપણે ભુલી જઈએ છીએ.

પુસ્તક ચોરનાર આશીષે ન્યુઝીલૅન્ડની કૉલેજમાં વ્યાખ્યાતાનું ગૌરવપ્રદ પદ મેળવ્યું અને પત્ની પણ કમ્પ્યુટર ડીપાર્ટમેન્ટમાં લેક્ચરર બની ગયાં. 'પડવામાં શરમ નથી; પડ્યા પછી ઉભા નહીં થવામાં શરમ છે.' એ ઉક્તીને આશીષે ચરીતાર્થ કરી દેખાડી અને તેથી જ એમનો કેસ સમગ્ર શીક્ષણજગત માટે પ્રેરણાદાયક બને છે.

આપણે સૌ આશીષને અને તેમના પરીવારને અભીનન્દન પાઠવીએ છીએ અને વધુ ઉજ્જ્વળ ભવીષ્ય માટેની શુભેચ્છાઓ અર્પણ કરીએ છીએ.



મેઘધનુષ

બેચ ડાલા હમને કલ અપના ઝમીર;
જીન્દગી કા આખીરી જેવર ભી ગયા!

...રાજેશ રેડ્ડી...



અનુક્રમણીકા

20

આપણે ધીરજનો ગુણ ગુમાવી રહ્યાં છીએ...

'વહેલી સવારે આઠ–સાડા આઠે કોઈ મુલાકાતી મળવા આવે અને દરવાજો બંધ હોય એટલે 'કૉલ–બેલ' વગાડે. પહેલી વાર કૉલ–બેલ દબાવ્યા પછી, સામેની વ્યક્તીને દરવાજો ખોલવા માટે ત્રીસથી ચાળીસ સેકંડનો સમય આપવો જોઈએ; પરન્તુ એવું બનતું નથી. આપણે પહેલા માળેથી નીચે ઉતરીને દરવાજો ખોલીએ એટલામાં વધુ બે વાર બેલ રણકી ઉઠે છે ! 'સદ્‌ગતના આત્માને શાન્તી મળે તે માટે બે મીનીટ મૌન પાળીને શ્રદ્ધાંજલી આપીશું.' એવી સુચના મળે... મૌન શરુ થયું અને પીસ્તાળીસ સેકંડ પછી 'ઓમ્ શાન્તીઃ, શાન્તીઃ, શાન્તીઃ'નો નાદ ગુંજવા માંડે છે. કાર્યક્રમને અન્તે રાષ્ટ્રીયગીત ગવાતું હોય ત્યારે સભાગૃહ છોડી રહેલા બેચાર દેશભક્તો અચુક નજરે પડે છે.'

બી.એડ્. કૉલેજના એક અધ્યાપકે, છેલ્લાં દસ વર્ષમાં યોજાયેલી શ્રદ્ધાંજલી આપવા માટેની સભાઓમાં, કેટલા સમય મૌન પળાયું તેની નોંધ રાખી. એકસો પચાસ સભાઓમાં મૌનનો સમય નોંધવામાં આવ્યો. તો જણાયું કે આયોજકો 'બે મીનીટ મૌન પાળીશું' એવી જાહેરાત કરે છે; પરન્તુ સરેરાશ અડતાળીસ સેકંડ પછી શાન્તીને સંકેલી લેવામાં આવી હોવાનું નોંધાયું. મૌન જાળવવાનો મહત્તમ સમય બોત્તેર સેકંડ હતો અને ટુંકામાં ટુંકું મૌન અઠ્ઠાવીસ સેકંડનું હતું!

એક શ્રદ્ધાંજલી સભાનું આયોજન મારા હાથમાં હતું. મારી સામેના દીવાલ પર મોટું ઘડીયાળ લટકતું હતું. બરાબર બે મીનીટ પછી મૌન સંકેલવામાં આવ્યું. એક મીત્રે સભાખંડમાંથી બહાર નીકળતી વેળાએ મજાકમાં કહ્યું : 'વીશ્વની સૌથી લાંબી મૌન શ્રદ્ધાંજલી આજે આપવામાં આવી!'

આપણે ધીરજનો ગુણ ખુબ ઝડપથી ગુમાવી રહ્યા છીએ. એક શાળામાં માતાઓનું સંમેલન મળ્યું હતું. પ્રશ્નોત્તર સેશનમાં એક યુવતીનો પ્રશ્ન ઉછળ્યો : 'એકાદ રજાના

દીવસે હું ખીચડી બનાવવા માટે કુકર મુકું છું. કુકર ઠંડુ પડે તે દરમ્યાન મારો આઠ વર્ષનો દીકરો છ વાર પુછી લે છે : ‘મમ્મી, કેટલી વાર? બહુ ભુખ લાગી છે!’ આ પ્રશ્ન પુછવામાં પુત્ર કદાચ પીતાનું અનુકરણ કરી રહ્યો હોય એવું બને.

શોપીંગ સેન્ટરમાં ચીજવસ્તુઓ ખરીદીને પૈસા ચુકવવા લાઈનમાં ઉભેલા પુરુષો, પાંચ મીનીટમાં છ વખત કાંડા ઘડીયાળ તરફ નજર નાખી લેતા હોય છે. મનમાં પ્રશ્ન ઘુમરાય છે, ‘કેટલી વાર લાગે !’ પેટ્રોલ પમ્પ પર આ જ પ્રકારનાં દૃશ્યો જોવા મળે છે. તમારી આગળ ઉભેલા વાહનની બરાબર પાછળ તમે ન ઉભા રહો તો વચ્ચેની દોઢ ફુટ જગ્યામાં એકાદ ‘શુરવીર’ જરુર સ્થાન મેળવી લેશે.

એક જાહેરસભા પુરી થયા પછી સુચના આપવામાં આવી : ‘સૌએ ભોજન લઈને જવાનું છે. વ્યવસ્થા જળવાય તે માટે પ્રથમ બહેનો અને બાળકો ભોજન લેશે.’ મેં જોયું કે એક ત્રીસેક વર્ષનો યુવાન લાઈનમાં ત્રીજા ક્રમે ડીશ હાથમાં પકડીને ઉભો રહી ગયો હતો ! જીવનસાથી પસન્દ કરવા માટેના એક કાર્યક્રમમાં બાવીસ વર્ષની યુવતીએ, સામે બેઠેલા યુવાનને, ચેતવણીના સુરમાં કહ્યું હતું : ‘હું તને હા પાડું તે પહેલાં છેલ્લી એક વાત જણાવી દઉં. રીસેપ્શનમાં જવાનું હોય કે સાંજે લોન્ગ ડ્રાઈવ પર નીકળવાનું હોય; મને તૈયાર થતાં દોઢ કલાક લાગે છે. તારામાં રાહ જોવાની ધીરજ હોય તો આપણે આગળ વધીએ.’ ‘તને તૈયાર થતા કેટલી બધી વાર લાગે છે?’ એવો પ્રશ્ન કદી પણ પુછવાનો નથી!’

જીન્દગીમાં મોટા ભાગના પ્રશ્નો ધીરજના અભાવે જન્મે છે. ટ્રેન સ્ટેશન પર છસો સેકંડ ઉભી રહે છે તે જાણતા હોવા છતાં, ટ્રેનમાંથી ઉતરતા અને ટ્રેનમાં ચઢતા ઉતારુઓના ચહેરા પર કેટલો ઉચાટ જોવા મળે છે ! ગુજરાતી ભણાવતા શીક્ષકોએ વીદ્યાર્થીઓને સમજાવવું પડશે કે ‘ધીરજ’નો વીરોધી શબ્દ ‘ધક્કામુક્કી’ થાય છે. ‘આપણે ધીરજ રાખવાની કલા ગુમાવી ચુક્યા છીએ,’ એવાં અવલોકન સાથે કેલીફોર્નીયાની સાન, દીએગો યુનીવર્સીટીના પ્રૉફેસર લખે છે : ‘જે બાળકો પોતાના અભીપ્રાય વ્યક્ત કરવામાં ધૈર્ય જાળવે છે, વીલમ્બ કરે છે; તેઓ સામાજીક કૌશલ્યો, સંવેદનાપુર્ણ લાગણીઓ અને સંઘર્ષના ઉકેલના સન્દર્ભે વધુ આનન્દમય, સફળ અને ચડીયાતાં સાબીત થાય છે. પ્રોફેસર પેટ્નોચ વધુમાં નોંધે

છે, ‘રાહ નહીં જોવાની મનોવૃત્તી આપણને ગલત નીર્ણયો તરફ દોરી જાય છે. આધુનીક ટૅક્નોલૉજીએ આપણને ત્વરીત નીર્ણયોના અભીશાપ તરફ દોર્યા છે.’ પ્રોફેસર ટેનીસકોચ, એન્જલ લોપેઝને ટાંકીને લખે છે, ‘જીમ્મી કોન્નોર્સે સ્પર્ધાની રુખ પરીપકવ વીલમ્બીત નીર્ણયો લઈને બદલી નાંખી હતી. રીટર્ન શૉર્ટ મારવા પુર્વે તે વધુમાં વધુ સમય ધીરજ જાળવીને થોભતો, બૉલ ક્યાં આવી રહ્યો છે અને કેટલી ગતીથી આવી રહ્યો છે; તેનું કાળજીપુર્વક અવલોકન અને વીશ્લેષણ કર્યા પછી જ પોતાની રમતમાં તે આક્રમક બનતો. ધૈર્યના ગુણે આ અમેરીકન ટેનીસ ખેલાડીને વીશ્વનો શ્રેષ્ઠ ખેલાડી બનવાની અનુકુળતા કરી આપી.’

પાચ સ્ટૉફ નાગરીકોને ધીરજ ધરવાની ચેતવણી સાથે લખે છે : ‘આપણાં બાળકો કંઈ પાંચ–દસ વર્ષમાં પુખ્ત બની જતાં નથી. આપણે અઢારથી વીસ વર્ષ ધીરજ રાખવી પડે છે. તો પછી આપણું અર્થતંત્ર બે–પાંચ વર્ષમાં સુધારો બતાવવા માંડે એવી અપેક્ષા શા માટે?’ આ બધી ચર્ચાઓ બાળકોને ઉછેરી રહેલાં માતા–પીતાઓ માટે ગંભીર સુચીતાર્થો ધરાવે છે.

અઢી વર્ષની પૌત્રીને નર્સરીમાં દાખલ કર્યા પછીના ત્રીજે જ મહીને તેની મમ્મી ટીચર પાસે પહોંચી ગઈ હતી અને ઉંચા અવાજે પુછતી હતી, ‘મારી દીકરીને હજુ કંઈ જ આવડતું નથી. તમે કરો છો શું?’ ટીચરે સ્મીત સાથે પુછવું પડ્યું, ‘મૅડમ, દીકરી અઢી વર્ષ આપની પાસે રહી; છતાં આપે તેને કંઈ જ શીખવ્યું નહીં ? તમે જે ફેરફારની અપેક્ષા રાખો છો તેને માટે બીજાં અઢી વર્ષ ધીરજ રાખવી પડશે.’

ધૈર્યનો ગુણ પ્રથમ માતાપીતાએ વીકસાવવો પડશે. ગયા અઠવાડીયે એક દુર્ઘટના બની. માતાપીતા અને દીકરોવહુ છ મહીનાથી અલગ રહેતાં હતાં. દીકરો પીતાજીના બંગલાથી માત્ર ચાર કીલોમીટર દુર પત્ની અને ચાર વર્ષના પુત્ર સાથે રહેતો હતો. માતા–પીતાને દર મહીને પહેલી તારીખે પન્દર હજાર રુપીયા ઘરખર્ચ માટે આપવાની પવીત્ર ફરજ દીકરા–વહુએ સ્વીકારી લીધેલી. આ મહીને ત્રીજી ઑગસ્ટની રાત સુધી રુપીયા ન પહોંચ્યા એટલે ધીરજ ગુમાવીને પીતાએ પુત્રને ફોન જોડ્યો. પુત્ર ઘરે નહોતો. પન્દર મીનીટ ખુબ

ઠપકો આપીને પુત્રવધુને સુચના આપી, 'તારો વર આવે એટલે કહેજે કે પપ્પા ખુબ નારાજ છે... આજે ત્રીજી તારીખ થઈ... અમારે ખાવું શું? અમારે ભુખે મરવાનું?'

જેવો ફોન મુક્યો તે તરત કૉલ–બેલ વાગ્યો. સામે પુત્ર ઉભો હતો. પીતાજીને ચરણસ્પર્શ કરીને બોલ્યો, 'સૉરી, પપ્પાજી... હું બે દીવસ મોડો પડ્યો. આ વખતે પગાર બે દીવસ લેટ થયો એટલે આજે આવ્યો છું. પુરા પન્દર હજાર છે. હવે પછી આવું નહીં બને.' જેવું પુત્રે ઘર છોડ્યું કે તરત પીતાએ પુત્રવધુને ફોન જોડીને કહ્યું, 'બેટા, સૉરી... આ ઉમ્મરે પણ હું થોડી વધુ ધીરજ ન રાખી શક્યો. પ્લીઝ, દીકરાને મારો ફોન આવ્યો હતો અને મેં તારી સાથે ગમેતેમ લવારો કર્યો હતો એ વાત કરીશ નહીં. મારો ફોન આવ્યો હતો એ વાત જ ભુલી જજે, બેટા.' પુત્રવધુનો જવાબ હતો, 'પપ્પા, તમે નીશ્ચીન્ત રહેજો, મારા સંસ્કાર જ એવા છે કે પીતાપુત્ર વચ્ચે તીરાડ જન્મે એવું હું કંઈ જ ન કરું.'

ફોન મુક્યા પછી પુત્રવધુએ મનોમન વીચાર્યું : 'પપ્પાજીને ક્યાં ખબર છે કે એમને ઑફીસેથી સીધા જ પપ્પાને ઘરે જઈને પન્દર હજાર રુપીયા પહોંચાડવાની સુચના મેં જ આપી હતી. પહેલી તારીખે પૈસા ન મળ્યા એટલે પપ્પામમ્મી ચીન્તામાં પડ્યા હશે એ વીચાર માત્રથી હું કંપી ઉઠું છું... ક્ષણનો પણ વીલમ્બ કર્યા વગર પપ્પાને ઘરે પહોંચીને 'સૉરી' કહીને પૈસા પહોંચાડી દેજો એવી તાકીદ મેં જ કરી હતી.'

જો ધૈર્ય ગુમાવવાના આટલા બધા ગેરલાભ હોય તો બાળકોમાં ધીરજનો ગુણ કઈ રીતે વીકસાવવો તેની ચર્ચા કરવાનું જરુરી બની જાય છે. બાળકો ધૈર્ય દાખવે તે જોવાની મુખ્ય જવાબદારી 'શૈક્ષણીક સંસ્થાઓ'ની તથા 'પરીવારના વડીલો'ની ગણાય.

ધીરજનો ગુણ શા માટે વીકસાવવો જોઈએ એ પ્રશ્ન જ્યારે જ્યારે ચર્ચાયો છે ત્યારે ત્યારે મનોવીજ્ઞાનીઓએ સર્વાનુમતે જણાવ્યું છે; 'આનંદમાં રહેવા માટે.' જેન બોલ્ટન લૉસ એન્જલસમાં પ્રૉફેસર છે અને ધીરજનું મહત્ત્વ સમજાવતાં એમણે લખ્યું છે; 'ધીરજનો ગુણ વીકસાવવો એટલે એક કૌશલ્ય વીકસાવવું... આપણે આ ગુણ સાથે લઈને જન્મ્યા નથી.' હીઅરફૉર્ડ ધીરજની સમજુતી આ રીતે આપે છે; 'ઉશ્કેરાયા વગર કે હતાશ થયા વગર રાહ

જોવાની કે વીલમ્બને સહન કરવાની શક્તી એટલે ધીરજ.' મુશ્કેલીઓનો સામનો કરવાનો આવે ત્યારે લાગણીઓ અને આવેશો પર નીયન્ત્રણ રાખીને ઠંડા દીમાગથી આગળ વધવું એનું નામ ધીરજ.

આધુનીક યુગમાં આપણને બધું જ જોઈએ છે અને ક્ષણના પણ વીલમ્બ વગર તરત તે જોઈએ છે. ફલદાયી સમ્બન્ધો અને મનની શાન્તી ઈચ્છતા માણસો માટે ધીરજનો ગુણ વીકસાવવા સીવાય બીજો કોઈ વીકલ્પ નથી. ઉપયોગી અને મહત્ત્વની કોઈ ચીજ તરત, સહેલાઈથી અને સાધના કર્યા વગર મળતી નથી. ધીરજનું પણ એવું જ છે. માણસ પાસે ધીરજ હોય તો તણાવ ઘટે છે, આનન્દ વધે છે અને માણસ સ્વસ્થ રહી શકે છે. ધીરજથી વર્તનારો જીવ વધુ સારા નીર્ણયો લઈ શકે છે અને સમ્બન્ધોમાં સમ્વાદીતાનો અનુભવ કરે છે. સમજણ, સમાનુભુતી, સમાદર અને કરુણા પણ ધીરજની પાછળ પાછળ ચાલ્યાં આવે છે.

કેટલીક દીર્ઘકાલીન પ્રક્રીયાઓમાં ધીરજથી કામ લેવાનું અનીવાર્ય બની જાય છે. વજન ઘટાડવું, ડૉક્ટર, વકીલ કે ઈજનેર બનવાની કારકીર્દી વીકસાવવી, આંતરરાષ્ટ્રીય ખેલાડી બનવું, સંગીતમાં પ્રાવીણ્ય પ્રાપ્ત કરવું, ઉંડા ઘા પર રુઝ આવવી... વગેરે કાર્યો સીદ્ધ કરવા માટે ધીરજની જરુર પડવાની. ધીરજનો ગુણ આત્મસાત્ કરનારા કહે છે; 'અમે પ્રૅક્ટીસ, પ્રૅક્ટીસ અને માત્ર પ્રૅક્ટીસથી એ ગુણને પામી શક્યા છીએ. સ્પર્ધામાં હારી ગયા, અતીશય ઠંડી અને ગરમીને વહાલ કર્યું, સ્વજનોને ગુમાવવાની કારમી વેદનામાંથી પસાર થયા, નીન્દા–ટીકાના ધોધ નીચેથી પણ ગુજરવું પુડ્યું; છતાં પ્રતીકુળ સંજોગો સામે ધીરજથી ટકી રહ્યા અને ધૈર્યશીલ બની ગયા.'

જેન બોલ્ટ ધૈર્યનો ગુણ કેળવવા માટે ચાર સોપાનોને અનુસરવાનું સુચવે છે. જો ધીરજનો ગુણ નહીં કેળવાય તો બાળકોના વીકાસમાં ગમ્ભીર અવરોધો સર્જાવાનો ભય છે. આવો, એ ચાર સોપાનોનો અભ્યાસ કરીને આ ચર્ચાનું સમાપન કરીએ :

1. ગુસ્સો, ઉશ્કેરાટ અને અત્યાચારની વ્યસની પ્રકૃતીને સમજવી

જ્યારે સંજોગો આપણી ઈચ્છા અને ધારણા પ્રમાણે આકાર ન લે ત્યારે ધીરજથી વીરુદ્ધ ગુસ્સો, ઉશ્કેરાટ અને અત્યાચારનાં વર્તન–લક્ષણો સપાટી પર આવે છે. ગેરવર્તનોની આ ત્રીપુટી દારુ અને તમાકુનાં વ્યસન જેવી છે. માણસ તેનો વ્યસની બની જાય પછી તેની ટ્રેપમાં ફસાયેલો રહે છે. ધીરજનો ગુણ કેળવવા ઈચ્છતાં બાળકો, પોતાને ગુસ્સો, ઉશ્કેરાટ અને અત્યાચાર–હીંસક વર્તન કયારે જન્મે છે, શા માટે જન્મે છે અને તેને કઈ રીતે અંકુશમાં લઈ શકાય તે અંગે સમજણ કેળવે તે જરુરી છે. માતા–પીતા કે શીક્ષકોનાં નીરીક્ષણ હેઠળ આ તાલીમ ચાલવી જોઈએ. બાળકને ગુસ્સો આવે કે ઉશ્કેરાવાની ઈચ્છા થાય તેવા સંજોગો વચ્ચેથી એમને પસાર થવા દો. આ પ્રકારના સંજોગો સહજ રીતે જન્મે તેની રાહ નથી જોવાની, એવા સંજોગો ઉભા કરવાના છે. ગુસ્સો, ઉશ્કેરાટ કે હીંસક વર્તન ક્યારે ઉદ્‌ભવે છે તે બાળકને સમજાઈ જવું જોઈએ. જ્યારે પોતે કંઈક ઉતાવળે મેળવવા ઈચ્છે છે અને એ મેળવવામાં વીલમ્બ થાય છે ત્યારે પોતે તોફાની મહાસાગરની જેમ ઉછળવા માંડે છે. માર્ગમાં થોડી પણ અગવડ અનુભવાય, આપણે ધૈર્ય ગુમાવીને શરુ થઈ જઈએ છીએ. સંજોગોમાં સુધારો આવે, આપણી ફરીયાદ પર ઍક્શન લેવાય તે માટે આપણે ક્યાં સુધી થોભવાનું છે એ નક્કી કરી લેવાય તો ધૈર્ય જાળવવાનું સહેલું બની જાય. જેમ જેમ દીવસો પસાર થતા જાય તેમ તેમ વર્તનમાં ગુસ્સો, ઉશ્કેરાટ અને હીંસક બનવાની આવૃત્તીઓ ઘટતી જવી જોઈએ.

2. અગવડ અને તકલીફો પ્રત્યે આપણું વલણ સુધારીએ

જેન બોલ્ટ લખે છે : ‘આપણે અગવડ અને તકલીફનો અનુભવ કરીએ ત્યારે પોતાને ઉદ્દેશીને એટલું જ બોલવાનું છે : ‘સંજોગો અગવડપુર્ણ છે; પરન્તુ અસહ્ય નથી.’ પ્રવાસમાં ગયા હોઈએ અને આયોજક નીયત સમયે બપોરે એક વાગે ભોજન ન આપી શકે તો બગાવત પર ઉતરી આવવાની જરુર નથી. સંજોગો તકલીફ ઉભી કરનારા છે; પરંતુ અસહ્ય નથી. પ્રતીકુળ સંજોગો ઉભા થાય ત્યારે લાગણીની અભીવ્યક્તી માટે વધુ સારો માર્ગ

પસન્દ કરવાની રીતરસમો બાળકને આ સોપાન અંતર્ગત શીખવવામાં આવે છે. એક વાત યાદ રહે કે દુ:ખ–દર્દનો હેતુ આપણને તેના ઉકેલ તરફ દોરી જવાનો હોય છે.

જ્યારે આપણે સમસ્યાને અવળે માર્ગે ઉકેલવાની કોશીશ કરીએ છીએ ત્યારે મોટે ભાગે સામેની વ્યક્તીને, સંજોગોને કે વસ્તુને બદલવાની દીશામાં આગળ વધીએ છીએ અને એવું ધારી લઈએ છીએ કે બધા પ્રશ્નો એમને કારણે ઉભા થયા છે. વાસ્તવમાં એવું નથી હોતું. તકલીફનું, પીડાનું કે પ્રતીકુળતાનું મુળ, બહારની વ્યક્તી કે સંજોગો નથી હોતા. તકલીફ અને પીડાનું મુળ તો આપણી અન્દર, આપણા મનમાં છુપાયેલું હોય છે અને આપણે આક્રમક બનીએ છીએ સામેની વ્યક્તીને કે સામેના સંજોગોને બદલવા માટે ! બહારના સંજોગો ગમે એટલા ખરાબ કે સારા કેમ ન હોય; ગમો કે અણગમો, વીરોધ કે સમર્થન તો આપણું મન સર્જે છે. બહારનાં તત્ત્વોને બદલવાનો શ્રમ વીફળ જવાનો છે. આપણે આપણા મનની દીશા અને ગતી બદલવી પડશે. જે કોઈ પ્રતીકુળતાઓ માર્ગમાં અવરોધરુપ બને છે તે છેવટે ઉકેલ તરફ દોરી જશે. બાળકોને વધુ સારા વીકલ્પો પસન્દ કરવાની તાલીમ મળવી જોઈએ.

3. ઉશ્કેરાટ કે પીડા શરુ થાય કે તરત તેના તરફ ધ્યાન આપો

જ્યારે કોઈ એક પ્રતીકુળતાને કારણે આપણે સુક્ષ્મ; છતાં નોંધનીય વ્યથા કે ઉશ્કેરાટ અનુભવવાનું શરુ કરીએ ત્યારે મોટે ભાગે એ તરફ આપણું ધ્યાન જતું નથી. આપણને અગવડભરી લાગણી કે પીડા કેમ થઈ રહી છે તે સમજવાને બદલે આપણે બધું ધ્યાન જે નથી મળ્યું તે મેળવવા તરફ કેન્દ્રીત કરીએ છીએ. સમયસર ભોજન નથી મળ્યું કે હૉટેલની રુમમાં એ.સી. નથી ચાલતું એ બાહ્ય સંજોગો, ગુસ્સો, વીષાદ કે ઉશ્કેરાટ માટે જવાબદાર નથી. આપણા મનમાં જે ખટકો રહેલો છે તે કોઈ ને કોઈ પુર્વાનુભવને કારણે તે આપણને તોફાની બનવા પ્રેરે છે. ભોજન મળવામાં થયેલો વીલમ્બ કે એ.સી.નું ન ચાલવું એ તો એક નીમીત્ત છે, જે આપણને ધીરજ ગુમાવવા તરફ દોરી જાય છે. બાળકોને આંતરમનમાં જે લાગણીઓ ઉદ્ભવે છે, જે દુ:ખદર્દ કે ઉશ્કેરાટ થાય છે તેને સમજવા તરફ વાળો. અસ્વસ્થ બનવા માટેનાં મુળ કારણ સુધી પહોંચીએ તો ધીરજનો ગુણ વીકસાવવામાં સફળતા મળશે.

4. આત્મસંભાષણ (સેલ્ફ ટૉક) તરફ વળો

જ્યારે પ્રતીકુળ બાહ્ય સંજોગોને કારણે ધીરજ ખુટી જાય અને ગુસ્સો, દર્દ, અકળામણ ઉદ્‌ભવે ત્યારે પોતાની સાથે વાતો કરવાનો ઉપાય અજમાવી શકાય. બાળકોને પણ આ કલા શીખવવાની જરુર છે. પોતાના પતી, જન્મદીનના અભીનન્દન આપવાનું જ ભુલી ગયા એ મુદ્દે પત્ની ખુબ નારાજ હતી અને પતી ઑફીસે જવા નીકળી ગયો; એટલે તેની ધીરજ ખુટી ગઈ. પતીને ફોન કરીને ખરું–ખોટું સંભળાવવાની ઈચ્છા તેણે દબાવી દીધી અને જાત સાથે વાત (સેલ્ફ ટૉક) શરુ કરી દીધી : 'આમ તો એમને મારા પ્રત્યે લાગણી છે, અઢળક પ્રેમ છે. મારો જન્મદીન કેમ ભુલી ગયા તેનું આશ્ચર્ય છે ! ઠીક છે, જે થયું તે થયું. તેઓ સાંજે ઘરે આવે પછી ચર્ચા કરીશ.' પત્નીએ સાંજ સુધી રાહ જોવાની જરુર ન પડી. પતી એકાદ કલાક પછી ભવ્ય બુકે અને પત્નીને ભાવતો ગરમ ગરમ નાસ્તો લઈને ઘરે આવી ગયો. પત્નીને જન્મદીનની શુભેચ્છા પાઠવીને બોલ્યો, 'આજે હું ઑફીસે નથી જવાનો... આખો દીવસ તારી સાથે રહીને મજા કરવી છે !' આત્મસંભાષણ–જાતવાતમાં પસાર થતો સમય ગુસ્સાની અને વેદનાની લાગણીઓ મંદ પાડી દેશે તથા ધૈર્ય જાળવીને સાચી વાત બહાર આવે તે માટે રાહ જોવાની તક આપશે.

ખરેખર, ધીરજનો ગુણ આપણને ઘણી બધી આપત્તીઓથી બચાવી લે છે. આ પ્રકારના સદ્‌ગુણો બાળકોમાં વીકાસ પામે તે માટે શાળાઓ કેટલું ધ્યાન આપશે; ખબર નથી. પરંતુ બાળકના માતાપીતાએ આ પ્રકારની ફરજો અવશ્ય બજાવવી જોઈએ.



મેઘધનુષ

દુનીયા ફરી સીફતથી મને છેતરી ગઈ,
આ વેળા મારી ખોટી પ્રશંસા કરી ગઈ.

ધનવાનને જાત મફતમાં ધરી દીધી,
કેવી સરસ મજાક, ગરીબી કરી ગઈ !

ઓસરતી લાગણી વીશે ફરીયાદ કંઈ નથી,
એક પુરની સપાટી હતી, ઓસરી ગઈ.

ફુલોએ કીધાં માફ પતંગીયાંઓના ગુનાહ;
પણ ચોકી કરતા કંટકોની નોકરી ગઈ !

...મુકુલ ચોકસી...



અનુક્રમણીકા

ઐયાશીનો ખર્ચ માતા–પીતા શા માટે આપે ?

'ટીન એજ' છોકરીઓ માટેના શીબીરમાં કમ્યુનીટી સેન્ટરમાં તાલીમ પામેલી એક છોકરીની આ વાત છે. છોકરી બારમાં ધોરણમાં અભ્યાસ કરે છે. (હમણાં જ પરીક્ષાઓ પુરી થઈ, હવે પરીણામની રાહ જોવાઈ રહી છે.) ડીસેમ્બર મહીનાની વહેલી સવારે ટ્યુશને જતી વખતે એક છોકરાને 'બાઈક' પર રાઉન્ડ મારતો એણે જોયો. છોકરો દેખાવડો હતો, પાંચ ફુટ સાત ઈંચની ઉંચાઈ, ગોરો વાન, એંસી હજારનું બાઈક, ઈમ્પોર્ટેડ ગોગલ્સ અને દસેક હજાર રુપીયાના જીન્સનાં પેન્ટ–શર્ટ ! પન્દર દીવસ સુધી છોકરાની ફીલ્ડીંગ ચાલુ રહી એટલે અમે તાલીમ આપેલી તે અનુસાર છોકરીએ પેલા છોકરાને ઈશારો કરીને પોતાની નજીક બોલાવ્યો. છોકરો ખુશ થઈ ગયો. એને લાગ્યું કે આપણી તપશ્ચર્યા ફળી ! છોકરીએ પ્રેમથી પુછયું; 'તારું બાઈક બહુ જ સુન્દર છે, કેટલામા ખરીદ્યું ? છોકરાએ ઉત્સાહથી જવાબ વાળ્યો; એંસી હજારનું, હજુ પન્દર જ દીવસ થયા છે. બીજો પ્રશ્ન; અને આ મોબાઈલ ફોન ? છોકરાએ દ્વીગુણીત ઉત્સાહ સાથે કહ્યું; પીસ્તાળીસ હજારનો... આપણા ધારાસભ્યો ધારાસભામાં બેસીને ફોટા જોતા હતાને, બીલકુલ એ જ કમ્પનીનો મોબાઈલ છે. છોકરા પાસે જેટલી ચીજવસ્તુઓ હતી તેનો હીસાબ માંડીને સ્માર્ટ છોકરીએ કહ્યું; 'બધું મળીને દોઢ–બે લાખ રુપીયાનો માલ હશે, નહીં ?' છોકરાએ આનન્દથી ઉછળીને કહ્યું; 'બે લાખ તો ઓછામાં ઓછા.' છોકરીએ છેલ્લો પ્રશ્ન ઉછાળ્યો; 'ભઈલા, તારો પગાર કેટલો છે ? તું ક્યાં જૉબ કરે છે ? આટલી મોંઘીદાટ ચીજવસ્તુઓ તું ખરીદી શક્યો એ ખુબ સારું કહેવાય.' હવે છોકરાના ચહેરા પર મુંઝવણના ભાવો ડોકાયા. તે બોલ્યો; 'નોકરી ? અરે, હજુ તો હું બારમા ધોરણમાં ભણું છું. આ બધું તો મને મારા પીતાજીએ અપાવ્યું છે.' છોકરી પહેલાં તો ખડખડાટ હસી પડી અને પછી ગુસ્સામાં રાડો નાંખીને બોલી; 'બબુચક, તું એક રુપીયો પણ કમાતો નથી અને પીતાજીનાં પૈસે મને પટાવવા નીકળ્યો છે ? મેં તપાસ કરાવી છે, તારા દસમા ધોરણમાં છેતાળીસ ટકા માર્કસ હતા. બારમા ધોરણની પરીક્ષામાં તું પાસ થશે કે કેમ એ જ મોટો સવાલ છે. તારી પોતાની કમાઈમાંથી આ બધું ખરીદીને પછી મને ઈમ્પ્રેસ કરવા આવજે.'

પીતા પુત્રની ફી ચુકવે, ટયુશન–કલાસ એટેન્ડ કરવા દીકરાને પૈસા આપે, ચા–નાસ્તા માટે થોડોક ખીસાખર્ચ આપે ત્યાં સુધી બધું બરાબર છે, પરંતુ ‘વૅલેન્ટાઈન ડે’નો ઉત્સવ ઉજવવાના ભાગરુપે ઉદ્યોગપતીનો અઢાર વર્ષનો પુત્ર પોતાની એક ડઝન ગર્લ–ફ્રેન્ડ્ઝ માટે પાંચસો–પાંચસો રુપીયાના ‘હૅપી વૅલેન્ટાઈન–ડે’નાં કાર્ડ્ઝ વેચાતા લેવા છ હજાર રુપીયા પીતાજી પાસેથી પડાવે, પ્રેમીકાઓને વારાફરતી હૉટેલમાં લઈ જઈને ભોજન કરાવવાના બીજા છ હજાર મમ્મી પાસેથી પડાવી લે એ કેટલું યોગ્ય ?

દસમાં ધોરણમાં ભણતી છોકરી કૉન્ટ્રાસેપ્ટીવ પીલ્સ ગર્ભ નીરોધક ગોળી ખરીદવા માટેના પૈસા ગરીબ બાપ પાસેથી પડાવે એ તો બેઈમાની છે. દીકરાએ પ્રેમીકાને પટાવવા માટેના પૈસા વહેલી સવારે લોકોનાં ઘરે અખબાર નાંખવા જઈને સ્વયં કમાવા જોઈએ. પંદર વર્ષની કન્યા દીવસમાં ત્રણ મીનીટ મોબાઈલ ફોન પર પોતાની જ ઉંમરના લમ્પટ છોકરાને ‘આઈ લવ યુ’ કહેતી હોય તો ફોનને રી–ચાર્જ કરાવવા દર મહીને બે હજાર રુપીયા કન્યાનો પીતા શું કામ આપે ? પીતાના પૈસે પ્રેમીને કે પ્રેમીકાને રીઝવવામાં કોઈ પરાક્રમ નથી. પોતે પૈસા કમાઈએ અને પછી સોળ સત્તર વર્ષની ઉમ્મરે પ્રેમ કરવા નીકળીએ એમાં જ ખરું પરાક્રમ છે. જો સગીર વયનાં દીકરા–દીકરી કંઈ કમાતાં નહીં હોય અને સ્કુલ કૉલેજમાં ચાળીસ ટકે પાસ થતાં હોય તો એમને ઐયાશી કરવા માટેનો ખર્ચ માતા–પીતા શા માટે આપે ?

કમ્યુનીટી સેન્ટરમાં કાઉન્સેલીંગ માટે આવતાં ટીન–એજ સન્તાનો અંગે માતા–પીતાની મુખ્ય ફરીયાદ હોય છે; ‘તેઓ અમારું સામ્ભળતા જ નથી, બેફામ પૈસા ઉડાવે છે, રોજ હૉટેલમાં જમીને મોડી રાતે ઘરે આવે છે, આખો દીવસ મોબાઈલ ફોન પર ‘ગુટર–ગુ’ કરતા રહે છે, વીદ્યાકીય સીદ્ધીમાં પાછળ પડતાં જાય છે.’ આપણો પ્રશ્ન એ છે કે સગીર વયનાં સન્તાનો આ બધું કરવા માટેના પૈસા ક્યાંથી મેળવે છે ? તેઓ ચોરી–લુંટફાટ તો કરતાં નથી. પોતાનાં સન્તાનોને ગુમરાહ થવા માટેનાં લખલુટ નાણાં ખુદ માતા–પીતા આપે છે. સન્તાનો મહીને પાંચ–દસ હજાર રુપીયાનો ખીસાખર્ચ માતા–પીતા પાસેથી બંદુકની અણીએ પડાવે છે ? ના જી, વડીલો રાજીખુશીથી સન્તાનોને સર્વનાશના માર્ગે આગળ વધવા

આર્થીક સહાય આપે છે ! બધી વાતો છેવટે સંસ્કાર પર આવીને અટકે છે. સગીર વયનાં સન્તાનો શીક્ષક વીષયક તથા અનીવાર્ય જીવન જરુરીયાત પુરતું માતા–પીતા પાસે પૈસા મેળવે તે સામે કોઈને પણ વાંધો ન હોઈ શકે. મોજમજા કરવા, મીત્રો સાથે પાર્ટીઓ અને મહેફીલો યોજવા, લેટેસ્ટ મૉડેલનો મોબાઈલ ફોન ખરીદવા કે સવાસો કીલોમીટરની ઝડપે હવામાં ઉડી શકાય એવું બાઈક ખરીદવા માટે પીતાજી શા માટે પૈસા આપે ? સન્તાનો એક વાર માતા–પીતા પાસે મોજમજા માણવા માટેના પૈસા મેળવી લે પછી તેઓ પાછું ફરીને જોતાં નથી, દર મહીને કોઈને કોઈ બહાને વડીલો પાસેથી મોટી રકમ આંચકી લેવાનું એમને કોઠે પડી જાય છે.

આ તકે સુશીલ નામના સોળ વર્ષના એક તરુણનો કીસ્સો મને સ્મરણે ચડે છે. એના પીતાજી શહેરમાં પ્રથમ હરોળના ઉદ્યોગપતી છે. સુશીલ ડૉકટર બનવાના લક્ષ્ય સાથે ધોરણ અગીયાર (સાયન્સ)માં અભ્યાસ કરે છે. એણે ટયુશને અને સ્કુલે જવા માટે સાઈકલ વસાવી છે. ઉદ્યોગપતીનો એક માત્ર પુત્ર હોવા છતાં એની પાસે મોબાઈલ ફોન નથી. એની સાથે દોસ્તી કરવા ઈચ્છતી છોકરીઓને એ રીસ્પોન્સ આપતો નથી. ઘરેથી લંચબૉક્સ લઈને શાળામાં આવે છે. અત્યાર સુધી તમામ પરીક્ષાઓમાં એ ફર્સ્ટ રહ્યો છે. એના ખીસામાંથી તમને વધુમાં વધુ દસ પન્દર રુપીયા મળી શકે. અમારા એક પ્રોજેકટ અંતર્ગત સુશીલને મળવાનું થયું ત્યારે એણે કહ્યું; મારો પૉકેટ–એક્સપેન્સ મહીને બસો રુપીયા છે. મારી પાસે મોબાઈલ ફોન નથી અને ગર્લ–ફ્રેન્ડ પણ નથી, કારણ કે મને એની જરુરીયાત જણાતી નથી. મારે બે તેજસ્વી છોકરાઓ સાથે દોસ્તી છે, ગાઢ દોસ્તી છે પરન્તુ અમે કદી હૉટલમાં જતા નથી. થીયેટરમાં ફીલ્મ જોવા જવાનું આખા વર્ષમાં ત્રણ ચાર વખત બને છે. મને પુસ્તકો ખરીદવાનો અને વાંચવાનો ગાંડો શોખ છે. ખરાબ મીત્રો મારી આજુબાજુ ન ફરકે તેની હું ખાસ કાળજી રાખું છું.' અમે એને છેલ્લો પ્રશ્ન એવો પુછયો હતો કે; 'આટલા સુન્દર વીચારો અને આવી સાત્ત્વીક જીવનશૈલી સુધી તું પહોંચ્યો કઈ રીતે ?' સુશીલનો ઉત્તર; 'મારાં માતા–પીતા સાથે રોજ રાત્રે બે કલાકનો સત્સંગ અને ઉત્તમ પુસ્તકોનું વાંચન મને દુષ્ટ વીચારોથી અને દુષ્ટ તત્ત્વોથી બચાવે છે.' નવી પેઢીના મીત્રોએ સુશીલને 'રોલ–મોડેલ' બનાવી એને અનુસરવાનું ગોઠવવું જોઈએ.



મેઘધનુષ

તાળીઓના ટોળાંઓથી ઘેરાયેલાને
તો ઈશ્વર જેવો ઈશ્વર પણ ઉગારી ન શકે.

…સુરેશ દલાલ…



અનુક્રમણીકા

આપનાં સન્તાનોને આ બધું કોણ શીખવશે ?

જીન્દગી જીવવા માટે અનીવાર્ય અને ઉપયોગી એવા એંસી ટકા કૌશલ્યો ભારતની કોઈ શાળા, કૉલેજ કે યુનીવર્સીટીમાં શીખવવામાં આવતાં નથી. પોતાનાં સન્તાન માટે ખુબ મોટી રકમની પ્રવેશ–લાંચ પડાવતી કહેવાતી શ્રેષ્ઠ શાળામાં ઍડમીશન મેળવી લેવાથી કે બોર્ડની પરીક્ષામાં પંચાણું ટકા માર્ક્સ અપાવવાની ગેરંટી બક્ષતા ટ્યુશન–શીક્ષકો રોકવાથી, અમારી જવાબદારી પુરી થઈ જાય છે; એવું સમજતાં નાદાન માતા–પીતા બેવકુફ છે અને જાણ્યે–અજાણ્યે પોતાનાં સન્તાનોને નીષ્ફળ, દયાજનક જીન્દગી જીવવા તરફ ધકેલે છે.

કમનસીબે, આપણી મોટાભાગની શૈક્ષણીક સંસ્થાઓ થર્ડક્લાસ છે અને વીદ્યાર્થીઓને વર્ષાન્તે લેવાનારી પરીક્ષામાં ખુબ ઉંચા માર્ક્સ સાથે કઈ રીતે પાસ થવું એટલું જ શીખવે છે; જીન્દગી કઈ રીતે જીવવી તેની તાલીમ અને સમજ આપવાની ફુરસદ એ ‘શ્રેષ્ઠ’ શૈક્ષણીક સંસ્થાઓ પાસે હોતી નથી.

થોડાક મહીના પર બત્રીસ વર્ષના એમ.ડી.ની પદવી અને ધીકતી પ્રૅક્ટીસ ધરાવતા ડૉક્ટરે આત્મહત્યા કરી. સાઈકોલૉજીના વીષય સાથે એમ. એ. (ગોલ્ડ મેડલીસ્ટ) થયેલી યુવતીને કાયમ લડાઈ કરતી રહેવાના આરોપ સાથે પતીએ ડીવૉર્સ આપી દીધા. સ્ટુડન્ટ વીઝા પર અમેરીકા ઉચ્ચ શીક્ષણ મેળવવા ગયેલો તેજસ્વી યુવાન ત્યાં જમવાનું માફક નહીં આવ્યું, એવા તુચ્છ કારણ સાથે ઈન્ડીયા પાછો આવી ગયો અને અત્યારે ડીપ્રેશનની સારવાર હેઠળ છે. જીન્દગી, કૉલેજ અને યુનીવર્સીટીમાં હમ્મેશાં ફર્સ્ટ કલાસ ફર્સ્ટ આવેલા કીતાબના કીડાઓની પણ શરમ રાખતી નથી અને એમને નીષ્ફળતાની ખીણમાં ક્રુરતાપુર્વક ધકેલી દે છે.

આ બધી દુર્ઘટનાઓ માટે કોણ જવાબદાર છે ? આપણી શૈક્ષણીક સંસ્થાઓ કે બાળકોને જટીલ જીન્દગી કઈ રીતે જીવવી તેની વ્યવહારુ તાલીમ આપવામાંથી ગાળીયું કાઢી જતાં નીષ્ઠુર માતા–પીતા ?

'જીન્દગી જીવવા માટે જરુરી એવાં ઘણાં કૌશલ્યો શૈક્ષણીક સંસ્થાઓમાં શીખવા મળતાં નથી' એ વીધાનના સમર્થનમાં એક મહાનીબંધ લખી શકાય એટલી માહીતી આ લખનાર પાસે છે, જેમાંની થોડીક ચર્ચા હેઠળ લઈએ. એક ભોજન સમારમ્ભમાં પોતાનો વારો આવે તેની રાહ જોઈને સૌ ડીશ પકડીને લાઈનમાં ઉભા હતા. એટલામાં અઢારેક વર્ષનો યુવાન ઝંઝાવાતી તોફાનની જેમ ધસી આવ્યો અને લાઈન તોડીને છેક આગળ ઉભો રહી ગયો. પાછળ ઉભેલા મીત્રોએ થોડી હો..હા કરી; પરન્તુ તેણે કોઈને ગણકાર્યા નહીં. એનો ટર્ન આવ્યો ત્યારે 'ડીશમાં ચાર ગુલાબજાંબુ મુકો' એવી બુલન્દ માંગણી સાથે તેણે તોફાન કર્યું. કાઉન્ટર પર ઉભેલા સજ્જને વીનન્તી કરી કે 'જેટલાં જોઈએ એટલાં મળશે; પરન્તુ આટલું પતાવીને ફરીથી આવો. ભોજનનો બગાડ થાય તેવું અમે ઈચ્છતા નથી.' ખુબ રકઝક કર્યા પછી એ ત્યાંથી ખસ્યો અને સૌનું ધ્યાન દોરતો ગયો. એ જ્યારે પાછો ફરતો હતો ત્યારે એના કીમતી શર્ટ પર મારી નજર પડી જ્યાં લખ્યું હતું; 'બીઈંગ હ્યુમન.' એ છોકરો શહેરની શ્રેષ્ઠ શાળા કે કૉલેજમાં ભણતો હશે, સમાજશાસ્ત્રના વીષયમાં સોમાંથી અઠ્ઠાણું માર્ક્સ પણ લાવતો હશે; પરન્તુ સામાજીક સમારમ્ભોમાં કઈ રીતે વર્તવું તે શાસ્ત્ર એને કોઈએ શીખવ્યું નથી. મહાનગરના ભરપુર ટ્રાફીકની વચ્ચે રૉન્ગ સાઈડ પર એંસી કીલોમીટરની ઝડપે હૉન્ડા ચલાવતા અને વરીષ્ઠ નાગરીકોને યમદ્વારે પહોંચાડતા 'શુરવીરો'નો આપણને પરીચય છે. એમને નાગરીકતાના પાઠ કોણ ભણાવે છે ?

સમાજમાં સારા માણસ તરીકે વર્તવા માટેના માનવતાના પાઠ બાળકોને માતા–પીતાએ જ શીખવવા પડે. અપવાદરુપ શાળાઓ જીવન કઈ રીતે જીવવું તે અંગેની તાલીમ પોતાના વીદ્યાર્થીઓને આપે છે, એવી શાળાઓ ધન્ય છે.

પ્રત્યેક કામમાં નીયમીતતા જાળવવી, ટ્રેનમાં કે બસમાં મુસાફરી કરતી વખતે ઉંચા અવાજે વાતો ન કરવી, ખરાબ અને વ્યસની મીત્રોથી બચવું, અપશબ્દો ન બોલવા, થાળીમાં ભોજન છાંડવું નહીં, વડીલોને આદર આપવો, અજાણ્યા માણસો સાથે સાવધાનીથી વર્તવું વગેરે કૌશલ્ય જીવનમાં સફળ થવા માટે નીતાન્ત આવશ્યક છે.

આધુનીક મા–બાપ બાળકોને ચેસ રમાડશે, સ્વીમીંગ, ટ્રેકીંગ, ડાન્સીંગને માટે ધકેલશે. પન્દર વર્ષની દીકરીને મોબાઈલ ફોન અને દ્વીચક્રી વાહન અપાવી દઈ બૉયફ્રેન્ડ્ઝનાં ટોળાં વચ્ચે મોડી રાત સુધી રખડવા, ભટકવાની છુટ આપશે; પરન્તુ પોતાનાં જ બાળકોને જીન્દગી જીવવા માટેનું શીક્ષણ નહીં આપે, બલાઓથી બચવા માટેના સંસ્કાર નહીં આપે. આપણી ટીન–એજ દીકરીઓ બદમાશ છોકરાઓની ટ્રૅપમાં ફસાઈને બ્લેકમેઈલ થઈ રહી છે, આત્મહત્યા તરફ વળી રહી છે. આપણા સુપુત્રો ડ્રગ્સના રવાડે ચઢવા માંડ્યા છે, જુગાર રમે છે, દારુ પીએ છે, બજારુ સ્ત્રીઓને ફેરવે છે અને માબાપને ઠંડા કલેજે ઉઠાં ભણાવે છે.

કોઈ શૈક્ષણીક સંસ્થા આપણા વહાલાં સન્તાનોને આધુનીક યુગના આ અભીશાપોથી રક્ષણ આપતી નથી. એમને માત્ર આપણા પૈસા લુંટવામાં રસ છે. બાળકોને બચાવવા માટે આ સંસ્કાર આપવાની સાથે એમને શી નીસબત? આટલું ઓછું હોય તેમ આપણે પાછા ઈન્ટરનૅશનલ સ્કુલ્સના રવાડે ચડ્યા ! જેમને ગુજરાતી સરખું લખતા–વાંચતા નથી આવડતું, એમનાં સન્તાનો અંગ્રેજી માધ્યમની શાળાઓમાં પોતાનું બાળપણ વેડફી રહ્યાં છે.

ધનીક માણસો અને ઉંચા પદો શોભાવતા મહાનુભાવો રુપીયા કમાવા માટે અને તકલાદી પ્રતીષ્ઠા પામવા માટે એટલું તો દોડે છે કે પોતાની પત્નીને અને બાળકોને આપવા માટે એમની પાસે એક મીનીટ પણ બચતી નથી. બાર સાયન્સની પરીક્ષામાં નાપાસ થયેલા એક તરુણે પુર્ણ આક્રોશ સાથે પોતાના શીક્ષણશાસ્ત્રી ગણાતા પીતાને આ લખનારની હાજરીમાં પુછ્યું હતું; ‘પપ્પા, તમે આખી દુનીયાને સુધારવા માટે ખુબ દોડ્યા, રખડ્યા–ભટક્યા, ઉંધાચત્તા ખેલ પાડ્યા; પરન્તુ મારે માટે શું કર્યુ? મને કેટલો સમય આપ્યો? જીન્દગીની શતરંજનો આ ખેલ હું હારી ન બેસું તે માટે મને કેટલી તાલીમ આપી, કેટલી હુંફ આપી, કેટલું માર્ગદર્શન આપ્યું?’

સુજ્ઞ વાચકો, આવતીકાલે આ જ પ્રશ્ન આપણા તરફ ન ફંગોળાય એટલી કાળજી લઈએ તોયે બસ!



મેઘધનુષ

લેખન ખુબ ખતરનાક વ્યવસાય છે. શહાદતની તૈયારી હોય તો જ લેખક અને કલાકાર બનવું જોઈએ. હું લોકોની ભાષામાં જ લોકોની વાત કરું છું; માટે જ લોકો મને આટલો બધો વાંચે છે.... અને એક સાંજે હું ચાલ્યો જઈશ ધુમાડો પહેરીને.... ફક્ત બાલ્કનીના તડકામાં મારો સલ્ફ્યુરીક મીજાજ તરતો હશે.

–ચન્દ્રકાન્ત બક્ષી



અનુક્રમણીકા

E

(પુસ્તીકાનું અન્તીમ પૃષ્ઠ)

સુર્ય રોજ આપણને
જીવન નામની ટપાલ પહોંચાડે છે.
પર્વતો અસંખ્ય નદીઓ દ્વારા
માતૃત્વ પહોંચાડે છે અને
પુષ્પો સુગન્ધ પહોંચાડે છે.
પાંદડે પાંદડે
પરમેશ્વરના હસ્તાક્ષરમાં લખાયેલી
ટપાલ માણસને પહોંચતી જ રહે છે.
ભગવાનની ટપાલ વાંચવાની ફુરસદ
આપણી પાસે છે ખરી ?

–ગુણવંત શાહ

(સૌજન્ય : ભગવાનની ટપાલ)



